कर भला होगा भला
- છગનભા



વર્ષ : 4 ◆ અંક : 6
નવેમ્બર-ડિસેમ્બર 2014
સળંગ અંક : 24

માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

## કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

મધુરતામાં વાસના ટકતી નથી. મધુરતા વિવેકનું સ્વરૂપ ધારણ કરે છે. નિષેધાત્મક વૈરાગ્ય વિધેયાત્મક બની મૈત્રીનું સ્વરૂપ ધારણ કરે છે. આસક્તિના કચરાને વૈરાગ્યનો પ્રચંડ અગ્નિ બાળે છે, પણ ત્યારે અનાસક્તિ કરુણાના રંગે રંગાય છે. નિષેધાત્મક કરુણા એ જ નિર્વૈર બુદ્ધિ છે. વિધેયાત્મક કરુણા એ જ પ્રેમ છે, મૈત્રી છે, સ્નેહ છે. એમાં જ વાત્સલ્યની સૌરભ પણ પ્રગટે છે. ને સમર્પણનો ચિરાગ પ્રજ્વલ્લિત થાય છે. ત્યાગની સરિતા એમાંથી જ વહે છે ને હિંસાના દાવાનળને ઓલવનારી અહિંસાની અમૃત વર્ષા પણ એ જ કરે છે. બીજાને દુઃખ આપવા માટે હૃદય ઇન્કાર કરે છે. બીજાનું દુઃખ જોતાં હૃદય દ્રવી ઊઠે છે. બીજાને સુખ આપવા હૃદય તત્પર બને છે. અને પોતાના સુખને પણ તિલાંજલિ આપે છે.

⁕

આપણામાં ડખલગીરી કોણ કરે છે ? એ છે આપણી ભેદબુદ્ધિ, જે આપણી શક્તિના આભાસમાંથી પ્રગટ થાય છે એ દૂર કરવાની છે. એ સર્વ શક્તિમાન જેણે આપણી સમગ્ર જવાબદારી લીધી છે, જે આપણો નિયંતા છે ને જીવનનો ઘડવૈયો છે, જેણે પોતાની દિવ્ય કરુણાથી આપણને પ્રેમાસ્પદ બનાવ્યા છે, એના સન્મુખ બની એના તાલમાં આપણે તાલ મેળવવાનો છે. પણ આ કેવી રીતે કરવું ? એની એક જ રીત છે અને તે એ જ કે ''અનન્ય પ્રેમથી તેનું સ્મરણ''. સતત સ્મરણ અંદરમાં આધ્યાત્મિક આંદોલન પ્રગટ કરે છે, ત્યારે શુદ્ધિનું કાર્ય ચાલુ થાય છે. આંતરસૃષ્ટિનું નિયંત્રણ આ આધ્યાત્મિક આંદોલન, જ્ઞાનધારા પ્રગટાવી સતત શુદ્ધિ દ્વારા કરે છે.

**મુનિશ્રી ભાનુવિજયજી**





ઇડરના ખડકોનો સૌંદર્યલોક

ફોટો : અશ્વિન મહેતા

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

**કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર**

વર્ષ : ૪, અંક : ૬, નવેમ્બર-ડિસેમ્બર, ૨૦૧૪; સળંગ અંક : ૨૪

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ


- **સંપાદકીય** : પાઠ્યપુસ્તક મંડળનો સ્તુત્ય અભિગમ — મણિભાઈ પ્રજાપતિ ૧

૧. એક બીજી ગંગોત્રી — ભોળાભાઈ પટેલ ૬

૨. વિશ્વશાંતિની ગુરુકિલ્લી — મનુભાઈ પંચોળી ૧૨

૩. બાળકોને વાર્તા કેવી રીતે કહીશું ? — મૂળશંકર મો. ભટ્ટ ૧૫

૪. સવા શતાબ્દી પર્વે રસિક શિરોમણિ મુનશીની સારસ્વત વંદના — ડૉ. કેશુભાઈ દેસાઈ ૧૯

૫. વિવિધ શિક્ષણપંચોની દૃષ્ટિએ મૂલ્યશિક્ષણ — ડૉ. મોતીભાઈ મ. પટેલ ૨૩

૬. સર આઇઝેક ન્યુટન (Sir Isaac Newton) — વિઠ્ઠલભાઈ અં. પટેલ ૨૮

૭. ગ્રંથસૌરભ — મણિભાઈ પ્રજાપતિ ૩૭
 - પરદેશે પાંગરતી ગુજરાતી પ્રતિભાઓ
 - શિવસૂત્ર

૮. સંસ્થા સમાચાર ૪૧
 - યુનિવર્સિટી / કૉલેજ વિભાગ
 - શાળા વિભાગ


**પત્રવ્યવહારનું સરનામું :**

**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ,

**કડી સર્વ વિશ્વવિદ્યાલય,**

એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કેમ્પસ,

સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૫

e-mail : manibhaiprajapati@gmail.com

ફોન : ૦૭૯-૨૩૨૪૪૬૯૦, મો. ૯૬૦૧૨૭૩૮૩૬

## સંપાદકીય

### પાઠ્યપુસ્તક મંડળનો સ્તુત્ય અભિગમ

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પૂરક વાચન તરીકે આપણાં બાળકો પ્રાચીનથી પ્રવર્તમાનકાલીન ભારતીય ઇતિહાસ, સંસ્કૃતિ-ધર્મ, અધ્યાત્મ, સાહિત્ય, કલા, ગણિત, વિજ્ઞાન, વૈદકવિદ્યા ઇત્યાદિ-થી ભલીભાંતિ સુપરિચિત થઈ સમર્થ્યશીલ અને જ્ઞાનવાન બને અને આ સાથે રાજ્યના શિક્ષણનું સ્તર ઉત્તમગુણવત્તા સભર બની રહે તે હેતુસર પાઠ્યપુસ્તક મંડળે સ્વયં 'તેજોમય ભારત' (પ્ર.આ. ૨૦૦૮, બીજી આ. ૨૦૧૪) અને 'વૈદિક ગણિત' (૨૦૧૪) જેવાં ભારતીય પ્રજ્ઞાના જ્ઞાનકોશ સમાન પુસ્તકો ખાસ તૈયાર કરાવ્યા ઉપરાંત જાણીતા – શિક્ષાઋષિ દીનાનાથ બત્રાના વિદ્યાલયની વિભાવના, વિદ્યાર્થી-શિક્ષક – આચાર્યની ત્રિમૂર્તિનાં ધ્યેયો અને કાર્યો દર્શાવતાં ભારતીય શિક્ષણદર્શનનો અર્ક તથા શિક્ષણના ભારતીયકરણની વિભાવના પ્રસ્તુત કરતાં મૂળમાં હિંદીમાં લખાયેલાં પુસ્તકો - 'પ્રેરણાદીપ - ૪ ભાગ', 'વિદ્યાલય : પ્રવૃત્તિઓનું ઘર', 'શિક્ષણમાં ત્રિવેણી' અને 'શિક્ષણનું ભારતીયકરણ'ના ગુજરાતી અનુવાદો કરાવીને રાજ્યની સરકારી શાળાઓમાં વિનામૂલ્યે વિતરીત કર્યાં. આ પુસ્તકોમાં બાળકોના સ્તરને ધ્યાનમાં રાખીને રજૂ કરવામાં આવેલ વિષયવસ્તુ અને રસજ્ઞ અભિવ્યક્તિ-કળા વિશેષ ધ્યાનપાત્ર બની રહે છે. વિષયવસ્તુને ધ્યાને લેતાં આ બધાં પુસ્તકો શાળાનાં બાળકો ઉપરાંત કૉલેજના વિદ્યાર્થીઓ કે ભારતીય જ્ઞાનવારસાથી સુપરિચિત બની રહેવાની જિજ્ઞાસા ધરાવનારા સૌ કોઈ માટે ઉપયોગી બની રહેશે.

'તેજોમય ભારત'માં વૈદિકકાળથી અર્વાચીનકાળ સુધીના ભારતનાં વિવિધ પાસાંઓ, જેમ કે ઇતિહાસ, અધ્યાત્મ, ભારતીય જીવદર્શન, નૈતિકતા, વૈજ્ઞાનિક ઉપલબ્ધિઓ અને વિદ્યાઓ, શિક્ષણપ્રણાલી, ૬૪ કલાઓ, વૈદિક વાઙ્મય, સંસ્કૃત, હિંદી-ગુજરાતી સાહિત્યના ધ્રુવતારક સમાન સર્જકો, સમરસ ભારતની છબિ ઇત્યાદિ વિગતો કુલ ૧૦ પ્રકરણોમાં રજૂ કરવામાં આવી છે. 'પુણ્યભૂમિ ભારત'માં પુરાણો અને અન્ય ઐતિહાસિક-સાંસ્કૃતિક સ્રોતોના આધારે પ્રાચીન સમયમાં અસ્તિત્વ ધરાવતા અખંડભારત કે જેમાં તિબેટ, નેપાળ, ભૂતાન, બ્રહ્મદેશ, બાંગ્લાદેશ, થાઈલેન્ડ, કંબોડિયા, જાવા-સુમાત્રા, ઇન્ડોનેશિયા, મોરેશિયસ, શ્રીલંકા, પાકિસ્તાન, અફઘાનિસ્તાન વગેરેનો સમાવેશ થતો હતો તેની ઝલક આ બધા પ્રદેશોમાં હાલમાં અસ્તિત્વ ધરાવતાં સ્મારકોનાં ચિત્રો સહિત ઉદા. તરીકે અંગકોરવાડ (કંબોડિયા)માં સ્થિત શિલ્પ-સ્થાપત્યથી ખચિત હિંદુ મંદિર વગેરે, તથા ભારતની પ્રમુખ નદીઓ, પર્વતો, નગરો, સરોવરો, દ્વાદશ જ્યોતિર્લિંગો, શક્તિપીઠો, સંતો, તહેવારોના પરિચય સાથે રજૂ કરવામાં આવી છે. સાથે સાથે હાલના વિભક્ત ભારતના સ્થાને 'અખંડભારત'ની સંકલ્પના રજૂ કરવામાં આવી છે. 'આધ્યાત્મિક ભારત'માં જ્ઞાન-કર્મ-યોગ અને ભક્તિમાર્ગની સંકલ્પના, વેદો અને ઉપનિષદોમાં અભિવ્યક્ત એકાત્મતા તથા યજ્ઞભાવનાના મૂળમાં રહેલ ત્યાગનું મહત્ત્વ તેમજ જીવનનું લક્ષ્ય, પસંદગીના મંત્રો ટાંકીને સમજાવવામાં આવ્યું છે.

'વિજ્ઞાનમય ભારત' પ્રકરણમાં પ્રાચીન ભારતે વિજ્ઞાન અને ટેકનોલૉજી ક્ષેત્રે મેળવેલ સિદ્ધિઓ, ઉદા. તરીકે અણુ-પરમાણુની શોધ અને કણાદ ઋષિની અણુ સંકલ્પના, હાલની કાર અને વેદકાળનો અનશ્વરથ, આધુનિક વિમાન અને પુષ્પક વિમાન, વૈહાયસ અને સોમ વિમાન વગેરે પ્રકારોનાં વિમાનો, ટેલિવિઝન અને સંજય દ્વારા મહાભારતના યુદ્ધનું જીવંત પ્રસારણ કરવાની ક્રિયા, 'મહાભારત'માં વર્ણિત કરવામાં આવેલ અને આ યુદ્ધમાં વપરાયેલ વિવિધ પ્રકારનાં અસ્ત્રો-શસ્ત્રો ઉદા. તરીકે પાશુપતાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર વગેરે, આયુર્વિદ્યા વિષયક ચરક, સુશ્રુત વાગભટ્ટના ગ્રંથો અને વિવિધ પ્રકારની ચિકિત્સા-શલ્યચિકિત્સા, ખગોળવિદ્યા વગેરે પૈકીની કેટલીક વિગતો શાળાએ જતા બાળકથી પ્રખર બૌદ્ધિક સ્તર સુધીનાં વાચકોને ગળે ન પણ ઊતરી શકે ! પરંતુ, આ ગ્રંથના લેખકોએ સેંકડો વર્ષો પૂર્વે લખાયેલા આપણા આર્ષગ્રંથો જેમકે વેદો, બ્રાહ્મણો, ઉપનિષદો, રામાયણ-મહાભારત વગેરેના આધારે નિરૂપિત કરવાની સાથે પ્રસંગોપાત્ત વૈદિક સૂક્તો ઇત્યાદિના આધારો પણ રજૂ કર્યા છે. આપણાં બાળકો – આપણી ભાવિ પેઢી આપણી વૈજ્ઞાનિક ઉપલબ્ધિઓથી – આપણા જ્ઞાનવારસાથી અવગત થાય તે હેતુથી બાળભોગ્ય શૈલીમાં રજૂ કરી છે. હકીકતનો સ્વીકાર કરવો રહ્યો કે આગળ ઉપર ઉલ્લેખિત અશસ્ત્ર-શસ્ત્રો, ટેલિવિઝન, વિમાન ઇત્યાદિના સ્વરૂપ કે રચનાપ્રક્રિયા સંબંધી આજે એક પણ ગ્રંથ કે સંસ્કૃત, પ્રાકૃત ઇત્યાદિ ભારતીય ભાષાઓની ૫૦ લાખથી અધિક હસ્તપ્રતો સંગૃહિત છે તેમાં પણ કોઈ હસ્તપ્રત સચવાયા સંબંધી કોઈ માહિતી આજે જ્ઞાત નથી. આપણી આ એક મોટી વિડમ્બના છે. આમ છતાં, આપણા આર્ષગ્રંથોમાં નોંધાયેલી વિગતોને ગપ્પાં તરીકે ખપાવવી કે હસી-મજાકનું માધ્યમ બનાવવું તે ઔચિત્યવિહીન છે. માનો કે રચનાવિધાનના આધારના અભાવે તેને કોરી કલ્પના તરીકે ગણીએ તોપણ તેના આર્ષદ્રષ્ટા ઋષિઓ-સર્જકોની હજારો વર્ષ પૂર્વેની બૌદ્ધિક પરિકલ્પના પ્રતિ અહોભાવની લાગણી અનાયાસે ઊભરી આવે છે. હકીકતમાં આપણા દેશમાં ઉપલબ્ધ વિજ્ઞાન અને ટેકનોલૉજી વિષયક હસ્તપ્રતોનો સઘન અભ્યાસ આસ્થા સાથે હાથ ધરવામાં આવે તો સંભવ છે કે સૂત્રાત્મક અને ગૂઢ ભાષાશૈલીમાં રચાયેલી આ હસ્તપ્રતોમાં ધરબાયેલ જ્ઞાનવારસાને ઉજાગર કરી શકીએ. પ્રાચીન અને મધ્યકાલીન ભારતે વિજ્ઞાન, ટેક્નોલૉજી અને દેશ-વિદેશના અન્ય ક્ષેત્રોએ સાધેલ અભૂતપૂર્વ ઉપલબ્ધિઓની જાણકારીમાટે શીર્ષસ્થ પ્રતિભાસંપન્ન વિદ્વાનોનાં અધીતથી રચાયેલ 'History of Science, Philosophy and Culture in Indian Civilization.' શીર્ષક હેઠળ ૩૦થી અધિક અંગ્રંમાં પ્રગટ થયેલ વિદ્વત્ત ગ્રંથમાળા જોઈ જવી જોઈએ. આ ગ્રંથો આપણા ભ્રમોનું નિરન કરવા માટે ઉપાદેય બની રહેશે.

'જ્ઞાનપુંજ' અંતર્ગત પ્રાચીન ભારતીય શિક્ષણપ્રણાલી, અભ્યાસક્રમ, મૂલ્યાંકન, વિદ્યાપીઠો-

તક્ષશિલા, નાલંદા, વિક્રમશિલા, કાશી વગેરે ૨૦મી સદીના આપણા પ્રખર શિક્ષણવિદો ડૉ. રાધાકૃષ્ણન, શ્રી અરવિંદ, રવીન્દ્રનાથ ટાગોર, નાનાભાઈ ભટ્ટ વગેરેનો પરિચય કરાવવામાં આવ્યો છે. 'સમર્થ ભારત'માં આપણા આદર્શો 'જીવો અને જીવવા દો', 'ગુલામ રહેવું નહિ અને કોઈને ગુલામ રાખવા નહિ' વગેરે તથા વસુધૈવકુટુમ્બકમ, નારી પ્રત્યેનો પવિત્ર દૃષ્ટિકોણ વગેરેની સંક્ષેપમાં સમજ આપીને સંરક્ષણ ક્ષેત્રે આપણા મહાન વૈજ્ઞાનિક 'મિસાઈલ મેન' ડૉ. અબ્દુલ કલામનું પ્રદાન, વૈશ્વિક સ્તરે ભારતીય કમ્પ્યૂટર તજ્જ્ઞોની ભારે માંગ, સામ પિત્રોડાનું ટેલિકોમ્યુનિકેશન ક્ષેત્રે પ્રદાન વગેરે દર્શાવ્યા બાદ આપણા ગૌરવના પ્રતીક સમાન રાજાઓ, પ્રખર રાષ્ટ્રભક્ત ક્રાંતિકારીઓ જેમકે તાત્યા ટોપે, અજીમુલ્લાખાન, સાવરકર, ચંદ્રશેખર આઝાદ, ખુદીરામ બોઝ, ભગતસિંહ વગેરે તથા ગૌરવશીલ વીરાંગનાઓ ઉદા. તરીકે રાણી દુર્ગાવતી, રાણી લક્ષ્મીબાઈ વગેરેના પ્રદાન અને તેમના જીવનની નોંધપાત્ર ઘટનાઓ રેખાંકિત કરી આપી છે. 'સાહિત્યિક ભારત'માં આપણા સમૃદ્ધ સાહિત્યવારસા પૈકી વૈદિક સાહિત્ય સંસ્કૃતનું પ્રશિષ્ટ સાહિત્ય ઉપરાંત હિંદી તથા ગુજરાતીના ખ્યાતનામ સર્જકોનો પરિચય તેમના ફોટોગ્રાફ સાથે કરાવ્યો છે. 'કલામય ભારત'માં શુક્રાચાર્યના નીતિસારમાં દર્શાવેલ કલાઓ પૈકી મુખ્ય ૬૪ કલાઓની યાદી આપીને નૃત્ય-નાટ્ય, સંગીત, ચિત્ર, રત્ન, લિપિકલા, યંત્રકલા અને મલ્લયુદ્ધ કળાઓની વિહંગમ દૃષ્ટિએ જાણકારી રજૂ કરી છે. આ બધી હકીકત પ્રેરિત વિગતો ઉપરાંત ભારતનો આત્મા 'આધ્યાત્મિક', 'નૈતિક' અને 'સમરસ' ભારતનાં પ્રકરણોમાં સુપેરે રજૂ કરવામાં આવ્યો છે. અહીં ભારતીય જીવનદર્શન, યજ્ઞભાવના-ત્યાગનું મહત્ત્વ, અધિકાર નહિ કર્તવ્ય, વિશ્વકલ્યાણની ભાવના, ભૂમિ-દેશને માતા તરીકે સ્વીકારવી, નૈતિકતાના ગુણોનું સિંચન, વિવિધ જાતિ-સંપ્રદાયો-ધર્મો વચ્ચે એકાત્મતાની ભાવના વગેરે સદીઓથી આપણા સંસ્કારમાં – લોહીમાં વણાઈ ગયેલ છે તેની પ્રાચીન સાહિત્યમાંથી ઉદાહરણો સાથે બાળભોગ્ય – પથ્યકારક શૈલીમાં કરવામાં આવેલી રજૂઆત ગાગરમાં સાગર સમાન છે. વધુમાં અહીં 'અખંડભારત' સત્ય અને અખંડભારત અસત્ય ગણાવીને મહર્ષિ અરવિંદનું ભવિષ્ય કથન 'ભારતનું વિભાજન અપ્રાકૃતિક છે અને ભારત પુનઃ અખંડ થઈને જ રહેશે' નોંધ્યા બાદ 'અખંડ ભારત'ની વિચારસરણીમાં ભારતને ભૂમિનો ટુકડો ન ગણતાં ભારતની અસ્મિતાને જ રાષ્ટ્રની પ્રાણશક્તિ – એક જીવંત એકમ તરીકે ઓળખાવવામાં આવી છે. આ વિચારને પોષક એવાં કેટલાંક વિધાનો જેમકે 'Our Nation is a living entity – સ્વામી વિવેકાનંદ', 'India is not the earth, rivers and mountains of this land, neither is a collective name for the inhabitants of this country. India is a living being; as much living as, say Shiva. India is a Goddess if she can manifest in human form' - શ્રી માતાજી વગેરે અહીં ઉદધૃત કરવામાં આવ્યાં છે. વળી પ્રાયઃ પ્રત્યેક પ્રકરણમાં ગુજરાતના પ્રદાનને અને ગુજરાતી પ્રતિભાઓનો પરિચય કરાવવામાં આવ્યો હોવાથી આ ગ્રંથ ગુજરાતના વિદ્યાર્થીઓ માટે વિશેષ ઉપાદેય અને ધ્યાનાર્હ બની રહે છે. ભારતની સાંસ્કૃતિક ધરોહરના પ્રચાર-પ્રસાર અર્થે, બાળકો આપણાં ગૌરવશિખરોને પિછાણે તેમજ શિક્ષણના હિતમાં 'તેજોમય ભારત'નો અન્ય રાજ્યોના શાળા પાઠ્યપુસ્તક મંડળોએ ભારતીય ભાષાઓમાં અનુવાદ કરાવવો જોઈએ. આ 'ગુજરાત મોડેલ'નું અનુસરણ આવકાર્ય બની રહેશે.

વૈશ્વિક સ્તરે 'વૈદિક ગણિત' પ્રતિ ગણિતજ્ઞો સંશોધનો હાથ ધરવા પ્રેરાઈ રહ્યા છે તેવા સમયે ગુજરાતી બાળકો વૈદિક ગણિતમાં રસ લેતાં થાય તે હેતુસર શ્રી કૃષ્ણતીર્થજી મહારાજ દ્વારા અથર્વવેદોનાં શુલ્બસૂત્રોનો સઘન અભ્યાસ કરીને વૈદિક ગણિત માટેનાં ૧૬ સૂત્રો અને ૧૩ ઉપસૂત્રોની રચના કરી તેની અહીં ગુજરાતી ભાષામાં સરળ સમજૂતી આપવામાં આવી છે, જે આવકાર્ય બની રહે છે. ધ્યાને રહે કે ગુજરાતી ભાષામાં વૈદિક ગણિત વિષયક આ સ્તરનું કોઈ પુસ્તક પ્રાપ્ય નથી ત્યારે તેની વિશેષ મહત્તા બની રહે છે.

ભારતીય શિક્ષણપરંપરા અને શિક્ષણના ભારતીયકરણના ચિંતક અને પુરસ્કર્તા, વ્યક્તિ-સમાજ-રાષ્ટ્ર ઘડતરના હિમાયતી દીનાનાથ બત્રા કૃત 'વિદ્યાલય : પ્રવૃત્તિઓનું ઘર'ની રચનાનો મૂળભૂત હેતુ 'વિદ્યાલયની પ્રવૃત્તિઓ એટલે ચારિત્ર્યનિર્માણ અને વ્યક્તિત્વનો સંપૂર્ણ

વિકાસ'ને ધ્યાને લઈને 'શિક્ષણકાર્યમાં શાળાના સુચારુ સંચાલનના ઉપયોગમાં પ્રેરણારૂપ બની શકે' તે રહ્યો છે. અને આ હેતુની પરિપૂર્તિ અર્થે વિદ્યાલયની વિભાવના સ્પષ્ટ કરીને બાળક-વિદ્યાર્થી અને અંતતઃ રાષ્ટ્રના ઘડતર માટે વિદ્યાલયનાં અંગભૂત ઘટકો વિદ્યાર્થી, શિક્ષક/આચાર્ય, વાલી અને સમાજની શી ભૂમિકા હોવી જોઈએ તેનું અહીં વિશદ્ વિશ્લેષણ કરીને વિવિધ પ્રવૃત્તિઓ ઉદા. તરીકે બાળકના શારીરિક, પ્રાણિક, માનસિક અને બૌદ્ધિક વિકાસ, નૈતિક શિક્ષણ, વિદ્યાલયની સુંદરતા, પ્રાર્થનાસભા, પ્રવાસ તથા ભ્રમણ, સમયપત્રક, બાલસભા, વિદ્યાલય પત્રિકા, ગૃહકાર્ય, સૂચન-ઉત્તરપેટીઓ, પૂર્વ વિદ્યાર્થી સંગઠન, વાલી-શિક્ષકસંઘ, શાળા પુસ્તકાલય, મૂલ્યાંકન વગેરે હાથ ધરવા માટે દિશાનિર્દેશ કરવામાં આવ્યો છે. દેશમાં શિક્ષણના ભારતીયકરણ-રાષ્ટ્રીયકરણ-આધ્યાત્મિકકરણનો અર્થ સમજાવતું બત્રાનું મંતવ્ય 'ભારતીય જીવનમૂલ્ય, જ્ઞાનવિજ્ઞાન, ભારતીય સંસ્કૃતિની સંસારને ભેટ, ઇતિહાસની ગૌરવપૂર્ણ સ્વર્ણિમ દૃષ્ટિ, નવીન શોધના આધાર પર જાણકારી, ભારતની આત્મભાષા સંસ્કૃત, રાષ્ટ્રીયજીવનની પરંપરા, આ તમામ તત્ત્વોને શિક્ષણમાં સ્થાન આપવું તે શિક્ષણનું ભારતીયકરણ છે.' ધ્યાનાર્હ બની રહે છે. રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રગૌરવની ઘટનાઓનું અભ્યાસક્રમમાં સ્થાન ઔચિત્યપૂર્ણ જ છે. આ પુસ્તકનું વાચન બાળકો માટે લાભદાયી બની રહેશે, પરંતુ તેથી પણ વિશેષ શાળાના શિક્ષકો/આચાર્ય, વાલીઓ અને સમાજ તેનું ગહન અધ્યયન કરે અને સૂચવેલ માર્ગનું આચરણ કરવામાં આવે તો શિક્ષણની કાયાપલટ માટે ઝાઝી રાહ ન જોવી પડે ! આ ગ્રંથ એ એક નીવડેલ અને અનુભવી શિક્ષકનું સર્જન છે, જેની પ્રતીતિ તેમાં નિરૂપિત વિષયવસ્તુના આધારે થાય છે. આ મૂલ્યવાન ગ્રંથને આવકારતાં રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સેવેલ આસ્થા : ''શિક્ષણ, શિક્ષક અને શાળા – આ સંગમ જ્ઞાનની ગંગા વિશ્વમાં ફેલાવશે. શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ વ્યક્તિને જીવનમૂલ્યોથી સુશોભિત કરી તેનો સર્વાંગી વિકાસ સાધવાનો છે. આપણા જ્ઞાનના ભવ્ય વારસાને શિક્ષણના માધ્યમથી પુનઃજાગ્રત કરીએ અને વિશ્વ સામે તેને પ્રગટ કરીએ. જે આપણું જ છે, અને શ્રેષ્ઠ છે તેને ગૌરવભેર સ્વીકારીએ. વિદ્યાલય એ એવું શિક્ષણધામ છે, જ્યાં બ્રહ્માંડ, જીવન અને વિજ્ઞાનનાં અનેક રહસ્યો ઉકેલી શકાય છે અને સમગ્ર માનવજાતનું કલ્યાણ કરી શકાય છે. દેશનું ભાવિ શાળાઓના વર્ગમાં ઘડાય છે. વિદ્યાલયમાં થતી વિવિધ અભ્યાસની પ્રવૃત્તિઓ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને સંસ્કારક્ષમ વાતાવરણના કારણે બાળક સર્વાંગીણ વિકાસ તરફ ગતિ કરે છે અને છેવટે ભારતનું ભાવિ પણ શ્રેષ્ઠતા પ્રાપ્ત કરે છે.'' શિક્ષણ અને વિદ્યાલયનું હાર્દ સમજવા માટે ધ્યાનાર્હ બની રહે છે.

'શિક્ષણમાં ત્રિવેણી'માં વિદ્યાલયને ખરા અર્થમાં વિદ્યાલય તરીકે પરિવર્તિત કરવા માટે ત્રિવેણીરૂપ કાર્યો જેમકે સત્યમ્-શિવમ્-સુંદરમ્, સાધ્ય-સાધના-સાધક, સ્વચ્છતા-વ્યવસ્થા-સજાવટ, વિચાર-દૃષ્ટિકોણ-જીવન, સ્વાધ્યાય-સત્સંગ-સત્કર્મ, વિદ્યાર્થી-શિક્ષક-વાલીઓ, આચાર્ય-શિક્ષક-વ્યવહાર, નિર્ણય-સહભાગિતા-ક્રિયાન્વયન, મૂલ્યાંકન-મહત્ત્વ-વિધિઓ વગેરે પદોનું હાર્દ આપણા પ્રાચી ગૌરવગ્રંથો અને દેશ-વિદેશના વિચારશીલ પુરુષોનાં સુચિંતનીય કથનો ટાંકીને સરસ રીતે સમજાવવામાં આવ્યાં છે.

'શિક્ષણનું ભારતીયકરણ'માં પૌર્વાત્ય તથા પાશ્ચાત્ય શિક્ષણવિદોનાં મંતવ્યો સાથે શિક્ષણનો ઉદ્દેશ સ્પષ્ટ કરીને ભારતીય શિક્ષણનો ઉદ્દેશ, શિક્ષક-આચાર્ય, વૈકલ્પિક શિક્ષણ નીતિ, જીવનમૂલ્યોનું શિક્ષણ, રાષ્ટ્રીય એકતા અને શિક્ષણ, વિદ્યાલયની સફળતાનો માપદંડ, વિદ્યાલયનાં શરીર (ભૌતિક સંસાધન), પ્રાણ (માનવીય સંસાધન), બુદ્ધિ (શૈક્ષણિક વાતાવરણ) મન (સહ-અધ્યાયની પ્રવૃત્તિ) અને આત્મા (સામાજિક ચેતના)નું સમાયોજન અને પ્રત્યેકનું મહત્ત્વ ગહન રીતે સમજાવવામાં આવ્યું છે. વિદ્યાલયના આ પાંચ આધાર-સ્તંભોની સુરક્ષા અને સંવર્ધન અર્થે બત્રાજીએ ચીંધેલ રાહનું પાલન ભારતીય શિક્ષણની તાસીર બદલવામાં મહદ્અંશે ઉપકારક નીવડશે. આ ગ્રંથ પણ વિદ્યાલયની કરોડરજ્જુ સમાન શિક્ષક/આચાર્ય કેન્દ્રિત છે.

દીનાનાથ બત્રાજી દ્વારા સંકલિત 'પ્રેરણાદીપ' (ભાગ ૧થી ૪) – 'વીરવ્રત પરમ સામર્થ્ય', 'આત્મવત્ સર્વભૂતેષુ', 'માતાનું આહ્વાન' અને 'પૂજા હોય, તો આવી'-એટલે વ્યક્તિ-સમાજ-રાષ્ટ્ર ઘડતર માટે અનિવાર્યપણે આવશ્યક એવા ગુણો અને આદર્શોથી ખચિત પ્રાયઃ સત્યઘટના આધારિત અને અનુભવપૂત પ્રેરણાદાયી ૪૭૭ કથાનકોનો આધુનિક

'કથાસરિત્સાગર'. આમ છતાં ધ્યાને રહે કે અહીં ગ્રંથસ્થ કથાઓ બાળ મનોરંજન કે નીતિ-ઉપદેશ અર્થે રચાયેલ 'પંચતંત્ર', 'હિતોપદેશ', ફેન્ટસી કે પરિકથાઓ નથી. અહીં તો સમાજજીવનની વિવિધ સ્તરની વ્યક્તિઓ જેમકે સમાજસેવક, ધર્મચિંતક, રાષ્ટ્રભક્ત, આઝાદીના લડવૈયા, દેશભક્ત રાજવી, રાજનીતિજ્ઞ, સાહિત્યકાર, વૈજ્ઞાનિક, પ્રખર બૌદ્ધિક, વીરબાળક વગેરે ઉદા. ગાંધીજી, તિલક, માલવીયાજી, દયાનંદ સરસ્વતી, વિવેકાનંદ, મહાવીર, બુદ્ધ, શંકરાચાર્ય, શિવાજી, રાણા પ્રતાપ, ડૉ. આંબેડકર, ટાગોર, શેક્સપિયર, અબ્રાહમ લિંકન, જ્યોર્જ વૉશિંગ્ટન, નેપોલિયન વગેરે, વિશ્વના વિવિધ રાષ્ટ્રોની વ્યક્તિઓ, વિવિધ ધર્મો જેમ કે હિંદુ, બૌદ્ધ, જૈન, ઇસ્લામ, ઇસાઈ વગેરે મતોના પ્રવર્તકો અને અનુયાયીઓ, વિવિધ જાતિઓ ઉદા. તરીકે બ્રાહ્મણ, વૈશ્ય, ક્ષત્રિય, હરિજન, કુંભાર વગેરે, વિવિધ વય-બાળક, યુવાન-પ્રૌઢ-ની વ્યક્તિઓ, પુરુષો અને સ્ત્રીઓ વગેરેએ પોતાના જીવનમાં અનુભવેલ ઘટનાઓ – તેમનાં રોલ મોડેલ સમાન કાર્યો વર્ણિત કરવામાં આવ્યાં છે. પૌરાણિક કથાનકો આધારિત પ્રસંગોને બાદ કરતાં બધી જ ઘટનાઓ સત્ય ઘટના આધારિત હોવાથી બાળ માનસને – તેના વાચકને વિશેષ પ્રભાવિત કરે છે. આ પ્રેરણાદીપોનું વાચન માત્ર બાળકોએ જ નહીં, પરંતુ હરકોઈ વયની વ્યક્તિ માટે પ્રેરણાપીયૂષ બની રહેશે. આ કથાનકો જિવાતા જીવનના અનુભવોની ખાણ છે. આ ગ્રંથો રામાયણ-મહાભારતની જેમ પારાયણક્ષમ હોવાથી બાળ સંસ્કાર ઘડતર માટે પ્રત્યેક પરિવારે વસાવવા જોઈએ. અહીં સંકલિત કથાઓના વિષય વૈવિધ્યથી બત્રાજીની વ્યાપક અને ગહન વાચન-ચિંતન અને પરિશીલનની પ્રકૃતિનાં સહજમાં દર્શન થાય છે.

પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ નવ ગ્રંથોનો મૂળભૂત હેતુ  શાળાનાં બાળકો ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક ધરોહરથી પરિચિત બને અને શિક્ષણના ભારતીયકરણના ખ્યાલનો પ્રચાર-પ્રસાર થાય તે રહ્યો છે, જેના ઔચિત્ય વિશે ભાગ્યે જ બે મત હોઈ શકે. કારણ કે એક બાજુ આપણે મેકોલે-બ્રિટિશશાસનની શિક્ષણનીતિની તેમજ આપણા ઇતિહાસને મુસ્લિમ તેમજ બ્રિટિશ ઇતિહાસકારોએ વિકૃત કરી દીધેલ છે તે આજે ભણાવવામાં આવી રહ્યો છે તેની એક પક્ષીય ટીકા કરવાનું આજે પણ અર્થાત્ બ્રિટિશ શાસનમાંથી મુક્તિ મેળવ્યાના સાતમા દશકમાં પણ ચાલુ રાખ્યું છે. અહીં પ્રશ્ન એ ઉદ્ભવે છે કે મેકોલે પ્રેરિત શિક્ષણનીતિ બંધ કરીને સુયોગ્ય એવી શિક્ષણનીતિના અમલ માટે કોણે આપણા હાથ પકડ્યા છે ? શા માટે આપણે શિક્ષણ ક્ષેત્રે નવો રાહ – નવી રીત – કંડારવાની હિંમત કરી શકતા નથી ? અને બીજી બાજુ કોઈ નવો રાહ ચીંધે છે તો 'શિક્ષણના ભગવાકરણ'ના નામે કાગારોળ શરૂ કરીએ છીએ. રાષ્ટહિત કાજે આજે જરૂર છે સ્વસ્થ દષ્ટિકોણની.

શાળા પાઠ્યપુસ્તક મંડળનું દૂરંદેશીપણું આ કાર્ય સર્વાંશે સ્તુત્ય હોવાથી તેના કાર્યવાહક પ્રમુખ ડૉ. નીતિન પેથાણી અને તેનું નીતિનિર્ધારક સમગ્ર વ્યવસ્થાતંત્ર વિશેષ અભિનંદનનું અધિકારી બની રહે છે. કોઠારી કમિશને તેના અહેવાલમાં 'ભારતનું ભાવિ તેના વર્ગખંડોમાં ઘડાય છે' તેમ નોંધ્યું છે. પરંતુ ધ્યાને લેવું રહ્યું કે પ્રત્યેક વર્ગખંડ તેના પુસ્તકાલય વગર અધૂરો છે અને તેનું પુસ્તકાલય આવાં સત્ત્વશીલ પુસ્તકોથી જ સોહે છે. અને તેથી જ આ બધાં પુસ્તકોનો પ્રચાર-પ્રસાર બાળકોમાં થાય – અર્થાત્ બાળકો વાંચે – શિક્ષકો વાંચે – આચાર્યો વાંચે તેવા ધ્યેયનિષ્ઠ પ્રયાસો થાય તે જરૂરી છે. અન્યથા બંધ કબાટોમાં પુસ્તકોનું જતન કરવાની ભાવના આ પ્રયાસને અર્થહીન બનાવી મૂકશે. આ સંદર્ભે રાજ્યના શિક્ષણ વિભાગે ગંભીરતાથી વિચારવું રહ્યું, અને આ હેતુની પરિપૂર્તિ અર્થે પ્રાથમિક શાળાઓમાં ગ્રંથાલયોની સ્થાપનાની શરૂઆત કરીને – નવો દૂરંદેશી રાહ કંડારીને સવાયા શિક્ષકની ગરજ સારતા ગ્રંથપાલોની નિમણૂક અનિવાર્યપણે કરવી જોઈએ. બાળ-ગ્રંથાલયની મહત્તા અને અનિવાર્યતાનો આપણે સ્વીકાર કરીએ છીએ ત્યારે બાળગ્રંથાલયના મહત્તમ ઉપયોગનાં કેન્દ્રો એવાં આ પ્રાથમિક શાળાઓનાં ગ્રંથાલયો – જ્ઞાનકેન્દ્રો શિક્ષણનાં જીવંત અને પૂરક કેન્દ્રો અત્યાધુનિક ઇન્ફર્મેશન કમ્યુનિકેશન ટૅકનોલૉજીથી સુસજ્જ હોવાં જોઈએ. ગ્રંથાલયો અને ગ્રંથપાલોને શિક્ષણનો એક અનિવાર્ય અંતરંગ હિસ્સો વ્યવહારમાં સ્વીકારીને શાળાઓ-કૉલેજો-યુનિવર્સિટીઓ અને સાર્વજનિક ગ્રંથાલયોમાં ગ્રંથપાલોની વર્ષોથી ઉપેક્ષિત કરવામાં આવેલ ખાલી જગ્યાઓ ઉપર ભરતી કરવી જોઈએ. આ ઉદાસીનતાથી શિક્ષણનું અહિત જ થઈ રહ્યું છે.

'आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः ।'

**– મણિભાઈ પ્રજાપતિ**

# એક બીજી ગંગોત્રી

**ભોળાભાઈ પટેલ**

(આપણા પ્રથિતયશ કવિ ઉમાશંકર જોશી 'ગંગોત્રી', 'નિશીથ', સપ્તપદી... 'સમગ્ર કવિતા'ના કવિ જે ગામ-વતનથી શબ્દ લઈને નીકળ્યા હતા તે ગામ બામણાની ચાલો આપણે યાત્રા કરીએ અને તેનો આસ્વાદ માણીએ આપણા રસજ્ઞ તથા વિદગ્ધ સર્જક ભોળાભાઈ પટેલની કલમે. ભોળાભાઈએ કવિશ્રી તથા નંદિનીબહેન, ચંદ્રકાન્ત શેઠ અને મણિલાલ હ. પટેલની સાથે જાન્યુઆરી, ૧૯૮૫માં બામણા, ઇડર, ઇડરિયો ગઢ, શ્રીમદ રાજચંદ્ર ટેકરી, ઇડરનાં કવિની શાળા અને બોર્ડિંગ તથા તેનો એક ઓરડો કે જેમાં કવિ રહેતા હતા તેની મુલાકાત લીધી હતી તેનું હૃદયંગમ ચિત્ર અહીં અંકિત કર્યું છે. તેનું કવિની પુણ્યતિથિએ સ્મરણ કરીએ **સંપાદક)**

[Home is where one starts from...
T. S. Eliot, *East Coker*]

પોતાના ગામથી જ્યારે નીકળ્યા ત્યારે શબ્દ લઈને નીકળ્યા હતા – એમ કવિ ઉમાશંકરે નોંધ્યું છે. એ 'શબ્દ' પછી એમને ક્યાં ક્યાં લઈ ગયો ? તો કહે છે કે એ શબ્દ એમને 'સત્યાગ્રહ છાવણીઓમાં, જેલોમાં, વિશ્વવિદ્યાલયમાં, સંસદમાં, દેશના મૂર્ધન્ય સાહિત્યમંડળમાં, રવીન્દ્રનાથની વિશ્વભારતીમાં, વિદેશના સાંસ્કૃતિક સમાજોમાં, – એટલે કે વિશાળ કાવ્યલોકમાં, માનવ હોવાના અપરંપાર આશ્ચર્યલોકમાં'... લઈ ગયો.

એ શબ્દ એટલે કવિતાનો શબ્દ. કવિમાત્રને એ શબ્દ સૌપ્રથમ એના ઘરમાંથી મળે છે, એના વતનમાંથી મળે છે. દુનિયાના કોઈ પણ કવિની કાવ્યગંગોત્રીનું ગોમુખ એનું પોતાનું ઘર હોય છે. એમ તો મનુષ્યમાત્રને શબ્દ એટલે કે, એની ભાષા એના ઘરમાંથી, ગામમાંથી મળે છે, પરંતુ કવિનો શબ્દ એવો તો વિસ્તાર સાધે છે કે સૌની ચેતનાને સ્પર્શી રહેતો હોય છે. કવિનો શબ્દ અનનુભૂત સૌંદર્યલોકમાં લઈ જાય છે, અનાસ્વાદિત રસનું પાન કરાવે છે. એટલે એનો મહિમા.

એટલે આપણને થાય કે જ્યાંથી કવિ-શબ્દ સરવાણી પ્રકટી, એ ગંગોત્રી એ ગોમુખ અર્થાત્ કવિનું ઘર કેવાં હશે ? કવિને વતન જવું એટલે તીર્થયાત્રાએ જવું. કોઈ સંસ્કારી મનુષ્ય ઇંગ્લૅંડ ગયો હોય અને કવિ શેક્સ્પિયરના વતન સ્ટ્રેટફર્ડ અપોન એવન ન જાય એવું બને ? અને ત્યાં જનારને થાય કે ઈશ્વરથી જરાક ઊતરતો સર્જક અહીં ખેલ્યો હશે. એને પોતાના સર્જનનો મૂળ સંભાર અહીંથી સાંપડ્યો હશે. પછી ભલે એ લંડનવાસી થયો. વિશ્વકવિ થયો. કલકત્તા ગયા હોઈએ અને રવિ ઠાકુરનું 'જોડાસાંકો' ભવન જોયા વિના રહીએ ? નિરંજન ભગત પૅરિસ ગયા તો એમના પ્રિય ફ્રેન્ચ કવિ બૉદલેર જે જે ઘરોમાં વસ્યા હતા, તે બધાં ઘરો જોઈ આવ્યા. જે રાજમાર્ગો અને ગલીઓમાં બૉદલેર રખડ્યા હતા, ત્યાં રખડી આવ્યા, કવિનાં કાવ્યોના વાતાવરણનો પ્રત્યક્ષ પરિચય પામવા.

પરંતુ એટલે દૂરની વાત નથી. વર્ષોથી ઇચ્છા હતી 'ગંગોત્રી'ના કવિ, 'નિશીથ'ના કવિ, 'સપ્તપદી'ના કવિ જે ગામથી શબ્દ લઈને નીકળ્યા, તે ગામ જવાની. કવિ ઉમાશંકરનું ગામ બામણા. સાબરકાંઠા જિલ્લાના ભીલોડા તાલુકાના ખંભેરિયા પહાડની તળેટીમાં વસેલું ગામ. ઈડર વિસ્તારનાં આ ગામોના ડુંગરો, જંગલો અને મેળાની વાત કરતાં કવિ થાકતા નથી. શૈશવકાળની કવિતા વતનની આ ભૂમિમાં એમના સમસ્ત શબ્દલોકનાં નવાણ છે. ત્યાંથી ભોમિયા વિના એ શબ્દ લઈને નીકળ્યા હતા. કવિનો શબ્દ પણ પછી એ શબ્દસહારે સૌના ભોમિયા બની ગયા...

એક દિવસ કવિએ કહ્યું આપણે બામણા જવાનું છે. રોમ-હર્ષ. સદ્ભાગ્ય કેવું કે સ્વયં કવિની સાથે કવિને ગામ જવાનું મળે છે. એક સવારે અમદાવાદથી મોટરગાડીમાં નીકળ્યા. કવિપુત્રી ડૉ. નંદિનીબહેન તથા

બીજા બે કવિમિત્રો ચંદ્રકાન્ત શેઠ અને મણિલાલ પટેલ સાથે હતા. કવિની ઇચ્છા એવી હતી કે તડકો વધારે ચઢી જાય તે પહેલાં બામણા ગામના પાદરે પહોંચી જવું.

કવિભૂમિનો લૅન્ડસ્કેપ જોવા અમે ઘણા આતુર હતા. હિંમતનગર છોડ્યા પછી એ બધો વિસ્તાર શરૂ થઈ જતો હતો. એ વિસ્તારના ખેતરાઉ, પહાડી માર્ગો ઈડર ભણતી વખતે કવિએ જુદી જુદી ઋતુઓમાં અનેક વેળા પગપાળા કાપેલા. અત્યારે ડામરની સડક પરથી સરતી મોટરગાડીમાંથી બાજુમાં ચઢતાઊતરતા પહાડો અને એના વળાંકો બતાવી કવિ એ મારગ ચીંધતા હતા. ચોમાસામાં નદી ઓળંગવી ના પડે, એવા મારગ ત્યારે પસંદ કરતા. એક વેળા તો રજાઓ પછી બામણાથી ઈડર નિશાળે જવા નીકળ્યા, ચોમાસામાં ઊભરાયેલી નદી. એક દિવસ મોડા પહોંચ્યા. કવિ હસતાં હસતાં એ દિવસ યાદ કરી બોલ્યા – 'નિશાળે પહોંચ્યા પછી એવો તો મેથીપાક મળેલો.'

રસ્તો બે માર્ગે ફંટાયો. એક શામળાજી તરફ જતો, બીજો ભીલોડા તરફ. શામળાજીના મેળાનો પ્રભાવ કવિના સર્જકચિત્ત પર ઘણો પડ્યો છે. વાર્તાકાર ઉમાશંકરની 'શ્રાવણી મેળો' વાર્તાની એ પટભૂમિ. અમારે ભીલોડાના માર્ગે જવાનું હતું. વસંતપાંચમ આવું આવું હતી. આ દિવસોમાં જે ધૂસર રૂપ વગડાનું હોય છે, તેવું હતું. વિરલ ઝાડીવાળા પહાડો તગતા હતા.

એક ઊંચો ડુંગર દેખાયો એ જ ખંભેરિયો. ખંભેરિયાની ટોચે એક ઝાડ દેખાતું હતું અને એક સફેદ ધજા ફરફરતી હતી. અમારી નજર એ ધજાની આસપાસ ફરફરવા લાગી. રસ્તાની ધારે એક ડુંગરી દેખાઈ. કવિએ કહ્યું – 'આ ડુંગરીની ધારે બેસીને મિત્ર સાથે "સાપના ભારા"નાં નાટકો વાંચ્યા છે.' ઓગણીસો એકત્રીસ-બત્રીસની આ વાત હશે. મોટરમાંથી ઊતરીને ત્યાં જવાનું મન થયું. પણ કંઈ જવાય છે ? કવિમિત્રો, નંદિનીબહેન સૌ પ્રશ્નો પૂછીને કવિને એમના શૈશવ, કિશોરકાલની દુનિયામાં લઈ જતાં હતાં.

બામણા ગામના પાદરે પહોંચતાં વિશાળ સરોવર, એનું પાત્ર પહાડો અને ખીણોના આધારે વળાંકોમાં ઘડાયું છે. પહેલાં આ સરોવર નહોતું. હાથમતી જળાગારની યોજનાને લીધે રચાયું છે. પાદરમાં અમે ઊતરી ગયાં. આ બાજુ સરોવર, આ બાજુ ગામ. બામણા ગામનું પાદર અમારે મન કુતૂહલ જગાવી રહ્યું. પાદરનો પેલો 'ઉકરડો' ક્યાં છે ? સરોવરકાંઠે સરસવનાં પીળાં ખેતર હતાં. હજી તડકો આકરો થયો ન હતો. ભૂરાં પાણી આંખમાં વસતાં હતાં. વહેલાં પહોંચવાનો કવિનો આગ્રહ સમજાયો.

આ બાજુ અમારી નજર સામે ખંભેરિયાનો ડુંગરો હતો. ગામ એના ઢાળ પર વસેલું છે. મારી કલ્પના હતી કે એ પૂર્વ દિશામાં હશે – પણ પશ્ચિમ દિશાએ એ ડુંગરો હતો અને ગામ ઉગમણી દિશાએ. હવે યાદ આવ્યું. કવિએ જ્યારે આગળ ભણવા ઘર છોડ્યું હતું ત્યારે તેમનાં માએ કહેલું – 'દીકરા, ભૂલીશ નહીં કે ઉગમણે બારણે આપણું ઘર છે.' કવિએ ક્યાંક નોંધ્યું છે.

મોટરગાડીમાંથી ઊતરી, અમે શેરીઓમાં ચાલવા લાગ્યાં. આ રોમાંચક અનુભવ હતો. આમ તો ગામ જેવું ગામ. પણ આ તો કવિનું ગામ હતું, અને કવિ સાથે હતા. ગામના લોકોનું અભિવાદન ઝીલતા કવિની શેરીમાં પ્રવેશ્યા. કદાચ છે ને આ ઘરોમાં 'સાપના ભારા' એકાંકીઓનાં કેટલાંક પાત્રોના અનુજો – વંશજો મળી જાય. 'દળણાના દાણા'નાં ડોશી, 'કળજગનું પાણી પીવા એકલી રહી ગયેલી રામી' પણ યાદ આવ્યાં. ઢોળાવ પર આવેલા ગામની આ શેરીમાં વરસાદના પ્રવાહને કારણે ઊખડેલા ઢેખાળા અને વાંઘાં હજી હતાં. મને થતું હતું, અત્યારે પંચોતેર વર્ષની વયે પહોંચવા થયેલા કવિ અહીં ચાલતાં શૈશવની પગલીઓ શોધતા હશે શું ? શેરીના એકબે વળાંક વટાવતાં જ સામે નળિયાં છાયેલું કવિનું બાપીકું ઘર. બરાબર ખંભેરિયાની ઢાળે. ઘરમાં કવિનાં ભાભી રહે છે. આંગણું વટાવી અમે ઓસરીમાં આવ્યાં. સ્નેહભર્યું સ્વાગત. ઘરની પછીતે જાઓ એટલે ખંભેરિયો શરૂ થઈ જાય.

અમારી નજર સામેથી જાણે છ-સાત દાયકાનો સમય સરી જતો હતો. ઘરમાં હરતાફરતા શબ્દોને પીતા શિશુ કવિની કલ્પના કરી રહ્યા. ભર્યોપૂરો પરિવાર હતો. પાઘડી બાંધતા કવિના પિતા અને વત્સલ બાની કલ્પના કરી. અમે ઓસરીમાં બેઠા. ચંદ્રકાન્ત તો ચૂપચાપ સરકી ખંભેરિયો ચઢવા ઊપડી ગયા. કવિ સ્વજનોને મળવા ગામમાં ગયા. અમે ઘરના ઓરડામાં ગયા. આ ઓરડામાં કવિનો જન્મ. સ્વચ્છ લીંપણવાળા આ ઓરડાની ભૂમિ

પર અમે બેઠા. કવિ મણિલાલ અગાઉ એક વાર અહીં આવી ગયા હતા. **આ ઓરડો ભવિષ્યમાં કોઈ તીર્થથી ઓછો નહીં હોય, જો આપણી ગુજરાતી તરીકેની અસ્મિતા જીવતી હશે તો.**

અમે પરસાળમાં બેઠા. કવિ આવી ગયા હતા. નાનપણની વાત કરતાં કરતાં દેવુભાઈ, કાન્તિભાઈ સૌ ભાઈઓને, ગામમાં જ રહેતાં બહેનને, મિત્રોને કવિ સ્મરી રહ્યા. ચા પીતાં પીતાં કવિએ કહ્યું – ત્યાં બેસી 'ગીતાનિષ્કર્ષ' વાંચ્યું હતું. ઓસરી બતાવતાં કહે – આ ઓસરી અનેક કવિતાઓનું જન્મસ્થળ છે. 'ગંગોત્રી' કાવ્યસંગ્રહની ઘણી કવિતાઓ બામણામાં લખાઈ છે. એ વખતે કવિની વય વીસ-બાવીસની હશે. 'વિશ્વશાંતિ'ના રચયિતા તરુણ કવિએ સ્વતંત્રતા માટેની લડતમાં ઉચ્ચ અભ્યાસ છોડી દઈ ઝંપલાવ્યું હતું. વિસાપુરનો જેલવાસ વેઠીને બામણા આવ્યા છે. મા-બાપને તો ઘણીય આશાઓ હતી, જેવી દરેક મા-બાપને હોય છે, પણ આદર્શઘેલા આ તરુણ કવિને તો દૂરના 'અદીઠ વડવાગ્નિ બૂઝવવા' દોડી જવું હતું. ઘેર ઘરડાં માવતરની આશાઓનું શું ? પિતાનો પ્રેમ, મીઠી માડીનું વહાલ, ભલે, પણ તરુણ એ બધાયનો સ્વીકાર કરીને કહે છે.

**મને રોકો ના, ના, ખડક ધરી આડે ! યમશિલા**
**વચાળે રૂંધો મા ! શીદ ભીડી રહો બાથ જડમાં...**

આદર્શપ્રિય તરુણ વિચારે છે, માવતર પહેલાં ? દેશ પહેલો ? આ ઓસરીમાં ભારે મનોમંથન અનુભવતો હશે. આ ઘર નાનું પડે છે, આ ગામ. હવે તો 'વિશ્વ' જ એની સામે છે. સિંહગઢનાં 'બળતાં પાણી'માં એનું વસ્તુગત પ્રતિરૂપ લાધી ગયું – મા-બાપની પણ સેવા ખરી, પણ પછી –

'અરે એ તે ક્યારે ?...'

આ ઓસરી એ સૌ વૈશ્વિક રાષ્ટ્રીય આદર્શો સેવતા ભેખધારી તરુણના મનોમંથનની સાક્ષી છે.

આ ઓસરીમાં ઊભા રહીએ એટલે સામેના 'આડા' ડુંગર પરથી સૂર્યોદય દેખાય. શિશુઅવસ્થામાં આ ઓસરીમાંથી કવિએ સૂર્યોદયની શોભા નિહાળી હશે, જે પછી તેમની કવિતાનું રુધિર બની પ્રકટી છે. કવિ કહે – ઓસરીની પેલી પેલ્લી પર બેસી ઘણી ચોપડીઓ વાંચી છે.

હું મારી સાથે 'સમગ્ર કવિતા'ની નકલ લાવ્યો હતો. આ સમગ્ર કવિતાની ઉત્સભૂમિ પર એ ઓરડાના ઉંબર પાસે બેસી કવિએ એના પહેલા પાના પર :

[પ્રિય ભોળાભાઈને સ્નેહ
મારા ઘરવતનની છાયામાં
શુભાકાંક્ષી
ઉમાશંકર જોશી
બામણા : ૨૪.૧.૧૯૮૫]

– એમ લખી દીધું. કવિના 'ઘરવતનની છાયામાં સ્નેહ' !
રાજી બસ રાજી.

હું અને નંદિનીબહેન ઘરની પછીતે જઈ ખંભેરિયાનાં 'તલસ્પર્શી' દર્શન કરી આવ્યાં. ત્યાંથી પૂર્વ દિશાનો ઉઘાડ દિગંતપ્રસારી લાગે છે. આ પહાડોની ભૂમિમાં શબ્દો સળવળ્યા હશે. 'ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા...' પછી કવિ ડુંગરા જ નહીં, આખી દુનિયા ખૂંદી વળ્યા; 'ભોમિયા ભૂલે એવી કંદરાઓ'માં ઘૂમી વળ્યા ! પણ એ 'શબ્દ'ને સથવારે, જે આ ગામથી લઈ તેઓ નીકળ્યા હતા. ગામની નિશાળનાં બાળકોને તો તેમણે કહ્યું કે, 'હું ભણ્યો બહારગામ ભલે, પણ ગણ્યો હતો તો આ વતનમાં, તમે પણ ભણવા ગમે ત્યાં જજો, પણ ગણવા માટે તો જ્યાં જન્મ લીધો એ ભૂમિમાં જ મૂળિયાં છે.'

બપોર ભીલોડામાં ગાળી સાંજે ઈડર જવા નીકળ્યા. ત્યાં જતાં રસ્તે જાણે 'ઝાકળિયું' વાર્તાનાં ખેતરો દેખાતાં હતાં. ઘણી કાવ્યપંક્તિઓ પણ સ્મરી રહ્યાં. એટલામાં એક ડુંગરો દેખાયો. કવિ કહે – ઘહું આવ. અમે બોલ્યા :

**આઘા ઇડરિયા ગઢ ડુંગર**
**ઘહું આવ ઢૂકડો રે લોલ !**

સાંજ પડે તે પહેલાં ઈડર વિસ્તારના ડુંગરોના માર્ગે થઈ ઈડર શહેર વીંધીને પશ્ચિમે આવેલી શ્રીમદ્ રાજચંદ્રની ઊંચી પહાડીની તળેટીમાં સીધાં પહોંચી ગયાં. તળેટી પહાડીની છાયામાં હતી. પણ ઉત્તરદિશે આખો ઇડરિયો ગઢ તડકીલી શિલાઓથી ઉજ્જ્વળ લાગતો હતો. પાછળ ઈડર શહેરનાં ઊંચાનીચાં છાપરાં પણ તડકામાં શોભતાં હતાં. ત્યાં સ્તબ્ધતાનો ભંગ કરતી એક રિક્ષા આવી અને એમાંથી અનેક થેલીઓ સાથે એક વૃદ્ધ

સજ્જન ઊતર્યા. રિક્ષા ચાલી ગઈ. એ સજ્જને પછી ટેકરીની ટોચ ભણી જોઈ બૂમ પાડી : ઈશ્વર, ઈશ્વર...

પણ 'ઈશ્વર'ને બૂમ સંભળાઈ નહીં. અમે પહાડીની ટોચે આવેલા આશ્રમ ભણી ચઢવા લાગ્યાં. પેલા સજ્જન આશ્રમના કાર્યકર લાગ્યા અને થેલીઓ લઈ જવા કોઈ પરિચારકને બોલાવતા લાગ્યા. એમના તરફથી અમે બૂમ પાડી : 'ઈશ્વર, ઈશ્વર' અમારા પણ 'બોલ વેરાઈ આભમાં ફેલાઈ' ગયા.

ચઢવાનું આકરું તો નહોતું, પણ શ્વાસ તો ચઢે, કેમ કે અમને વાતો કરવાનો પણ ઉત્સાહ હતો. જરા ઊંચે ચઢી, ઊભા રહી, ઇડરિયા ગઢના પ્રોફાઇલને જોઈ કવિશ્રી ઉમાશંકરને પ્રશ્ન કરતા : 'પેલી દેખાય છે તે રણમલ ચોકી ને ? પેલું ઊંચું તે રૂઠી રાણીનું માળિયું ને ?...' તેમની પાસેથી એ પ્રશ્નોના જવાબો અને એ સ્થળો સાથે કિશોરકાળની એમની સ્મૃતિઓ સાંભળવાનો અમારો લોભ હતો.

પહાડી પર પહોંચતાં વિશાળ ખુલ્લી જગ્યા. તેથી થોડેક ઊંચે આશ્રમની થોડીક જરૂર પૂરતી ઇમારતો. પણ આ ઊંચાઈએથી નીચે વિસ્તરેલાં મેદાનોને છેવાડે પહોંચવા કરતો સૂર્ય કોઈ મિત્રની જેમ એટલે દૂરથી પણ આ ટેકરી પર જાણે અમારું સ્વાગત કરી રહ્યો.

નંદિનીબહેન એ દિશા તરફ ગયાં, અમે ઉપર મંદિર ભણી. અહીંથી ઈશ્વરને અમે નીચે મોકલ્યો. આ પહાડી શ્રીમદ્ રાજચંદ્રનાં પુનિત પગલાંથી પાવન છે. અહીં જે શિલા પર શ્રીમદ્‌ને જ્ઞાન લાધ્યું હતું તે સિદ્ધશિલા છે. શ્રીમદ્‌ના ભક્તોએ વધારે પડતી સુરક્ષાના ખ્યાલથી સિદ્ધશિલાને લગભગ ઢાંકી દીધી છે. શ્રીમદ્ રાજચંદ્ર, પરમયોગી હતા. ગાંધીજીના ગણ્યાગાંઠ્યા ગુરુઓમાં એક ગુરુ. જાતિસ્મર હતા એટલે કે, પૂર્વજન્મોનું એમને જ્ઞાન હતું. ઉમાશંકરભાઈએ એ વિશે એક વાત કરી.

ભગવાન મહાવીર જ્યારે સદેહે આ ભૂમિ પર વિચરણ કરતા હતા ત્યારે આ ડુંગરોમાં આવેલા. એ સમયે તેઓ જે શિલા પર બેઠેલા તે સ્થળ શ્રીમદે ચિહ્નિત કરી બતાવ્યું છે. આ ટેકરીની તળેટીમાં ત્યાં આજે એક દહેરી છે. એટલે કે આ પ્રદેશ આધ્યાત્મિક તરંગોથી આવેષ્ટિત છે.

અહીં એક ધ્યાનખંડ છે, જ્યાં શ્રીમદ્‌ની છબી છે. થોડી વાર ત્યાં બેસી દેરાસરમાં દર્શન કરી ફરી અમે ખુલ્લી ટેકરી પર આવ્યા. નંદિનીબહેન દૂર એક પથ્થર પર બેસી સંધ્યાનું સૌંદર્ય જોવામાં લીન હતાં. પંખીઓનું વૃંદગાન થતું હતું તેમાં પોપટનો તીવ્ર અવાજ વાતાવરણ ભરી દેતો હતો. સામેની પહાડીઓ પર કોટના કાંગરા હોય એમ વાનરોની હાર બેઠી હતી. કવિ મણિલાલ પટેલ, અધ્યાપક પ્રસાદ બ્રહ્મભટ્ટ અને અરવિંદભાઈ સૌ આ સમયે કવિની સન્નિધિમાં પ્રસન્ન હતા. વેળા અનન્ય હતી.

સૂર્યનું બિંબ હવે લાલ બન્યું હતું. કોઈએ કહ્યું – પક્વબિંબ, કવિએ કહ્યું પરિપક્વબિંબ. એક વૃક્ષ નીચે પથ્થરનું આસન હતું. અસ્તમિત થતા સૂર્યને જોતા કવિ તે પર બેઠા. સાન્ધ્ય સૌંદર્ય પીતા કવિની છબી સમગ્ર પરિદૃશ્યમાં કેવી તો ગોઠવાઈ ગઈ ! એ છબી ક્લિક પણ કરી લીધી. સ્તબ્ધ ક્ષણોને અનુભવતાં સૌ ચૂપ હતાં. સૂર્ય જમીનમાં ઊતરી જતો જોયો. પણ થોડી વાર પછી જ પશ્ચિમને આકાશે ત્રીજનો ચંદ્ર દેખાયો, પછી એની પાસે શુક્ર પણ. ધીરે ધીરે અમે પહાડી ઊતરી રહ્યા. ઊતરતાં ઊતરતાં થતી વાતોમાં કવિનાં છાત્રવયનાં સ્મરણો ડોકાતાં.

કવિ ઉમાશંકર ઈડરના છાત્રાલયમાં રહીને ભણેલા, ગુજરાતી ચોથા ધોરણથી અંગ્રેજી છઠ્ઠી સુધી. પછી મૅટ્રિકમાં અમદાવાદ આવેલા. કહે – 'ઈડર આવ્યો ત્યારે દસ વર્ષનો હતો. છાત્રાલયમાં ઊંચા ઊંચા મોટી વયના છોકરાઓ ભણે. તેઓ માથે જે સાફો બાંધે તેનું છોગુંય મારી ઊંચાઈ જેટલું. હું સાવ ટેણિયો હતો...'

બીજે દિવસે સવારે ઇડરિયો ગઢ ચઢવાનો હતો. આ ગઢ વિશે નાનપણથી લગ્નગીતમાં આ પંક્તિ સાંભળી હતી – 'અમે ઇડરિયો ગઢ જીત્યા રે આનંદ ભયો.', કેમ હશે તે ખબર નથી. કદાચ ઇતિહાસની કોઈ વિસ્મૃત ઘટના એમાં સચવાઈ હોય. આ ઇડરિયા ગઢને જુદી જુદી ઋતુઓમાં જુદા જુદા મિત્રો સાથે પ્રેમ કર્યો છે. એક વખત જ્યારે બાજુનાં પોળો વિસ્તારનાં જંગલોમાં કેસૂડાંની આગથી વન ભડકી ઊઠ્યું હતું, એવી વસંતમાં; એક વખતે જ્યારે વાદળાં ગઢની કટિમેખલાએ અથડાઈ ઝરમરી જઈ નગરને ભીંજવતાં હતાં ત્યારે રૂઠી રાણીને માળિયેથી કોરાકટ ઊભા રહી; એક વખતે સમીસાંજે રણમલચોકીના પરિસરમાં પ્રાચીન ગુર્જર કાવ્ય 'રણમલ છંદ'ની ચર્ચા કરતાં. એ ગઢના પ્રાંગણમાં કૉલેજ થયા

પછી તો આચાર્ય હરિહરજીની મિત્રતાને કારણે ઇડરિયા ગઢ સાથે પરિચિત મિત્રની જેમ વિશ્રંભાલાપ થયો છે.

પરંતુ આજે કવિ ઉમાશંકર સાથે ઇડરિયો ગઢ ચઢવાનો હતો. પંચોતેરમે પહોંચવા કરતા કવિ પોતાની મુગ્ધ કિશોર વયને કેવી સ્મરતા હશે, તેની હું કલ્પના કરતો હતો. એ સમય હશે જ્યારે સૌંદર્યો ઘટક ઘટક પીવાતાં હશે. સૌંદર્યો પ્રકૃતિનાં, સૌંદર્યો શબ્દોનાં. કવિની કિશોરાવસ્થામાં પ્રભાવ મૂકી જનાર એ લૅન્ડસ્કેપ આજે પરિણતપ્રજ્ઞા કવિની સાથે જોવાનો ધન્ય અવસર હતો. પહેલાં તો અમે જે શાળામાં કવિ ભણેલા તે સર પ્રતાપ હાઈસ્કૂલ અને એની બાજુની બોર્ડિંગ ભણી ગયાં. કવિ જાણે પોતાની એ કિશોરાવસ્થાનાં પદચિન્હો સૂંઘતા ચાલતા હતા.

જીર્ણ બોર્ડિંગના એક ઓરડામાં અમે પ્રવેશ કર્યો. આ એ ખંડ જેમાં છાત્ર તરીકે એ રહ્યા હતા. એક ભીંતમાં તાકું હતું. કહે - એ ગોખલામાં મારી આખી ‘લાઇબ્રેરી’ રહેતી !

કવિની વાણી ભાવભીની હતી. એ ભીંતે હાથ પસવારતાં મને સુખ થતું હતું. ગુજરાતી વાણીનું આ એક તીર્થસ્થાન છે !

બહાર આવ્યા. રસ્તા સામેની ટેકરીઓ બતાવતાં કહે – પેલી છે તે ધનેશ્વરીની ડુંગરી, ત્યાંની દેરીઓમાં અને ત્યાંના આંબાના ઝાડની ડાળીઓ પર બેસી પરીક્ષાના દિવસોમાં વાંચતા.

નિશાળના પ્રાંગણમાંથી બહાર નીકળતાં કવિ કહે – નિશાળ છોડતી વખતે યાદ છે કે એક ગોરજ ટાણે એને અસ્ફુટ વાણીમાં કહ્યું હતું – ‘હું તારું નામ ઉજાળીશ.’

કવિએ વચન પાળ્યું છે.

જાન્યુઆરીની સવારનો તડકો ઓઢવો ગમે તેવો હૂંફાળો લાગતો હતો. ગઢની તળેટીએ પહોંચી ગયા. નંદિનીબહેન નીચે રહ્યાં. અમે પગથિયાં ચઢવાનું શરૂ કર્યું. ઈડરનો આ ડુંગરો અરવલ્લીની પર્વતમાળાનો આખરી છેડો છે. પણ આ ડુંગરા નર્યા ખડકોના છે. આપણી ભાષાની એક જૂની દેશી કવિએ યાદ કરી :

**ઈડર આંબા આંબલી**
**ઈડર દાડમ દ્રાખ...**

મેં વિનોદમાં આચાર્ય હરિહરજીએ કહેલ ઈડરનાં પંચરત્નો વિશેનો એક ‘શ્લોક’ બોલી બતાવ્યો :

**પ્હાડ પાષાણ પાંદડાં**
**ચતુર્થ ગાલિદાનં ચ**
**પંચમં વસ્ત્રલોચનમ્.**

કવિના મોઢા પર હાસ્ય છલકાયું.

પણ આ પહાડ તો સદીઓથી કદાચ આમ નર્યા પથ્થરોનું કલેવર લઈને ઊભો છે. કવિએ કહ્યું કે આ ખડકોને જાળવી રાખવા જોઈએ.

અમે થોડાં પગથિયાં ઉપર ચઢ્યા કે બરાબર રસ્તા વચ્ચે આવેલી ઇમારત દોલતભવન ઊભી હતી. રાજા દોલતસિંહે બનાવેલી. આ કદાચ તેમનો રંગમહેલ હશે. આજે તે ત્યજાયેલ છે. સુંદર ટાઇલ્સ લોક ઉખેડીને લઈ ગયું છે. દરવાજા ઉપાડી ગયું છે અને ભીંતો – હજારો હજારો મુસાફરોનાં નામની કાળી, ધોળી, રંગીન સ્મૃતિઓ લઈને ઊભી છે. તારીખ સાલ સાથે એ નામાવલિની સૂચિ કરતાં મુસાફરોના મનોવિજ્ઞાનનું નવું પ્રકરણ રચી શકાય. દોલતભવનના અંધારા ખંડોનાં દ્વાર પાર કરી અમે ફરી ઉપલા પગથિયે આવી ગયા.

બહાર નીકળતાં જ ખડકોનો અદ્‌ભુત સન્નિવેશ જોયો. કેટકેટલા આકારો ધરી, કેવા એકમેકને ધરી ખડકો પડ્યા હતા ! નગ્ન ખડકોનું નર્યું અનાવિલ સૌંદર્ય ! આપણા તસવીરકાર અશ્વિન મહેતાએ આ ખડકોની બેનમૂન તસવીરો ખેંચી છે. એટલું જ નહીં. ઇન્દિરાજી જ્યારે વડાપ્રધાન હતાં ત્યારે એમને અશ્વિનભાઈએ આ ખડકોને સુરક્ષિત રાખવા માટેની યોજના ઘડી કાઢવા સંમત કર્યાં હતાં.

એક તસવીરકાર પોતાના કૅમેરામાં આ ખડકોના સૌંદર્યને પકડી આપણી સામે ધરે છે અને એક કવિ ? શબ્દોમાં. કવિ ઉમાશંકરની આ ખડકો વિશેની કવિતા પણ એટલી જ અદ્‌ભુત છે :

**મુઠ્ઠીભરે નાખેલ**
**બેફામ આમતેમ**
**કોઈ ક્રુદ્ધ દેવે**
**કાળની કચ્ચરો–**
**અમે ઇડરિયા પથ્થરો**
**ટોક માથે અઘોર માનવની મેડી**
**– રૂઠ્યાં મનનું માળિયું**
**ક્યાંક આભ આધારે અભયચોકી;**

**ગઢની કરાડે અધભૂંસી સાહસ પગથી;**
**પથ્થરિયા છાતી પર**
**રૂપકડાં મંદિર-છૂંદણાં...**
**ક્યાંક પડ્યા વેરવિખેર...**
**ક્યાંક ગેબી ઢેર**
**કોઈ એકાક્ષ મહોરો**
**એક પંખ વિહંગ**
**ગેંડો પાડો ઊંટ**
**જાણે કાપાલિકની વિરાટ ખોપરી**
**કોઈ તપસીનું રુદ્ર સિંહાસન**
**કોઈ અલૌકિક રૂપસી...**
**અમે ઇડરિયા પથ્થરો ?**

ખડકોના વિવિધ આકારો જોતાં કવિતાના ખંડ યાદ કરતો હતો. આ કવિતા તો કવિએ છેક પાંસઠ વર્ષની વયે લખી હતી. પણ આ ઇડરિયા પથ્થરો તો દસ વર્ષની એમની વયથી તેમનામાં ઊતરતા જ હતા – એ પોતે જાણે એમાંના એક.

મેં કવિને પૂછ્યું – આ ગઢ કેટલી વાર ચઢ્યા હશો ?

કહે – અસંખ્ય વાર.

પછી કહે – એક વાર તો વહેલી સવારે વતન બામણાથી નીકળીને સાંજે ઈડર પહોંચી, રાત્રે નીચે નહીં રોકાતાં ગઢ પર ચઢેલા. વાઘના સળવળાટનો પણ અમને ભાસ થયેલો. મારી સાથે હતા કવિ રામપ્રસાદ (રતિલાલ) શુક્લ. ભાગતા અમે મંદિરો તરફ ગયા. એમાં પણ જોખમ તો હતું જ...

ગઢ પર ચઢ્યા તો શિખરોની વચ્ચે વિશાળ ખુલ્લી જગ્યા. જૂની ઇમારતો, વાવો, મંદિરો, દેરાસર આ બધું છે. અહીં વડ જેવાં પ્રાચીન પુરાતન વૃક્ષો છે. એક જૂની જર્જરિત ઇમારત બતાવી ઉમાશંકરભાઈએ કહ્યું – પેલો કેસરીસિંહનો મહેલ છે. આજે તો મહેલની શી દશા છે !

અમે ચાલતા ચાલતા ગઢની ઉત્તર દિશાની રાંગે ગયા. ત્યાંથી નીચેનું મેદાન અને દૂરના ડુંગર રળિયામણા લાગતા હતા. આ બાજુ રાણીનું તળાવ દર્પણ જેવું લાગતું હતું. ઠંડો પવન હતો, હોલોનો કલરવ હતો. દૂરથી ડંકીનો અવાજ સંભળાતો હતો. સવારના તડકામાં ખિસકોલીઓ બધી જમીન સરસી જડાઈ ઠંડી દૂર કરતી હતી. એ અદ્ભુત દશ્ય ગઢની રાંગે હતું, કવિએ ધ્યાન દોર્યું. અમે તડકામાં ખડકાળ ભોંય પર નિરાંતે બેઠા. કવિ સાથે વિશ્રંભાલાપનો અવસર હતો.

કવિએ ઈડરની પૂર્વમાં સ્ટેશન તરફ આવેલા મહાકાલેશ્વર નામના સ્થળની વાત કરી. એમના કિશોરચિત્ત પર ત્યાંની દેરીઓ, કુંડ, ગુફા વગેરેના રહસ્યાત્મક ભયાનકની છાપ પડેલી છે, તે કહ્યું.

પછી તો ગઢ ઉપરના ઝરણાની વાત નીકળી. આ ગઢ પર ચોમાસામાં એ ઝરણું ખડકો વચ્ચે વહેતું હોય. સંવેદનપટુ કિશોરચિત્ત પર એ ઝરણાના સૌંદર્યનો પ્રભાત પડ્યા વિના રહે ? એ ઝરણાએ પંદર વર્ષના કિશોરને એક કાવ્યપંક્તિ આપેલી. કવિએ યાદ કરી એ પંક્તિ (કવિને યાદ બહુ રહે) :

**જનતા તટે કુદરતપટે સૌંદર્યનિકેતન હતું...**

કવિએ કહ્યું, ત્યારે હું અંગ્રેજી પાંચમીમાં, આ વ્યસ્ત હરિગીત પંક્તિમાં 'સૌંદર્યનિકેતન'નો 'નિ' દીર્ઘ બોલવો પડે, તે ગમ્યું નહોતું. પછી થયું, હવે આગળ નહીં લખું અને એક પંક્તિએ અટકી ગયો.

ચોમાસામાં વહેતા એ ઝરણાનું સ્થળ પણ પછી તેમણે બતાવ્યું. આ સ્થળનો કવિ ઉમાશંકરની કવિતાના પ્રેમીઓ માટે વિશેષ મહિમા હોવાનો. આ ઇડરિયા ગઢ પરથી એકદા જે કાવ્યઝરણું સહસા ફૂટે ન ફૂટે ત્યાં એ સમયે ભલે થંભી ગયું. પણ પછી ફૂટ્યું તે એવું કે સતત વહેતો મહાનદ બની ગયું. જે કવિની આરંભની સિદ્ધ કાવ્યપંક્તિ હતી. 'સૌંદર્યો પી ઉરઝરણા ગાશે પછી આપમેળે' – તે કવિને મન ઇડરિયા ગઢના એ ખડકો અને એ ઝરણું સાચે જ સૌંદર્યનિકેતન હતું. જળ અને પથ્થર કવિનાં એટલે તો પ્રિય કલ્પનો છે.

'ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા' એ ગીત ગમે ત્યાં રચાયું હોય. પણ એ કયા ડુંગરા હતા ? પેલો ઝાંઝરીવાળો ઘર પછવાડેનો ખંભેરિયો ડુંગર અને ઘરના ઉંબરેથી દેખાતો આડો ડુંગર અને ઘહુંઆવ અને ઈડરના આ ડુંગરા ખરેખર તો કવિની સમગ્ર કાવ્યગંગાની ગંગોત્રી-ગોમુખ એ આ ભોમકા, આ ડુંગરા... એ કવિએ ભલે પછી હિમાલય, આરારાત કે આલ્પ્સનાં સૌંદર્યો પીધાં હોય.

૨૧-૭-'૮૫ **(દેવતાત્મા હિમાલય)**
કવિજન્મદિન **(લેખકકૃત 'તેષાં દિક્ષુ'માંથી સાભાર)**

# વિશ્વશાંતિની ગુરુકિલ્લી

મનુભાઈ પંચોળી

છેલ્લાં પચાસ વર્ષમાં ઘણી શોધો થઈ છે. ચંદ્ર પર અને સૂર્યમંડળમાં રૉકેટો, ઉપગ્રહો મોકલવાની અદ્ભુત શોધો માણસે કરી છે. પણ મને પૂછવામાં આવે તો હું કહું કે એ મહત્ત્વની શોધો નથી.

છેલ્લાં પચાસ વર્ષમાં થયેલી શોધમાં મોટામાં મોટી શોધ હું બાલશિક્ષણશાસ્ત્રની ગણું છું. મારી અફર શ્રદ્ધા છે કે જો માણસજાતને મુક્તિનો અનુભવ લેવો હશે તો તેણે બાલશિક્ષણની આ શોધ પાસે આવવું પડશે. ત્યારે જ શાંતિનું ક્ષેત્ર વિસ્તરશે. ત્યારે જ મુક્તિનું સાચું પ્રભાત ઊઘડશે.

'યુનેસ્કો'ના ખતપત્રની પ્રસ્તાવનામાં કહ્યું છે તેમ, યુદ્ધ પહેલાં માણસોના હૃદયમાં શરૂ થાય છે ને ત્યાં જ તેને ડામવું જોઈએ. વ્યક્તિઓના હૃદયમાં જ પરિવર્તન કરવાની રીત માણસજાત જમાનાઓથી શોધતી આવી છે.

કોરી જમીનમાં પડેલ તિખારો આપોઆપ ઓલવાઈ જાય છે, પણ ઘાસવાળી ભોંયમાં જો પડે તો જરૂર દાવાનળ લાગે છે. તિખારો ન પડે તે એક સાવચેતી; ને તિખારો પડે તોપણ આગ ન લાગે, આપમેળે બુઝાઈ જાય, તે બીજી સાવચેતી. બાળકેળવણીનું શાસ્ત્ર આ બીજા પ્રકારનું કામ કરે છે. એટલે જ બાળકેળવણીમાં કામ કરનારાઓને હું ઘણી વાર શાંતિસૈનિકો કહું છું. શાંતિ સ્થાપવાનું કામ માત્ર આઈઝનહોવર, ખ્રુશ્ચેવ કે વિનોબાજી જ નથી કરતા, પણ રાનીપરજનાં ઝૂંપડાંઓ વચ્ચે બાલવાડી ચલાવનારાં ગ્રામસેવિકા પણ કરી રહેલ છે. કારણ કે તે પોતાની સંભાળમાં મુકાયેલાં ભુલકાંઓમાં આક્રમક વૃત્તિનાં બીજ ન રહે તેવી હિકમતથી કામ કરી રહેલ છે. તેનો ફોટો કે નામ છાપામાં આવતાં નથી, તેથી તેનું કામ ઓછા મહત્ત્વનું નથી. ઝાડનાં મૂળિયાં હંમેશાં અંધારામાં જ રહે છે, પણ વૃક્ષને તે જ પોષણ આપે છે ને તે જ વૃક્ષનો આધાર બને છે.

લડાઈનાં પડઘમ વાગે કે તરત જ આક્રમકને સંખ્યાબંધ સૈનિકો મળી રહે છે. તે શા કારણે ? સૈનિકો નોંધવાની પડાપડી થાય છે, જે રહી જાય છે તે ઘણી વાર રડે છે, તે શા માટે ? ઉનાળામાં ધરતી પર તરણુંય નથી હોતું, ને વરસાદ પડતાં હરિયાળું ઘાસ ઊગી નીકળે છે તે શા કારણે ? ઘાસનાં સૂક્ષ્મ બીજો ત્યાં ધરતીમાં જ હતાં; વરસાદ પડતાં તે બીજો ફૂટી નીકળ્યાં. આક્રમક વૃત્તિનાં બીજ ત્યાં ચિત્તની ભૂમિમાં વેરાયેલાં જ હતાં; અનુકૂળ ઘડી મળતાં જ તે ફૂટી નીકળ્યાં. સંસ્કૃતિ, વિવેક, સારાસાર વૃત્તિ કશું ત્યાં કામ ન આવ્યું.

બાલશિક્ષણ અને બાલમાનસશાસ્ત્ર એમ કહે છે કે આ આક્રમક વૃત્તિ કાંઈ બાળકમાં પહેલેથી નથી હોતી. જિજીવિષા, સંરક્ષણની ઇચ્છા તેને હોય છે; પણ આક્રમણની વૃત્તિ તો કુશિક્ષણનું જ પરિણામ છે, ને યોગ્ય શિક્ષણ તેને રોકી શકે છે. આ યોગ્ય શિક્ષણ એટલે સમયસરનું શિક્ષણ ને પદ્ધતિસરનું શિક્ષણ.

જમાનાઓથી સાધુસંતો શાંતિનો ઉપદેશ દેતા આવ્યા છે. તેનું પરિણામ શા સારુ આટલું ઓછું આવ્યું છે ? ઈશુ કે ભગવાન તથાગત, સંત ફ્રાંસિસ, એકનાથ કે તુકારામનાં ચારિત્ર, જ્ઞાન અને કરુણા અપરિમેય હતાં. પણ તેમના સંસર્ગમાં આવેલામાંથી મોટા ભાગને તેઓ ચિત્તશાંતિ આપી શક્યા ? ને તેમના ગયા પછી પણ તેમના ઉપદેશનાં શ્રવણમનનથી કેટલાનાં જીવતરનું પરિવર્તન થયું ? એમની મહત્તા અને ગુણવત્તા બંનેના પ્રમાણમાં પરિણામ કેટલું ? ગંગાના અનર્ગળ જીવનદાયી પ્રવાહમાંથી કેમ મબલખ પાક નથી ઊતર્યો ? હું ઉત્તર આપવાનું સાહસ કરું ? આ મહાપુરુષોએ પોતાનો ઉપદેશ પ્રૌઢોને આપ્યો છે. તેમણે પોતાનું કાર્યક્ષેત્ર પ્રૌઢ-પરિવર્તનનું ગણ્યું હતું.

'મહાભારત'માં ભગવાન વ્યાસે એક માર્મિક પ્રસંગ મૂક્યો છે. દુર્યોધનને એક વાર વિદુર સમજાવે છે કે ભાઈ-ભાઈના યુદ્ધનું પરિણામ કેવું ભયંકર આવે. દુર્યોધન એ બધું સાંભળીને કહે છે : **जानामि धर्मम् न च मे प्रवृत्तिः, जानामि अधर्मम् न च मे निवृत्तिः** (ધર્મ શું છે તે હું જાણું છું, પણ મારાથી તે પળાતો નથી. અને અધર્મ શું છે તે પણ હું જાણું છું, પણ મારાથી તેમાંથી પાછું ફરાતું નથી.) સૌની ઓછેવત્તે અંશે આવી દશા હોય છે. આપણે દુર્યોધનની નાનીમોટી આવૃત્તિઓ છીએ. કારણ કે જ્ઞાન પછીથી આવે છે; આદતો-લાગણીનાં વલણ બાળપણમાં પડી ચૂક્યાં હોય છે. આથી ઉપદેશ આપણને એક બાજુ ખેંચે છે અને આદતો-લાગણીઓ બીજી બાજુ. આ ગજગ્રાહમાં, થોડાક સદ્‌ભાગીઓ બાદ કરીએ તો, બાળપણની આદતો અને લાગણીઓ જીતે છે. આ પૂજ્ય અને પ્રણમ્ય મહાપુરુષો પ્રત્યે પૂરો આદર રાખીને પણ એમ કહી શકાય કે એમણે આની શરૂઆત કરવી જોઈએ ત્યાંથી નો'તી કરી એટલે તેમના પ્રયત્નનું પરિણામ ઓછું આવ્યું છે. ને ધર્મસંસ્થા જ્યાં સુધી પ્રૌઢોમાં જ કામ કરશે ત્યાં સુધી ધર્મ દૃઢમૂળ કે સ્વાભાવિક થવાનો નથી.

બાલશિક્ષણશાસ્ત્રનું બીજું વિધાન એ છે કે આક્રમક વૃત્તિનાં મૂળ બાલ્યાવસ્થામાં થયેલ નૈરાશ્યના અનુભવમાં છે. બાળકોને અપમાન અને નિરાશાના જે અનુભવો આપણાં ઘરમાં, શેરીઓમાં ને શાળામાં થાય છે તે બાળકો ભૂલી નથી જતાં. તેમના હાથપગ નાના હોવાથી તે મૂગાં રહે છે, પણ તેમના ચિત્તના ચોપડામાં તેઓ તે સમાજને ખાતે ઉધારી રાખે છે. મોટાં થતાં જ ચોપડો ખોલે છે ને પોતાનું લેણું સમાજ પાસેથી એક યા બીજી રીતે વસૂલ કરે છે. બાળકે નાનપણમાં અપમાન, હીણપતભર્યા અનુભવ કર્યા હોય છે, એટલે મોટી ઉંમરે તે કોઈ ને કોઈને પીડિત કર્યા સિવાય રહી શકતો નથી.

બાળકને જેટલી વાર નિરાશાનો અનુભવ આપણે કરાવીએ છીએ તેટલી તેની આત્મશ્રદ્ધાની ઈંટો એક પછી એક ખસેડીએ છીએ. ને જેની આત્મશ્રદ્ધા ગઈ તે તક આવ્યે આક્રમક થાય છે, ને તક ન મળે ત્યાં સુધી અરજદાર રહે છે. તેને આપણે દબડાવ્યો, રોવડાવ્યો, હીણપત આપી; તેને થયું કે આનો બદલો કેમ લેવો ? પોતાનાથી કોઈ નાનો મળશે તેને તે દબડાવશે, બીજા દેશ પર આક્રમણનાં નગારાં વાગે ત્યારે તેમાં ભરતી થઈને મનમાં ભરી રાખેલાં અપમાનોની દેશસેવાના નિમિત્તે કોઈના પર દાઝ કાઢી પોતાની વડાઈ સાબિત કરશે.

કર્ણ ચીતરીને વ્યાસ ભગવાને આપણને આ શિખામણ આપી છે. કર્ણને નાનપણમાં સૌએ અજ્ઞાત-કુલશીલ ગણી તિરસ્કાર્યો. ભીમે તિરસ્કાર્યો, દ્રૌપદીએ સૂતપુત્ર કહી સભા વચ્ચે તિરસ્કાર્યો. પણ કર્ણ બળવાન હતો એટલે એ સહન કરી બેસી ન રહ્યો; તેણે દુર્યોધન સાથે ભળી પાંડવ-કૌરવનું પાટે ચડવા ન દીધું. દ્રૌપદીના વસ્ત્રાહરણમાં, છળકપટ ભરેલા દ્યુતમાં, બધે તેણે સાથ આપ્યો. કર્ણ મોટો દાનવીર હતો. પોતાનાં કવચકુંડળ દાનમાં આપતાં તે અચકાયો ન હતો. શાસ્ત્રોનો પણ જાણકાર. અને છતાંયે તેણે આવું કેમ કર્યું હશે ? નાનપણમાં અપમાનો-નિરાશા વેઠવાં પડેલાં તેનો બદલો લેવા કર્ણે આ બધું કર્યું. તેને ભણવું હતું તે માટે ખોટો વેશ લઈને તેને પરશુરામ પાસે ભણવા જવું પડ્યું. ને ત્યાં પણ પકડાતાં શાપ મળ્યો. દ્રૌપદીને પરણવું હતું, પણ ભરસભામાં 'સૂતપુત્રને નહિ વરું' કહી દ્રૌપદીએ તેને અપમાનિત કર્યો. કૃપાચાર્યે કુમારોની પરીક્ષા વખતે 'તું રાજવંશનો પુત્ર નથી; તારાં માતાપિતા કોણ ?' કહી હાંસી કરી. ભીષ્મ તો તેને કાગડો કહેતા. આમ ચારે બાજુ નિરાશા ને અપમાન મળતાં બદલો લેવા તે અધર્મને પક્ષે ગયો, આક્રમણ કરનારાઓનું સોગઠું બન્યો. હજારો વર્ષ પર ભગવાન વ્યાસે જે કવિની દૃષ્ટિથી જોયું, તે જ બાલશિક્ષણકારોએ આજે વૈજ્ઞાનિક દૃષ્ટિથી શોધ્યું છે.

બાલશિક્ષણશાસ્ત્રીઓનું ત્રીજું વિધાન એ છે કે સંહારવૃત્તિનો અવેજ સર્જનવૃત્તિ છે. આક્રમકનો ઉપાય અંતઃતૃપ્તિ છે જે સમાજ પોતાનાં બાળકો માટે તેમની વય, તેમની વૃત્તિ, લક્ષમાં રાખીને સર્જનકાર્ય માટેની વ્યવસ્થા પોતાની શિક્ષણ-વ્યવસ્થામાં યોજે છે તેને કોર્ટો-જેલો-લશ્કરોનું ખર્ચ ઓછું કરવું પડે છે. જ્યાં આત્મસંયમ નથી ત્યાં પરસંયમ-પરશાસન લાવવું પડે છે. એટલે જ પ્લેટોએ કહ્યું કે જે સમાજ યોગ્ય શિક્ષણ પાછળ વધારે ખર્ચ કરે છે તેને લશ્કર પાછળ ઓછું ખર્ચ કરવું પડે છે. આ આત્મસંયમ જેટલો નિગ્રહથી આવે છે તેનાથી વિશેષ અંતઃતૃપ્તિથી આવે છે. જેને પોતાની

પ્રવૃત્તિ કઈ તે જડી ગયું છે તેને બીજાના કામમાં ડખલ કરવાની, બીજાની ટીકા કરવાની ફુરસદ જ હોતી નથી. ફૂલ પર બેઠેલી મધમાખીની જેમ તે રસ ચૂસવામાં તલ્લીન થઈ જાય છે. આપણામાંના મોટા ભાગને આંતરતૃપ્તિ નથી માટે બહાર દોડધામ કરીએ છીએ; વસ્તુઓના ગંજના ગંજ ખડકીને મોટા થવાનો ખોટો ડોળ કરીએ છીએ, કારણ અંદર આપણું મન ખાલીખમ હોય છે.

બાળકોને એ અવસ્થાએ આપણે સ્વયંસ્ફુરિત પ્રવૃત્તિ કરવા દઈએ તો અંતઃતૃપ્તિ માટેનો તેમનો માર્ગ ખુલ્લો થશે ને બીજાને ડખલ કરવાનું, બીજાની ઈર્ષા કરવાનું, બીજાને હલકા પાડી મોટા થવાનું ઝેર તેમના સ્વભાવમાં નહિ પ્રવેશે. આ ઝેર શું આપણા સમાજમાં ઓછું છે ? કોઈક જરાક આગળ વધે તો રાજી થનારા કેટલા ? અને ઈર્ષા કરનારા કેટલા ? આવો ઈર્ષાળુ સમાજ, સમાજ કહી શકાય ખરો ? અપમાનો ને ઈર્ષાળુ વ્યક્તિઓ યુદ્ધની આગ ફેલાવનારાઓને સૂકા ઘાસની ગંજી જેવી ઉપયોગી નીવડે છે.

એટલે, બાળશિક્ષણનું કામ એક ધાર્મિક કામ છે, ને બાલ-શિક્ષકો શાંતિસૈનિકો છે. ભલે આવું કામ કરનારા શિક્ષકો ઝાઝા ન હોય, પણ જેટલા હોય તેટલા ભારે આદરને પાત્ર છે, કારણ કે સમાજના સ્વાસ્થ્ય ને સુખ માટે તેઓ પાયાનું કામ કરી રહ્યા છે. આપણાં ધન, માલ, આબરૂ, સુખાશા એ બધાંને માટે આપણે વારે વારે શેરબજાર, પોલીસ કે અદાલત તરફ જોઈએ છીએ. તેને બદલે જો આપણે બાલમંદિરો તરફ જોતા, બાલમંદિરો પાસેથી મદદ માગતા થઈએ તો સંભવ છે કે આપણી આશા વહેલી સફળ બને. કારણ કે ધનનું ધન આખરે તો આપણાં સુશીલ સંતાનો છે, અને તેમને સુશીલ બનાવવાની મોટામાં મોટી શક્યતા યોગ્ય બાલશિક્ષણમાં છે.

**(મહેન્દ્ર મેઘાણી સંપાદિત**
**મિલાપની વાચનયાત્રા : ૧૯૬૦માંથી સાભાર)**

## "તે ચૂકવીને આવીશ"

મારા પિતાજી ગુજરી ગયા, તે વખતે મારાં બાને મેં કહ્યું, "હવે તમે આંબલા આવો; અહીં એકલાં રહેવું નહીં ફાવે."

બા કહે : "હજુ અહીં રહેવું પડે તેમ છે. તારા બાપુજી દાણાવાળાની દુકાનેથી જે કાંઈ લાવતા, તેમાં ૭૦-૮૦ રૂપિયા ચૂકવવાના બાકી છે; તે ચૂકવીને હું આવીશ."

મેં કહ્યું, "એ કઈ મોટી વાત છે ? હું સાંજે એની દુકાને જઈને રકમ ભરી આપીશ."

મારી બા કહે, "એમ ન થાય, એ પૈસા તો મારે જ ભરવા જોઈએ; એ તો હું વેંત કરીશ."

"તું મારા પૈસા ન લે ?"

"લઉં જ ને ! પણ આ પૈસા મરનારે ભર્યા હોત; હવે એ નથી, એટલે હું ભરીશ."

હું જાણતો હતો કે ઘરમાં કાંઈ નથી. મારા બાપુજીને ૨૦-૨૨ રૂપિયા પેન્શન મળતું. એમાં પોતાનું ચલાવતા ને દીકરીઓ-ભાણેજડાંને ટાણેટચકે સાચવતા.

મેં કહ્યું, "બા, તું ક્યાંથી ભરીશ ? મરનારના વારસ તરીકે તેનું આ બધું દેણું હું ભરી આપીશ."

બા બોલ્યાં, "તું વારસ, ને ભરે તે વાત સાચી. પણ આ તો હું જ ભરીશ. તું માથાઝીક ન કર."

તે ન જ માન્યાં. ત્રણ મહિને દેણું ભર્યું. કેવી રીતે કમાયાં હશે ? દળણાં દળ્યાં હશે ? બાંધણી બાંધી હશે ? ભગવાન જાણે ! પણ પોતાની જાતકમાણીથી દેણું ભર્યું; પછી જ આંબલા આવ્યાં.

**મનુભાઈ પંચોળી**

# બાળકોને વાર્તા કેવી રીતે કહીશું ?

મૂળશંકર મો. ભટ્ટ

કયા બાળકને વાર્તા સાંભળવાનું મન નહિ થતું હોય ? તેમ છતાં, આજે કેટલાં કુટુંબોમાં નવરાશને વખતે મા કે બાપ પોતાના બાળકને નિરાંતે વાર્તા કહેતા હશે ?

કોઈક માબાપ કહેશે કે, અહીં નવરાશ જ ક્યાં મળે છે કે બાળકને વાર્તા કહીએ ? એના જવાબમાં એટલું જ પૂછવાનું કે ખરેખર પ્રામાણિકપણે તમને એમ લાગે છે કે નવરાશ નથી મળતી ? ખરી વાત એ છે કે બાળકને વાર્તા કહેવાની પાછળ વખત કે શક્તિ ખર્ચવાની શી જરૂર છે તે આપણે જાણતા નથી.

હું અહીં કોઈ બાલ-મનોવિજ્ઞાનના સિદ્ધાંતોનું વિવરણ કરવા ઇચ્છતો નથી. હું તો એક બાળકના પિતા તરીકે અને અનેક નાનાં બાળકોના મિત્ર બનવા ભાગ્યશાળી થયેલા એક નાગરિક તરીકે વાત કરવા ઇચ્છું છું. બાળક માત્ર પોષણ જ ઇચ્છે છે એમ નથી, માત્ર પ્રેમ કે સલામતી જ ઇચ્છે છે એમ નથી. બાળક કેવળ પોતાના જીવનની પ્રાથમિક ગણાતી જરૂરિયાતોને જ પોતાનું સર્વસ્વ માને છે એમ પણ નથી. બાળક તો આ જગતમાં પ્રવેશ કરવા ઝંખે છે. આ જગત તેને મન એક મોટી સમસ્યા છે. તેને મન આ બધુંય એક ચમત્કાર છે. તે વિસ્મિત હૃદયે, ચકિત નેત્રે, કંઈક ધડકતે હૈયે ને કંઈક કુતૂહલથી પ્રેરાઈ રોજ-બ-રોજ જગતના નવાનવા અનુભવોને પોતાના મનમાં ગોઠવવા મથે છે. તેના ચિત્તમાં આ જગતનું પ્રતિબિંબ પડે છે તે અદ્‌ભુત હોય છે. બાળકને વાર્તા ગમે છે તેનું મૂળ બાળકની આ અદ્‌ભુત ચિત્તસૃષ્ટિમાં રહેલું છે. પાંખાળા ઘોડા, બોલતું પંખી, ગાતાં ઝરણાં, એક આંખવાળો રાક્ષસ, એ બધું તેના ચિત્તમાં પડતું આ વાસ્તવિક જગતનું પ્રતિબિંબ છે.

કોઈ પણ કાળે, કોઈ પણ દેશમાં, જંગલીમાં જંગલી ગણાતા લોકોએ પણ પોતાનાં બાળકો માટે વાર્તાઓ બનાવી છે, અને વાર્તાની ભૂખ મનુષ્યમાત્રમાં એકધારી પ્રગટ થતી આવી છે. ગીતો, રમતો એ બધાનો પણ બાળકના વિકાસમાં ઓછો ફાળો નથી. પણ અહીં આપણે વાર્તાઓ વિશે જ વિચારીશું.

ઘણાં માબાપ માને છે કે છોકરાંને પટાવવા માટે લપ દૂર કરવા માટે, જે કેટલાક નુસખા અજમાવવા પડે છે એમાંનો એક વાર્તા છે. અને ઘણાં બાળકો આવી રીતેયે જો થોડીક વાર્તા મળી જતી હોય તો એટલાથી પણ ચલાવી લે છે.

**વારતા રે વારતા,**
**ભાભો ઢોર ચારતા,**
**ચપટી બોર લાવતા,**
**છોકરાંને સમજાવતા.**

આટલી ટૂંકી વાર્તા કહીને છોકરાંને સમજાવી દેવા ઇચ્છતાં માબાપના મુખમાંથી નીકળેલી આ ચાર લીટીઓને પણ બાળકો ચગળ્યા કરે છે અને તેમાંથી રસ લીધા કરે છે. બાળકોની ભૂખ એવી તીવ્ર હોય છે.

બાળકોની પાસે વાર્તા મૂકવાની ખાસ કળા છે. બાળક વાર્તા સાંભળે છે ત્યારે તે સંગીત, તાલ, ચિત્ર, ભાષા, ભાવ, અભિનય, ગતિ – એ બધાંયે કળાનાં અંગોને એકીસાથે આત્મસાત કરવા મથતું હોય છે. વાર્તા એ માત્ર બનાવો નથી, પણ બનાવોનું આદિ અને અંતથી બાંધેલું એક સંપૂર્ણ શિલ્પ છે. તેમાં ઘાટ છે, રંગ છે, ભાવ છે, ભાષા છે અને તે બધામાંથી પ્રગટ થતો એક અર્થ છે.

વાર્તા કહેવામાં જુદી જુદી ઉંમરનાં બાળકો પાસે જુદી જુદી કળા અજમાવવાની હોય છે. દરેક હોંશીલા માબાપે વાર્તા કહેવાની કળા જાણી લેવી જોઈએ. એ માટે તમે કોઈ કુશળ વાર્તા કહેનાર પાસે બેસો અને એની વાર્તા કહેવાની ઢબનું અવલોકન કરો તો જરૂર કેટલીક રીતો પકડી શકશો. આડેધડે, ડચકાં ખાતાં ખાતાં, સૂકા અવાજે, વેઠ ઉતારતા હોઈએ તેમ વાર્તા કહીએ તે બાળકોનું અપમાન છે.

આ કળા સમજવા માટે આપણે ઉત્તમ

બાળવાર્તાઓનો અભ્યાસ કરવો જોઈએ. સદ્ભાગ્યે આપણે ત્યાં કેટલીયે નાની નાની બાળવાર્તાઓ લગભગ લીટીએ લીટી કડીબદ્ધ મુખપરંપરાથી ચાલી આવી છે. તેને આપણે વળગી રહીએ તો તેમાંથી પણ આપણને વાર્તાકળાનો કંઈક પ્રકાશ મળશે.

**કહાણી કહું કૈયા, સાંભળ મારા છૈયા,**
**છૈયે માંડ્યું હાટ, ત્યાંથી નીકળ્યો ભાટ.**

આ વાર્તા તદ્દન નાની ઉંમરના બાળકને કંઈક ઝાંખાં એવાં ચિત્રોની પરંપરા ઉપજાવી આપે છે. તેમાં રહેલ સંગીત અને તાલની પરંપરામાંથી જાણે એ ચિત્રો ઊઠતાં દેખાય છે અને બાળકને પ્રસન્ન કરે છે.

એક શિક્ષકને બાળવાડીમાં વાર્તા કહેવાનું આવ્યું. એણે વાર્તાની પસંદગી બરાબર કરી. વાર્તાની શરૂઆત પણ બરાબર કરી. પણ ઘણી બાળવાર્તાઓની જેમ આ વાર્તામાં પણ ઉપરાઉપરી પુનરાવર્તન આવવા માંડ્યાં :

**આકડા કેરી ગાડી કીધી,**
**મેડક જોડ્યા જાય;**
**ચમારે મારી ચકલી,**
**ચકો રાણો વેર લેવા જાય.**

હવે ચકોરાણો દરેક નવું પાત્ર મળે તેને પોતાના આ પ્રવાસનું કારણ કડીમાં ગર્વભેર કહેતો જાય છે. પેલા શિક્ષકને થયું કે દરેક વખત મારે આ ને આ કડી શા માટે બોલ્યા કરવી ? વાર્તાને શા માટે કંટાળાભરેલી બનાવવી ? એટલે એકબે વાર આ કડી બોલ્યા પછી એણે કહ્યું : ''પણ વીંછી મળ્યો. વીંછીએ પૂછ્યું કે ક્યાં જાઓ છો ? ચકારાણા પાછી એ ને એ કડી બોલ્યા.''

બાળકોને પુનરાવર્તનમાં કેટલો બધો રસ પડે છે એ વાત બિચારા શિક્ષકથી ભુલાઈ ગઈ અને બાળકોને વાર્તામાંથી રસ ઊડી ગયો.

તદ્દન નાનાં બાળકો જે વખતે ભાષાની અદ્ભુત લાગણી સૃષ્ટિમાં પહેલી વાર પ્રવેશ કરે છે ત્યારે તેના આશ્ચર્યનો પાર હોતો નથી. એક શબ્દ બોલાય અને તરત જ તે શબ્દની પાછળ એક પદાર્થ કે ક્રિયા તેના મગજમાં ખડી થાય તે એક જાદુ જ છે. દીવો ઘસતાં જ અલાદીનની પાસે જીન ખડો થઈ જાય ને તે માગે તે ચીજ હાજર કરી દે તે જાદુ જેવી જ ચમત્કારિક અસર આ શબ્દોમાંથી બાળક અનુભવતું હોય છે. પણ તે શબ્દોના અર્થ સમજે તે પહેલાં તેમાંથી ઊઠતા ધ્વનિઓને પોતાના કંઠમાં ને કાનમાં જડી લેવા પ્રયત્ન કરે છે. આથી જોડકણાં નામે ઓળખાતો વાર્તાપ્રકાર નાનાં બાળકોને અતિ પ્રિય થઈ પડે છે.

બાળકની ભાષાસમૃદ્ધિ, સમજવાની અને કંઈક અંશે બીજાને સમજાવવાની શક્તિ, શબ્દો, શબ્દપ્રયોગો વગેરે વધતાં જાય તેમ તેમ તેમને જોડકણાંમાંથી આપોઆપ રસ ઘટતો જાય છે. અને આ પછી પ્રાણી, પંખી, વનસ્પતિ, જંતુઓ વગેરેની વાર્તાઓમાં રસ પડે છે. અલબત્ત, આ વાર્તાઓમાં પણ થોડેઘણે અંશે જોડકણાં આવવાં તો જોઈએ. જેમ કે 'સાત પૂંછડિયો ઉંદર' : એમાં વાર્તા પણ છે. અને થોડુંક તાલબદ્ધ લીટીઓનું પુનરાવર્તન પણ આવ્યા કરે છે. એવી જ રીતે 'ડોશી અને તેની દીકરી'ની વાર્તામાં 'દીકરીને ઘેર જાવા દે, તાજીમાજી થાવા દે,' એ લીટી વારંવાર આવવાથી વાર્તામાં બનાવના રસ સાથે આ તાલબદ્ધ લીટીના પુનરાવર્તનનો રસ ભળે છે અને વાર્તા વધુ રસિક બને છે. પણ જેમ જેમ બાળકના મનમાં વાર્તાના સ્વરૂપનો ખ્યાલ આવવા માંડે છે, તેમ તેમ આ વર્તનો તેને અંતરાયરૂપ લાગવા માંડે છે, 'હવે શું આવશે ?' એ પ્રશ્નમાં તેને વધુ રસ પડે છે.

બાળક આઠ-નવ વરસની ઉંમરનું થાય એટલે તેને પરાક્રમ-કથાઓમાં વધુ ને વધુ રસ પડવા માંડે છે. જેમાં સાહસો, જીવના જોખમે કોઈ કામ સિદ્ધ કરવાની તમન્ના, દુઃખીની મદદે પહોંચી જઈને દુઃખ દેનારને પડકારવો વગેરે બનાવો આવે તેવી વાર્તાઓમાં આ બાળકોને ઠીકઠીક રસ પડે છે.

પૌરાણિક વાર્તાઓની પસંદગીનો સવાલ મુશ્કેલ છે. પુરાણો તો વાર્તાઓનો સાગર છે. દરેક પુરાણ તે તે કાળે ગમે તેટલું ઉપયોગી થઈ પડ્યું હોય, પણ દરેક જમાનામાં તેની બહુ જ વિવેકપૂર્વક ચાળણી કર્યા કરવી જોઈએ; નહિ તો પુરાણની વાર્તાઓની રચનામાં એવું બળ છે કે તે આપણને માનસિક રીતે તે જમાનામાં પણ ખેંચી જાય. તે છતાં આવી વાર્તાઓએ એક કાળે લોકોને પ્રેરણા આપી પણ હશે, નહિ તો તે આટલી ટકી ન હોત એમ માનવામાં વાંધો નથી; પણ એવી વાર્તાઓનું

અવતારકૃત્ય હવે પૂરું થયું ગણીએ તો ખોટું નથી.

જીવનચરિત્રો, વૈજ્ઞાનિક શોધો, પ્રવાસો, સાહસો એ બધાંમાં વાર્તાનું તત્ત્વ ઘણું બળવાન હોય છે. અનેક મહાપુરુષોના, પ્રવાસીઓના, વૈજ્ઞાનિકોના, યોદ્ધાઓના જીવનમાં કેટલા ભવ્ય પ્રેરક અને રસિક પ્રસંગો હોય છે ! આવા પ્રસંગોને વાર્તાની રીતે બહેલાવીને કહેવાય તો તે બાળકોને માટે મોટી મિજબાનીરૂપ બની રહે. પ્રવાસીઓની અને વિજ્ઞાનગ્રથિત કાલ્પનિક વાર્તાઓની માંગ કુમાર વયનાં બાળકોમાં અતિશય હોય છે. એ વાર્તાઓનો રસ ચાખ્યા પછી તેમને પરીકથાઓ સાવ શુષ્ક લાગે છે.

બાળકોને વાર્તા કહેતી વખતે આપણા મનમાં કંઈક એવો ખ્યાલ રહે છે કે છોકરાંઓને તો જેમ વાર્તા કહીએ તેમ ચાલે. એમાં એકાદ વિગત રહી ગઈ તોયે શું અને એકાદ વિગત આઘીપાછી થઈ ગઈ તોયે શું ? પણ આવો ખ્યાલ ભૂલભરેલો છે. બાળકોને મન વાર્તા જીવનનો એક નવીન જ અનુભવ છે. શબ્દોની પરંપરા દ્વારા ઊભી થતી સૃષ્ટિને વારંવાર જોઈને તે આનંદ પામે છે અને એ આનંદ સાથે જીવનયાત્રામાં આગળ વધે છે. એને મન એની ગંભીરતા પૂરેપૂરી છે. આપણે પણ વાર્તા કહેતી વખતે બાળકની ગંભીરતાનો સ્વીકાર કરવો જોઈએ.

વાર્તાની વિગતોની ચોકસાઈ વિશે પણ વિચાર કરીએ. બાળક અતિશય વ્યવસ્થાપ્રિય હોય છે પણ આપણે તેને અવ્યવસ્થિત માનીએ છીએ. એક વાર કહેલી વાર્તા બાળકોને ફરીવાર કહીએ છીએ ત્યારે તેઓ આપણી નાનીનાની ભૂલો ખૂબ ઝીણવટથી પકડી પાડે છે. વાર્તા સાંભળતી વખતે બાળક દરેકે દરેક પાત્રને તથા વિગતને પોતાના ચિત્તના ફલક ઉપર ચોક્કસ જગ્યાએ ગોઠવતું જાય છે. તે બેઠકમાં જરા જેટલો પણ ફેરફાર તેને રુચતો નથી. જો રાજાનો કુંવર એક વાર વડના ઝાડ નીચે વિસામો ખાવા બેઠો હોય તો બીજી વાર કહેવાતી વાર્તામાં તે આંબાની નીચે ન ઊભો રહી શકે. એને આંબા નીચે ઊભો રાખ્યો તો બાળક તરત જ પોતાનો વિરોધ નોંધાવવાનું.

વાર્તા કહેવાની રીતના બે નમૂના અહીં રજૂ કરું તો તે કંઈક ઉપયોગી થશે એમ લાગે છે. એક નમૂનો સારી છતાં ખરાબ રીતે કહેવાયેલી વાર્તાનો મૂકું, અને એક નમૂનો એ જ વાર્તા સારી રીતે કહેવાય ત્યારે કેવી લાગે તેનો આપું :

''એક હતો કાગડો ના હોં, એક હતો છોકરો તે છોકરાએ છે ને તે એક પૂરી લીધી. તેની માએ તેને એક પૂરી ખાવા આપી. તે પૂરી લઈને ખાવા લાગ્યો. ત્યાં પેલો કાગડો હતો ને – મેં પહેલાં નહોતું કહ્યું કે એક હતો કાગડો ? એ કાગડો – એ આવ્યો. કાગડો તો, ભાઈ, એવો લુચ્ચો ને એવો લુચ્ચો ને કે બસ 'કા કા' કર્યા જ કરે. તે ડાળ પર બેઠો. ફળિયામાં મોટું ઝાડ તે ઝાડની ડાળ પર બેઠો. બચુભાઈ તો હાથમાં પૂરી લઈને ખાય. છોકરાનું નામ બચુભાઈ, હોં ! કાગડાએ બચુભાઈના હાથમાં પૂરી ભાળી ને તેણે તો પૂરી પડાવી લીધી, ને કા કા કરતો ઊડી ગયો. ના ના, હોં; કા કા કરતો નહિ. કા કા બોલે તો તો પૂરી મોઢામાંથી પડી જાય ને ? એ તો પૂરી લઈને એક ઝાડ પર જઈને બેઠો ને ખાવા લાગ્યો. પૂરી તો એવી મળી કે કાંઈ વાત ન કરો. પેલા બચુભાઈ તો પૂરી કાગડો લઈ ગયો એટલે રોવા મંડ્યા, હોં ! ત્યાં તો એક શિયાળભાઈ ઝાડ નીચેથી નીકળ્યા. તેણે કાગડાના મોઢામાં પૂરી જોઈ. શિયાળભાઈ તો અતિશય યુક્તિબાજ પ્રાણી છે. તેણે કહ્યું, ''કાગડાભાઈ, કાગડાભાઈ, તમે તો કેવા રૂપાળા છો ? શું તમારી ચાંચ ! તમારાં પીંછાં તો કેવાં ચમકતાં ને કાળાં છે ! મને તમારું સંગીત સાંભળવાનું બહુ મન થાય છે.'' એટલે કાગડાભાઈ તો એકદમ આનંદમાં આવી ગયા ને 'કા કા' કરીને ગાવા મંડ્યા. ત્યાં તો તેમની ચાંચ ઊઘડી ગઈ ને પૂરી મોઢામાંથી પડી ગઈ. શિયાળભાઈ પૂરી લઈને ચાલ્યા ગયા.''

વાર્તારચનાના કસબમાં શ્રેષ્ઠ કક્ષામાં મૂકી શકાય તેવા ઈસપની આ નાનકડી વાર્તા અહીં કેવળ કહેવાની રીતના અણઘડપણાને લીધે સાવ ફિક્કી બની જાય છે. આ જ વાર્તાને જરા ઢંગથી કહેવી હોય તો આ રીતે કહી શકાય :

''એક હતો કાગડો, ભારે લુચ્ચો. ઊડતો જાય, 'કો કો' કરતો જાય ને આમતેમ જોતો જાય. ખાવાનું ભાળે કે તરત ત્યાં પહોંચી જાય. એક દી તે ઊડતો ઊડતો જતો હતો ત્યાં નીચે જુએ તો ફળિયામાં એક

છોકરો ઊભો ઊભો લહેરથી પૂરી ખાય. કાગડાભાઈ તો છાનામાના ઊડતા ઊડતા પાછળથી આવ્યા ને ઝડપ દઈને છોકરાના હાથમાંથી પૂરી આંચકીને સરરરર કરતા ઊંચે ઊડી ગયા, ને છોકરો 'એં એં' કરતો રોવા મંડ્યો. કાગડાભાઈ તો લહેરમાં આવી ગયા. હવે તો આઘે જઈને ઊંચે ઝાડ પર બેસીને નિરાંતે પૂરી ખાશું એમ કરીને એક ઝાડની ડાળે બેઠા. આમતેમ નજર કરી. કોઈ નથી, હવે ખાવા માંડીએ. ત્યાં તો નીચેથી શિયાળભાઈ નીકળ્યા. શિયાળભાઈની નજર ઉપર ગઈ. કાગડાના મોઢામાં પૂરી ભાળી. શિયાળભાઈના મોંમાં પાણી આવ્યું; પણ કરવું કેમ ? શિયાળ કંઈ ઝાડ ઉપર ચઢી શકે ? પણ શિયાળભાઈ કાંઈ મોળા નહોતા. તે કહે, 'રામ રામ, કાગડાભાઈ !' પણ કાગડો એમ બોલે ? તેણે તો જરાક માથું હલાવ્યું. એટલે શિયાળભાઈ કહે, 'કાગડાભાઈ, મેં તો દુનિયામાં કેટલાંય પંખીઓ જોયાં, કેટલાંય જાનવર જોયાં, કેટલાંય માણસ જોયાં, પણ કાગડા જેવું રૂપાળું તો કોઈ નહિ, હોં ! અને કાગડાયે ઘણા ભાળ્યા પણ તમને જોઉં છું ત્યાં તો થાય છે કે તમે તો રૂપરૂપના અવતાર છો. શું તમારી વાંકી ચાંચ ! શું તમારી હીરા જેવી આંખો ! શું તમારી ડોક ! એમાંયે તમારી પાંખોની તો વાત જ શી કરવી ? કાગડાભાઈ તો વખાણ સાંભળીને ફૂલ્યા સમાય નહિ. એ તો હરખમાં આવીને છાતી ફુલાવા લાગ્યા ને આંખો પટપટાવવા લાગ્યા ને પાંખો ફફડાવવા લાગ્યા. શિયાળભાઈ કહે, 'વાહ, કાગડાભાઈ, તમને તો નાચ પણ આવડે છે ને શું ? પણ મને સૌથી વધારે જો કંઈ ગમતું હોય તો તમારું ગાયન ગમે છે. તમારું ગાયન સાંભળું ત્યારે તો મને થાય કે કોયલ તો તમારી પાસે પાણી ભરે.' કાગડાભાઈથી હવે તો રહેવાયું નહિ. તરત જ તેમણે પોતાનું ગાયન શરૂ કર્યું : 'કો કો કો.' ત્યાં તો ચાંચ ઊઘડતાંવેંત પૂરી ટપ દઈને નીચે પડી. નીચે પડી એવી શિયાળભાઈના મોઢામાં. શિયાળભાઈ તો પૂંછડી હલાવતા હલાવતા અને પૂરી ખાતા ખાતા ઊપડી ગયા, ને ઉપર કાગડાભાઈ 'કો કો' કરતા બેસી રહ્યા.''

બંને વાર્તાને સરખાવી જોવાથી વાર્તાકથનમાં થતી સામાન્ય ભૂલોનો ખ્યાલ આવશે.

દરેક માબાપને બાળક ઉપર પ્રેમ તો હોય છે, પણ તે પ્રેમ પ્રકૃતિનો આપેલો પ્રેમ છે, પ્રાકૃત પ્રેમ છે. મનુષ્ય એ પ્રેમને પ્રાકૃતિક ભૂમિકા પરથી ઉઠાવીને સાંસ્કૃતિક ભૂમિકા પર લઈ જઈ શકે છે. એમ ક્યારે બને ? એ ત્યારે જ બને જ્યારે આપણે બાળપ્રેમને વિશાળ બનાવીએ, વિવેકપૂર્ણ બનાવીએ અને બાળકમાં પડેલી વિકાસની ઝંખનાને ગતિ આપવામાં તેનો ઉપયોગ કરીએ.

વાર્તા એમાંનું એક શુદ્ધ, નિર્દોષ, સરળ અને આનંદદાયી સાધન છે. તે કહેનાર અને સાંભળનાર બંનેને તૃપ્ત કરે છે. ગરીબમાં ગરીબ માબાપ પણ આ કીમતી સાધન સહેલાઈથી વસાવી શકે છે. માત્ર એ માટે ઉત્સાહ જોઈએ અને તે માટેની થોડીક આવડત કેળવવી જોઈએ.

**(મહેન્દ્ર મેઘાણી સંપાદિત**
**'મિલાપની વાચનયાત્રા : ૧૯૫૮'માંથી સાભાર)**

*

## ખાખી અને ભગવો

જુવાન છોકરાઓને ખાખી પોશાક દેખાય છે ઉમદા; પણ ખાખી સાથે સિપાઈગીરીના, રોફના ને તોરના સંસ્કારો સંકળાઈ ગયા છે. હિંદના છોકરાઓ જ્યારે સ્કાઉટનો પોશાક પહેરીને નીકળે છે ત્યારે કેટલાક ખેડૂતોને એ ટુકડીઓ લશ્કરી પલટનના જેવી ભાસે છે. આ લોકો સેવા કરવા આવ્યા છે, હુકમ કરવા નહીં, એ એમના માન્યામાં નથી આવતું. વરસો સુધી નમ્ર સેવા બજાવ્યા પછી જ સ્કાઉટકુમારો ખાખીની આસપાસના આજના સંસ્કારો ધોઈ કાઢી શકશે.

આપણા ભગવા રંગમાં જેમ ત્યાગ-વૈરાગ્ય છે, તેમ નિરપેક્ષ સેવા પણ છે. પણ આજે દુનિયાને ભગવામાં સેવા દેખાય છે ખરી ? ખાખી અને ગેરુઓ બન્ને રંગ આપભોગ અને સેવાના સૂચક છે. પણ આજે બંને સત્તાસૂચક થયા છે. એક પૂજાની અપેક્ષા રાખે છે, બીજો હકૂમત ચલાવે છે.

**કાકા કાલેલકર**

# સવા શતાબ્દી પર્વે રસિક શિરોમણિ મુનશીની સારસ્વત વંદના

ડૉ. કેશુભાઈ દેસાઈ

ગુજરાતી સાહિત્યનાં ત્રિકૂટ ગિરિશિખરો છે - સરસ્વતીચંદ્ર, ગુજરાતનો નાથ અને માનવીની ભવાઈ. આ ત્રણે નવલકથાઓ છે. ગોવર્ધનરામ ત્રિપાઠીની 'સરસ્વતીચંદ્ર' મહાનવલ છે, અંગ્રેજીમાં જેને 'સાગા' કે 'એપિક નૉવેલ' કહેવામાં આવે છે એવી કાલજયી કૃતિ છે. સરસ્વતીચંદ્ર પાછળ આખું ગુજરાત ઘેલું હતું. દર્શક 'વાગીશ્વરીનાં કર્ણફૂલો'માં લખે છે એમ એ હારી ગયેલા, ગુલામીમાં સબડતા ભારતીય સમાજના પુનરુત્થાનના ગર્ભિત ઉદ્દેશ સાથે રચાયેલી કથા છે.

પરંતુ ગોવર્ધનરામનો 'સરસ્વતીચંદ્ર' આખરે તો પરંપરાને પૂજનારો અને સમાજનાં પ્રસ્થાપિત મૂલ્યો પાછળ પ્રેમનું બલિદાન આપનારો મહાનાયક છે. મુનશી ગુજરાતને એવા રૂઢિદાસ્યમાં સબડતું જોવા તૈયાર નહોતા. એ જન્મથી જ પરંપરાભંજક હતા. અતીતનું ગૌરવ લઈ વર્તમાનને વધુ ઊજળો બનાવવા માગતા આ ભાર્ગવ-ભૃગુવંશી બ્રાહ્મણ પરંપરાને એક પોષક બળ તરીકે જરૂર સ્વીકારે છે, પરંતુ જરૂર પડ્યે એની સાથે ઝુઝારુ લડવૈયાની જેમ બાથ ભીડી જાણે છે.

ગુજરાતી સાહિત્યને પશ્ચિમના રંગે રંગ્યા પછી પણ એની અસ્મિતા નંદવાય નહીં એનું બરાબર ધ્યાન રાખનાર કનૈયાલાલ માણેકલાલ મુનશી મૂળે ભરૂચનું ફરજંદ. મહાનવલ 'સરસ્વચીચંદ્ર'નું પ્રાગટ્ય અને મુનશીનો જન્મ-બેઉ ઘટનાઓ ૧૮૮૭માં બને છે. કેવો યોગાનુયોગ ! મુનશી બહુશ્રુત સારસ્વત છે. ગુજરાતના જ્યોતિર્ધરોની આગળી હરોળમાં એમનો પાટલો પડે છે. ચોર્યાશી વર્ષના જીવનકાળ દરમિયાન મુનશીએ કેટકેટલાં ક્ષેત્રો ખેડ્યાં છે ! એ ઉત્તમ સાહિત્યકાર છે, શ્રેષ્ઠ ધારાશાસ્ત્રી છે, મહાન રાજનીતિજ્ઞ છે અને ક્રાંતિકારી સમાજસુધારક તથા વિશ્વસ્તરના શિક્ષણશાસ્ત્રી-કેળવણીકાર છે. નર્મદની જેમ એમણે સુષુપ્ત ગુજરાતી સમાજને ડાંડિયો પીટીને નહીં, શંખનાદ કરીને જગાડ્યો છે. એમનામાં ભગવાન પરશુરામ જેવો પુણ્યપ્રકોપ છે. એમણે નર્મદની જેમ જ એક વિધવા વિદુષી સાથે લગ્ન કરી સમાજને રાહ ચીંધ્યો છે. ગોવર્ધનરામની અધૂરી મંશા પૂર્ણ કરતા હોય એમ એમણે ગુજરાતની ગરિમા અને અસ્મિતા ઉજાગર કરતી રમણીય કથાઓ આપી. 'અસ્મિતા' શબ્દ જ એમણે વિશેષ સંદર્ભે પ્રચલિત કર્યો એમ કહીએ તો ચાલે. ગાંધીજી સાથે સમાજસેવા અને રાષ્ટ્રીય ચળવળમાં સામેલ થઈ એક પ્રબુદ્ધ સાક્ષર જાહેરજીવનમાં ઝંપલાવે તો કેવાં રૂડાં પરિણામ મળે તે કનૈયાલાલ મુનશીના રાજદ્વારી સ્વરૂપે સિદ્ધ કરી બતાવ્યું છે. મુનશીએ જ આઝાદી વખતે હૈદરાબાદના નિઝામની આડોડાઈને વેળાસર સંભાળી લીધી હતી. એમણે કુનેહ વાપરીને રક્તપાત અટકાવ્યો હતો અને હૈદરાબાદનું ભારતીય સંઘ સાથેનું જોડાણ અમલી બનાવ્યું હતું. સરદાર પટેલના વિશ્વાસુ સાથી તરીકે મુનશીએ જ્યાં જરૂર લાગી ત્યાં વજ્રથીય કઠોર વલણ અપનાવ્યું, પરંતુ હૃદયથી તો એ કુસુમ કરતાં પણ કોમળ હતા, તે કોણ નથી જાણતું ? 'પૃથિવીવલ્લભ' જેવી ઉત્તમ પ્રણયકથા વાંચી ગાંધીજીએ એમને ઠપકો આપેલો ત્યારે પણ એમની સાહિત્ય વિશેની વિભાવનાને એ દઢતાપૂર્વક વળગી રહ્યા હતા. ગાંધીજીની સાહિત્યપદાર્થ વિશેની સમજણ એકાંગી હતી, એમની મર્યાદાઓ પર મુનશીને મનોમન દયા જ આવી હશે. એમણે કૉંગ્રેસના અગ્રણી કાર્યકર તરીકે ગાંધીવિચાર જરૂર સ્વીકાર્યો, પરંતુ એમના સર્જકને ગાંધી રંગે ન રંગાવા દીધો. આ સર્જકતા એ મુનશીનો વિશેષ છે, જેને કારણે એમને સવાસો વર્ષ પણ આપણે યાદ કરી રહ્યા છીએ. મુનશીએ ગુજરાત અને ગુજરાતી ઉભયને એની આગવી ઓળખથી વાકેફ કર્યાં. આ એક પ્રકારનું જાંબવંતકર્મ હતું. હનુમાનને એમની

શક્તિની ઓળખ જાંબવંતે કરાવી ત્યારે એ લાંબી છલાંગ ભરી શક્યા હતા. મુનશીએ ગુજરાતના અતીતનું ગૌરવગાન કરી એને જાગ્રત કર્યું. પેલા સિંહશાવકને ડણક સાંભળીને એકાએક જ્યારે ખબર પડે છે કે ઘેટાંના ટોળા ભેગું ભળી જવાથી એ ઘેટું નથી બની ગયું, એ તો સિંહબાળ છે, ત્યારે એના અસ્તિત્વનો ઉઘાડ થાય છે, અદ્દલ એવું જ કંઈક ગુજરાતી ભાષા અને પ્રજાની બાબતમાં બન્યું. મુનશીએ નરસિંહ મહેતા વિશે પુસ્તક લખ્યું, ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ લખ્યો, ગુજરાતના જ્યોતિર્ધરોનાં ચરિત્ર આલેખ્યાં અને સૌથી મોટું સર્જનાત્મક કાર્ય નવલકથા સ્વરૂપમાં કર્યું. એમની કથાત્રયીએ એમને ભારતીય કથાસાહિત્યમાં અમર બનાવી દીધા છે. 'પાટણની પ્રભુતા', 'રાજાધિરાજ' અને 'ગુજરાતનો નાથ' એમની કાલજયી કૃતિઓ છે. એવી જ કાલજયી કથા છે 'જય સોમનાથ'. સોમનાથના પુનરુદ્ધારનો સઘળો યશ મુનશીના ફાળે જાય છે. તત્કાલીન વડાપ્રધાનની નારાજગી વહોરીને એમણે આ યજ્ઞકાર્ય સંપન્ન કર્યું હતું. સરદાર પટેલ અને રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદ બેઉને મુનશી દ્વારા રમતી મુકાયેલી સોમનાથ મંદિરના જીર્ણોદ્ધારની વાતમાં સાંપ્રદાયિકતા કરતાં રાષ્ટ્રીય અસ્મિતાનો જ પુરસ્કાર વરતાયો હતો. એથી પંડિત નહેરુની નાઉપરવટ બેઉ મહાનુભાવો મુનશીની સાથે રહ્યા હતા. મુનશીએ જેમ પૃથ્વીવલ્લભની પ્રણયકથામાં ગાંધીજીના અણગમાની પરવા નહોતી કરી એ જ શૈલીમાં એમણે સોમનાથ પ્રકરણમાં એમના સર્વોચ્ચ નેતાના અભિપ્રાયને વજૂદ નહોતું આપ્યું. સોમનાથને એમણે રાષ્ટ્રીય અસ્મિતાનું પ્રતીક અને કરોડો ભારતવાસીઓની આસ્થાનું કેંદ્ર ગણી ઉપાસ્યા, ઉદ્ધાર્યા. આવા મહાન સાંસ્કૃતિક પુનરુત્થાનના યજ્ઞની વેદી પર એમનું અંગત રાજકારણ હોમાઈ ગયું. પરંતુ એથી શું ? એ તો ભગવાન પરશુરામનો વંશજ. એમ કોઈના ગાંજ્યા થોડા જાય ! મુનશીએ સરજેલાં પાત્રોમાં એમની આ ગુરુતાગ્રંથિ ડોકાતી રહે છે. એમણે અખિલ ભારતીય સાહિત્યક્ષેત્રે કોઈ પણ સર્જકે સ્વપ્ને પણ નહીં કલ્પ્યું હોય એવડું ઊંચેરું માનસમ્માન ભોગવ્યું છે. ગુજરાતી જેવી પ્રમાણમાં નાની ભાષાને એમણે રાષ્ટ્રીય સ્તરે સ્થાપિત કરી દઈ ગરવી ગૂર્જરગિરાના પનોતા પુત્ર તરીકે માતૃઋણ ઉતારવાનો જે ઉપક્રમ રચ્યો, એ એમની અનુગામી પેઢીના સર્જકોએ પોતપોતાના ગજા મુજબ આગળ ધપાવવાની કોશિશ જરૂર કરી છે, પરંતુ નવલરામે પ્રેમાનંદ વિશે લખેલા શબ્દો મુનશીને લાગુ પાડીને કહી શકાય કે ગુજરાતી સાહિત્યમાં ગદ્યક્ષેત્રે એમના પેંગડામાં પગ ઘાલી શકે એવો સર્વતોભદ્ર સર્જક પાક્યો નથી અને નજીકના ભવિષ્યમાં પાકશે કે કેમ એ પ્રશ્ન છે. મુનશી અંગ્રેજીના ખાંટુ હતા. ધાર્યું હોત તો એ વિશ્વસાહિત્યમાં આગવું નામ કંડારી શક્યા હોત. પરંતુ એમણે માતૃભાષાને જ અગ્રતાક્રમે મૂકીને ચીલો ચાતરી બતાવ્યો. તેઓએ અંગ્રેજીમાં લખેલા ગ્રંથોની પણ આગવી મહત્તા છે. 'ધ ગ્લોરી ધેટ વૉઝ ગૂર્જર દેશ', 'ધ અર્લી આર્યન્સ ઇન ગુજરાત', 'ધ સાગા ઑફ ઇન્ડિયન કલ્ચર' જેવા ગ્રંથો ઉપરાંત છેલ્લે 'કૃષ્ણાવતાર' જેવી મહાનવલ એમણે અંગ્રેજીમાં લખી હતી. મુનશી સ્ટેનોગ્રાફરો પાસે આખેઆખાં પ્રકરણો મોઢે બોલીને લખાવતા. પોતે નવલકથાના પરિવેશમાં ડૂબી જઈ બેઠક ખંડમાં આંટા મારતા જાય અને વાર્તા બોલતા જાય. સંવાદની રમઝટ જામે. પોતે જ મુંજાલ અને પોતે જ કીર્તિદેવ. મંજરીનું પાત્ર પણ પોતે જ ભજવતા જાય. આખેઆખી કૃતિ સંઘેડાઉતાર ઊતરી આવે. સ્ટેનોગ્રાફર એનો ડ્રાફ્ટ તૈયાર કરીને એમની સામે મૂકે તે પછી એમાં જરૂરી સુધારાવધારા કરી મુનશી ફાઈનલ પ્રેસકોપી તૈયાર કરે. એમની મોટા ભાગની કૃતિઓ આ રીતે લખાઈ હોવાનું કહેવાય છે. વિશાળ વાચનને કારણે એલેક્ઝાન્ડર ડૂમા અને વિક્ટર હ્યૂગો જેવા અંગ્રેજી ભાષાના નવલકથાકારોની ગાઢ અસર પણ એમની કૃતિઓમાં દેખાય છે. વિશ્વનાથ ભટ્ટ જેવા વિવેચકોને એથીસ્તો 'સાહિત્ય ચોર' જેવો ઇલકાબ આપવાની તક સાંપડી હતી. પરંતુ મૂંઝાય તો એ મુનશી નહીં. એમના ટીકાકારોને એ ગણકારતા જ નહીં. આમ નહીં તો એમ, 'મને ચર્ચો' એનું જ એમને મન મહત્ત્વ રહેતું. ગુજરાતી ભાષાસાહિત્યની પ્રશિષ્ટ સંસ્થા ગુજરાતી સાહિત્ય પરિષદના સુકાની તરીકે વર્ષો સુધી એક છત્ર રાજ ચલાવનાર મુનશી વિરુદ્ધ ઉમાશંકર જોશી અને એના યુવાન સાથીઓએ રીતસરનો બળવો જ પોકારવો પડ્યો હતો. મુનશી પછી સાહિત્ય પરિષદનું સંચાલન ઉમાશંકર

અને એમના ગોઠિયા-પોઠિયાઓ હસ્તક રહ્યું છે. એમણે ગુજરાતી ભાષાસાહિત્યનું શું કલ્યાણ કર્યું તે આપણી નજર સામે છે. ક્યારેક સાહિત્યકાર એ સમાજનો સ્વયંસિદ્ધ નેતા ગણાતો હતો. આજનો સાહિત્યકાર પ્રતિભાહીન પ્રોફેસરથી વિશેષ કંઈ રહ્યો છે ખરો ? ક્યાં એ નર્મદ-દલપતરામ, ક્યાં ગોવર્ધનરામ અને મણિલાલ નભુભાઈ, ક્યાં એ મુનશી-મેઘાણી કે ઉમાશંકર-સુન્દરમ્ ને ક્યાં આજનાં આપણાં લેખકડાં !

કનૈયાલાલ માણેકલાલ મુનશી એ ગુજરાતી કથાસાહિત્યનો માણેકસ્તંભ છે. એમની શતાધિક કૃતિઓ પૈકી સૌથી ચર્ચિત રહી છે 'ગુજરાતનો નાથ'. આ લખનારને મુનશીની શ્રેષ્ઠ નવલકથા 'પૃથિવીવલ્લભ' જ લાગી છે, પરંતુ 'ગુજરાતનો નાથ' એના વિશાળ અર્થસંકેતોની દૃષ્ટિએ વધુ મહત્ત્વની છે. મુનશીએ 'ઘનશ્યામ' ઉપનામથી વાર્તાઓ પણ લખી હતી. એમણે આત્મકથા પણ લખી છે. 'અડધે રસ્તે' અને 'સીધાં ચઢાણ' એમની આત્મકથાના ગ્રંથો છે. એમનાં નાટકો અને પૌરાણિક કથાનકો તેમજ હાસ્યરચનાઓ પણ નોંધપાત્ર ગણાયેલ છે. 'કાકાની શશી', 'સ્વપ્નદ્રષ્ટા', 'લોપામુદ્રા', 'પૌરાણિક નાટકો' વગેરે ગુજરાતી સાહિત્યની યાદગાર કૃતિઓ છે. ગાંધીજીના પ્રભાવ હેઠળ મુનશીનો કલાવાદ ઠીંગરાઈ ગયો તે છેક રાજેન્દ્ર શાહની કવિતામાં એણે ફરી ડોકું કાઢ્યું. મૂળભૂત રીતે મુનશી જીવનના ઉલ્લાસના પુરસ્કર્તા રહ્યા છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યને એ 'ગૉસ્પેલ ઑફ ડેથ' કહી એની સામે અર્વાચીન સાહિત્યના પ્રધાન તત્ત્વ તરીકે જીવનના ઉલ્લાસની સ્થાપના કરે છે. આ રસવાદી સર્જક પર યુરોપ અને યુરોપિયન સાહિત્યની પ્રબળ અસર છે. એલેક્ઝાંડર ડ્યૂમાની 'થ્રી મસ્કેટિયર્સ'માંથી સીધા ઉતારા કરી દીધાનો આક્ષેપ પણ થયો છે. પરંતુ એમને એક કાન્તદ્રષ્ટા અને સ્વપ્નદ્રષ્ટા સર્જક તરીકે મૂલવવા જ પડે એવડું મોટું એમનું પ્રદાન છે. મુનશીએ એક આત્યંતિક વિધાન કરેલું તે સ્મરણે ચડે છે. એ કહે છે, 'નીતિ એ કળાની વિષકન્યા છે.' એમણે નીતિ કરતાં રસ, કળા અને સૌંદર્યબોધ પરત્વે વિશેષ ધ્યાન આપી ગુજરાતી સાહિત્યને એક નવી ઊંચાઈએ મૂકી આપ્યું છે. પોતે અત્યંત પ્રભાવશાળી પુરુષ હતા. આ મૂઠી ઊંચેરી પ્રતિભા એમનાં પાત્રોમાં આરોપીને એમણે ગુજરાત સમક્ષ ભગવાન પરશુરામ, કૌટિલ્ય અને મુંજાલ જેવા મહાનાયકોનો અંબાર ખડો કરી દીધો. એમનાં આવાં પૌરાણિક અને ઐતિહાસિક પાત્રોમાં આપણને મુનશી જ મુખર થતા વરતાય છે. ફ્રોઈડની સાઈકોલોજી અને નિત્શેની સુપરમેનની સંકલ્પનાનો એમણે એમનાં પાત્રોમાં સુભગ વિનિયોગ કરીને ઇતિહાસ અને પુરાણનો વર્તમાન સાથે અનુબંધ જોડ્યો છે. મુનશીની રસિકતાએ જ મંજરી અને મૃણાલ જેવાં સ્ત્રીચરિત્રો આપી ગુજરાતી સાહિત્યને રળિયાત કર્યું ગણાય. મૃણાલ મુંજને ચાહે છે, પોતાના ક્રૂર ભાઈનો જુલમ વહોરીને એ દુશ્મન સાથે પ્રેમ કરી જાણે છે. મંજરીને પાટણના બધા નર વ્હેંતિયા લાગે છે. એને તો કૈલાસથી દુર્ધર્ષ અને કાલાગ્નિથીય દુ:સહ એવો નર ખપે છે. મુનશીએ મંજરીનું પાત્ર ઘડીને ગૂર્જરનારીની એમની કલ્પના મૂકી આપી છે. મંજરી એ એમની માનસકન્યા છે તો મૃણાલ એમની પ્રેયસી છે. મુનશીની નારી પુરુષનું આધિપત્ય સ્વીકારતી નથી. એ પુરુષ સમોવડી અને ક્યારેક તો એનાથી દશાંગુલ ઉફરી લાગે છે. મંજરી ઐતિહાસિક નવલકથાનું કાલ્પનિક પાત્ર છે. મુનશી સામે તત્કાલીન મહિલાસમાજને વધુપડતો પોરસાવવાના-એ વંઠી જાય, પુરુષજાત સામે બળવો કરી બેસે તે હદે ઉશ્કેરવાના આક્ષેપો થયા છે. પરંતુ મુનશી માટે તો આવી ટીકા એ જ એમના સર્જનનું બહુમાન હતું. ૧૯૫૫માં નડિયાદ ખાતે મળેલી સાહિત્ય પરિષદમાં ઉમાશંકર જોશી, અશોક હર્ષ અને નિરંજન ભગત સહિતની નવી પેઢીએ એમની સામે વિદ્રોહ કર્યો ત્યારે પણ એ વિચલિત નહોતા થયા. સાહિત્યક્ષેત્રે એમનું એકચક્રી શાસન ચાલતું હતું તો એમનું રાજકારણ પણ ક્યાં નહોતું ચાલતું ? એ પંડિત નહેરુના પ્રથમ મંત્રીમંડળમાં કેબિનેટકક્ષાના પ્રધાન હતા. ડૉ. રાજેન્દ્ર પ્રસાદના પ્રમુખપણા હેઠળની બંધારણસભાના સદસ્ય હતા. એમને મંત્રીમંડળમાંથી છૂટા કર્યા પછી ઉત્તરપ્રદેશના રાજ્યપાલ બનાવાયા હતા. પરંતુ મુનશીનું સાહિત્યક્ષેત્ર જેટલું જ મોટું પ્રદાન કેળવણીક્ષેત્રે છે. ભારતીય વિદ્યાભવન એ દેશને મુનશીની સૌથી મોટી લહાણી છે. 'ભવન્સ કૉલેજ' જ્યાં હશે ત્યાં કુલપતિ મુનશીનું સ્મરણ થશે. એમણે શરૂ કરેલ 'સમર્પણ' અને

'ભવન્સ જર્નલ' જેવાં સામયિકોએ એમનું વિશિષ્ટ સ્તર જાળવી રાખ્યું છે. આજે પણ 'નવનીત સમર્પણ' એ ગુજરાતી ભાષાનાં પ્રશિષ્ટ સામયિકોમાં મોખરાનું સ્થાન ધરાવતું માસિક ગણાય છે. મુનશીનાં પ્રથમ પત્ની અતિલક્ષ્મીના અકાળ અવસાન પછી એમણે અકાળે વિધવા થયેલાં પ્રેમપુરનાં નગરશેઠાણી સાથે બીજાં લગ્ન કર્યાં, તે ઘણાં વિવાદાસ્પદ બન્યાં હતાં. 'મારાં, તારાં ને આપણાં' સંતાનોને એમણે પૂરી જવાબદારીપૂર્વક સ્વીકાર્યાં, એમનું જતન કર્યું. લીલાવતી મુનશી અને કનૈયાલાલ મુનશીની પ્રેમકથા ગુજરાતના સંસારજીવનની એક સીમાચિહ્નરૂપ ક્રાંતિકારી ઘટના છે. લીલાવતી મુનશી પોતે સ્વતંત્ર વિચારનાં વિદુષી મહિલાલેખિકા હતાં અને મુનશી કરતાં વધારે તો એ મુનશીની સર્જકતાથી આકર્ષાયાં હતાં. એવાં હિંમતબાજ કે એમણે બ્રહ્મચર્ય પાળતા મહાત્મા ગાંધીનો ઊધડો લીધેલો : 'બાપુ, તમે તમારા ભ્રાન્તિભર્યા ખ્યાલોનો કસ્તુરબાને ભોગ બનાવી રહ્યા છો, તે યોગ્ય નથી.' આવો ઠપકો અને તે પણ ગાંધીજીને આપવાની હિંમત કરનારી સ્ત્રી જેનાથી અંજાઈ હશે તે કનૈયાલાલ મુનશીના આંતરવૈભવ અને રસિકતાની કલ્પના તો કરી જુઓ ! મુનશી એમનાં ભવ્ય પાત્રોમાં પ્રગટે છે એથી પણ વધારે ભવ્ય હતા, એમ કહેવામાં કોઈ જ અતિશયોક્તિ નહીં થાય. 'ગુજરાતનો નાથ' એમની સીમાચિહ્નરૂપ મહાનવલ છે. એમાં એમણે એમની કલ્પનાના ગુજરાતની અને ગુજરાતીઓની અસ્મિતાનું મનભર આલેખન કરી નર્મદ, ગોવર્ધનરામ અને ગાંધીના ગુજરાત કરતાં પણ એક દશાંગુલ ઉફરા ગુજરાતની રમણીય ગાથા મૂકી આપી કાલજયી કૃતિનું સર્જન કર્યું છે. અતીતનો આવો ભાતીગળ વિનિયોગ કરી ભવિષ્યને ઉજાગર કરવાનું પ્રશંસનીય કાર્ય એ એમનું એ જ કરી શકે એવું પ્રદાન છે.

૧૩, ઐશ્વર્ય-૧, પ્લોટ : ૧૩૨,
સેક્ટર : ૧૯, ગાંધીનગર-૩૮૨૦૨૧
મો. ૯૮૭૯૫૪૩૧૩૨

◆

## ખરી સત્યભક્તિ

કારભાર કરનારો જાણે છે કે, હું એક કારભારું ડહોળું છું માટે કશી વાત મારાથી અગમ્ય હોય જ કેમ ? વિદ્યાવિલાસીઓ જાણે છે કે, અમે અતિશ્રમે જે જ્ઞાન મેળવ્યું છે તેને ખોટું કહે જ કોણ ? પંથ-પ્રવર્તકો જાણે છે કે, અમે ઠાવકું મોઢું રાખી ''અહંબ્રહ્મ'' કહીએ છીએ તેનો ઇન્કાર કરનાર કોણ ?

પણ એક વ્યવહારવાળો તમામ વ્યવહારનાં સત્ય સમજી જ શકવો જોઈએ, એવો નિયમ નથી. કુંભાર ઘણો ચતુર હોય તો ઘડા પારખી જાણે, માટે તરવારની ધાર વિશે પણ તેનો અભિપ્રાય ખરો જ હોવો જોઈએ, એમ નથી. પોતપોતાના ધંધાનું સંપૂર્ણ સત્યરૂપ જ્ઞાન હોવું એ જ મુશ્કેલ છે, એટલું જ ખરેખર હાથ થઈ શકતું નથી, તો તે ઉપરાંત વળી પારકાની વાત ડહોળવા જવી એ કેવું અશક્ય છે !

ત્યારે કોઈ એમ પૂછશે કે તો શું કોઈએ કોઈનું વચન માનવું જ નહીં ? કોઈ ગુરુ કરવો જ નહીં ? પણ માણસનો ખરો ગુરુ એનું મન અને એની આંખ જ છે. સત્યને ગુરુ નથી, ને ચેલાયે નથી. ખરા ગુરુ તો તે જ કે જે સત્ય માટે પ્રાણ આપે, છતાં સત્ય ગમે ત્યાંથી પણ ગ્રહણ કરવા તત્પર રહે. જેણે એમ જ ઠરાવ્યું કે સત્ય તે આટલું જ ને બીજું બધું અસત્ય, જેના જ્ઞાનની તિજોરી ભરાઈ ચૂકી છે, તેવા તો સંસારને દુખમય કરનારા નીવડે છે. પોતાને જે નિશ્ચય થાય તે સર્વદા સમજાવવો, એ પરમધર્મ છે. પણ તેમ કરતાં એ નિશ્ચય ઉપર કોઈ પણ તરફથી વિશેષ અજવાળું પડે તેવો સંભવ અટકાવવા માટે તેને પેટીમાં પૂરી રાખી તે જ બધા પાસે ખરો મનાવવો, એ તો પશુબુદ્ધિ જ છે. સત્યને માટે જે માણસ પ્રાણ આપવા પણ તૈયાર હોય, તેને ઘટે છે કે તેણે એ સત્ય સમજવામાં અન્યે બતાવેલી પોતાની ખામી પણ સહન કરવી; એ જ ખરું પ્રાણાર્પણ છે, ખરી સત્યભક્તિ છે.

**મણિલાલ ન. દ્વિવેદી**

# વિવિધ શિક્ષણપંચોની દૃષ્ટિએ મૂલ્યશિક્ષણ

ડૉ. મોતીભાઈ મ. પટેલ

**૧. પ્રાસ્તાવિક :**

મૂલ્યશિક્ષણનું કાર્ય શાળાશિક્ષણ દરમિયાન જાણે-અજાણ્યે થતું જ હોય છે. વર્ગશિક્ષણ અને વર્ગબહારની અનેક શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં મૂલ્યશિક્ષણ અભિપ્રેત જ છે. દરેક શાળાની પ્રાર્થનાસભા એ મૂલ્યશિક્ષણનો પ્રથમ પાઠ છે. વિશાળ અર્થમાં જોઈએ તો પરિવારમાંથી પણ મૂલ્યશિક્ષણ પ્રાપ્ત થાય છે. જન્મથી મૃત્યુપર્યંત વ્યક્તિ અનેક ઔપચારિક-અનૌપચારિક અનુભવો પ્રાપ્ત કરે છે તે બધામાંથી મૂલ્યશિક્ષણ મળે જ છે. એ દૃષ્ટિએ મૂલ્યશિક્ષણ આજીવન પ્રક્રિયા છે. ટૂંકમાં કહીએ તો – માનવમાત્રમાં વ્યક્તિ, કુટુંબ, સમાજ, રાષ્ટ્ર, પ્રકૃતિ તથા વિશ્વ પ્રત્યે સદ્‌ભાવ અને સમભાવ જાગે તેવાં કાર્યો કરવા પ્રેરવા અપાતું શિક્ષણ મૂલ્યશિક્ષણ કહેવાય.

નૈતિકશિક્ષણની અર્થછાયા હેઠળની મૂલ્યશિક્ષણની આ વિભાવનામાં આ શિક્ષણનો હેતુ જ્ઞાનનો નહીં પણ આચરણનો વિષય છે તે સ્પષ્ટ કરેલ છે. એટલે કે મનના સંસ્કાર અને હૃદયના ઘડતરની કેળવણીનો વિચાર અહીં કેન્દ્રસ્થાને છે. સ્વામી વિવેકાનંદ, રવીન્દ્રનાથ ઠાકુર, મહર્ષિ અરવિંદ અને ગાંધીજીની શિક્ષણની વિભાવનામાં પણ આ પ્રકારના શિક્ષણની હિમાયત કરેલ છે. સ્વામી વિવેકાનંદે ભારતીય સંસ્કૃતિનું શિક્ષણ, મહર્ષિ અરવિંદે 'પૂર્ણ યોગની સાધના' રવીન્દ્રનાથ ઠાકુરે 'પૂર્ણશિક્ષણ' અને ગાંધીજીએ 'સર્વાંગી ખરી કેળવણી'નો ખ્યાલ સ્પષ્ટ કર્યો છે. આ પ્રત્યેક સંકલ્પનામાં નીતિમત્તાનાં-આચરણનાં ધોરણોના નિર્દેશો દૃષ્ટિગોચર થાય છે.

સ્વામી વિવેકાનંદે કહ્યું છે, 'તમારા મગજમાં ઠાંસેલી અને જીવનભર વણપચી રહીને કાળો કેર વરસાવતી માહિતીનો સંચય એટલે કેળવણી નહીં. જીવનનું ઘડતર કરે, મનુષ્યને મર્દ બનાવે, તેનો ચારિત્ર્યવિકાસ કરે એવા વિચાર પાચનની આપણને જરૂર છે.' રવીન્દ્રનાથ ઠાકુર કહે છે. 'શિક્ષણનું કેન્દ્ર ન બાળક છે, ન શિક્ષક છે, ન અભ્યાસક્રમ. શિક્ષણનું કેન્દ્ર તો છે, સમસ્ત અભિવ્યક્તિ સાથેનું જીવન. એટલે કે જીવનની દૈનિક ક્રિયાઓ : જેવી કે ઘરની સ્વચ્છતા, ભોજનવ્યવસ્થા, અતિથિસત્કાર, દુઃખી-રોગીની સેવા, શિષ્ટાચાર, સાંસ્કૃતિક કાર્યક્રમ અને સમૂહજીવનનાં વિભિન્ન કાર્યોમાં બાળકોને જોતરવાં જોઈએ. તેનાથી તે જીવનપયોગી શિક્ષણ પ્રાપ્ત કરશે.' મહર્ષિ અરવિંદે ખરી કેળવણીની વિભાવના બાંધતાં સાચી અને જીવંત કેળવણીમાં ત્રણ વસ્તુઓનો ખ્યાલ રાખવાનું સૂચવ્યું છે. (૧) માણસ પોતે-એટલે કે પોતાની સામાન્યતા અને અનન્યતામાં રહેલી વ્યક્તિ, (૨) રાષ્ટ્ર અથવા તો પ્રજા, અને (૩) વિશ્વની માનવતા. આ ત્રણેયને પોતપોતાનાં જીવન, મન અને આત્મા છે. તેથી તેમની દૃષ્ટિ : 'જે કેળવણી માનવામાં જે જે વસ્તુઓ રહેલી છે તે બધીને પૂરેપૂરી રીતે બહાર લઈ આવવામાં મદદ કરતી હોય અને માનવજીવનના પૂર્ણ હેતુ તથા વિકાસને સિદ્ધ કરવા માટે એ વસ્તુઓ તૈયાર કરતી હોય એ જ માત્ર સાચી અને જીવંત કેળવણી છે.' મહાત્મા ગાંધીજી કહે છે : 'જ્ઞાન માત્રનું ધ્યેય ચારિત્ર્યઘડતર હોવું જોઈએ. આપણી સઘળી વિદ્યા અથવા વેદોનું પારાયણ તથા સંસ્કૃત, લેટિન, ગ્રીક વગેરેનું શાસ્ત્રશુદ્ધ જ્ઞાન, હૃદયની સંપૂર્ણ શુદ્ધિ કરવાની આપણને શક્તિ ન આપે તો આપણને એ બધાનો શો ઉપયોગ ?' ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન કહે છે : 'આખરે તો કોઈ પણ રાષ્ટ્રનું મહત્ત્વ તેના વિસ્તરણને કારણે, તેની વસ્તીને કારણે કે તેના વેપારને કારણે અંકાતું નથી; પરંતુ જે મૂલ્યો એ રાષ્ટ્રે વિશ્વ સમક્ષ પ્રસ્તુત કર્યાં હોય અને જેટલે અંશે એ મૂલ્યો તેના લોકજીવનમાં વણાઈ ગયાં હોય તેને કારણે તેની અગત્ય અંદાજાય છે.

મૂલ્ય શિક્ષણનું મહત્ત્વનું કાર્ય પોતાના (શિક્ષકના) ચારિત્ર્ય તથા જ્ઞાનના નૈપુણ્યતા દૃષ્ટાંત દ્વારા વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસા પ્રગટાવવાનું તથા પ્રેરણા આપવાનું છે. એ આપણામાં (શિક્ષકમાં) રહેલાં મૂલ્યો છે જેનું આપણે (શિક્ષકો) આપણા વિદ્યાર્થીઓમાં સંક્રમણ કરીએ છીએ.

આપણે ભારતમાં નિમાયેલ વિવિધ શિક્ષણપંચોની મૂલ્યશિક્ષણ અંગેની વિવિધ ભલામણો ઉપર એક દૃષ્ટિપાત કરીએ.

## ૨. વિવિધ શિક્ષણપંચોની મૂલ્યશિક્ષણ અંગેની ભલામણો :

### (અ) આઝાદી પૂર્વે :

આઝાદી પૂર્વે આપણા દેશમાં ૧૮૫૪ના 'વૂડના ખરીતા'થી આધુનિક શિક્ષણનો પાયો નંખાયો. તેમાં પણ 'શિક્ષણ દ્વારા ભારતવાસીઓનો ચારિત્રિક અને બૌદ્ધિક વિકાસ કરવો.' એવો હેતુ દર્શાવેલ છે. પ્રથમ 'ભારતીય શિક્ષણપંચ હન્ટર કમિશન ૧૮૮૨-૮૩ પ્રાથમિક શિક્ષણ માટે નિમાયું. આ પંચે મૂલ્યશિક્ષણ અંગે કોઈ ભલામણ કરી નથી. ત્યાર બાદ સને ૧૯૦૨માં ભારતીય વિશ્વવિદ્યાલય પંચ-રેલે કમિશન' નિમાયું. જે યુનિવર્સિટી શિક્ષણ અંગેનું હતું. આ પંચે લોર્ડ કર્ઝનના વિચારોને અનુમોદન આપીને 'આદર્શ યુનિવર્સિટીમાં બે બાબતો હોવી જોઈએ. (૧) જ્ઞાનનો પ્રકાર અને (૨) અધ્યાપનને પ્રોત્સાહન. યુનિવર્સિટી એક માનવીય કારખાનું હોવું જોઈએ. જ્યાં ચારિત્ર્યનું નિર્માણ અનુભવરૂપી અગ્નિશાળામાં કરવામાં આવે અને જ્યાં એને સત્યની કસોટી પર કસવામાં આવે. આમ કર્ઝનના મૂલ્યશિક્ષણના વિચારોને પંચે અનુમોદન આપ્યું છે. ત્રીજું 'કલકત્તા યુનિવર્સિટી શિક્ષણપંચ-સેડલર કમિશન સને ૧૯૧૭-૧૯માં નિમાયું. આ પંચે સીધી રીતે નહીં પણ; શારીરિક શિક્ષણ અને વિદ્યાર્થી કલ્યાણ અંગેની ભલામણો કરીને પરોક્ષ રીતે મૂલ્યશિક્ષણનો ઇશારો કર્યો છે. પરંતુ આ સમય દરમિયાન લોર્ડ કર્ઝને કહ્યું છે કે : 'અધ્યાપકો ચારિત્ર્યવાન, પૂરતી સંખ્યામાં અને અધ્યાપનકાર્યની ક્ષમતાવાળા હોવા જોઈએ. વળી કર્ઝને કૃષિ કલા, નૈતિક શિક્ષણને સારું પ્રોત્સાહન આપેલ તે નોંધવું જોઈએ.

આ ત્રણ પંચો ઉપરાંત સને ૧૯૨૭-૨૮માં હાર્ટોગ સમિતિએ કહ્યું, 'અમારો વિશ્વાસ છે કે યુનિવર્સિટી સહિષ્ણુ, આત્મવિશ્વાસુ તથા ઉદાર નાગરિકોનું નિર્માણ કરે. સને ૧૯૩૭ની વર્ધાશિક્ષણ સમિતિએ 'વિશ્વના તમામ ધર્મોમાં જે સમાન તત્ત્વો છે તેનું શિક્ષણ આપવાથી બાળકમાં સર્વધર્મ પ્રત્યે આદરની ભાવના ઉત્પન્ન થશે' એવી ભલામણ કરી. ૧૯૪૪ની સાર્જન્ટ યોજનામાં આનંદ અને સામાજિક પ્રવૃત્તિઓના આયોજનની ભલામણ કરતાં કહ્યું છે : 'પ્રત્યેક વિદ્યાલયોમાં વિદ્યાર્થીઓ માટે આનંદ અને સામાજિક પ્રવૃત્તિઓની વ્યવસ્થા કરવી. ઉંમર પ્રમાણે નીચેની પ્રવૃત્તિઓમાંથી ઉચિત પસંદ કરી શકાય.

- બાગબાની
- આંતરશાળા સ્પર્ધા
- હોબી
- લોકનૃત્ય
- સ્કાઉટ
- તરુણ કૃષક ગોષ્ઠિ
- શારીરિક વ્યાયામ
- જુનિયર રેડક્રોસ ગ્રૂપ
- યુવક આંદોલન
- ચર્ચા
- અભિનય નાટક

આમાંથી વિદ્યાલય કોઈ પણ અનુકૂળ પ્રવૃત્તિ યોજી શકે' ખરેખર સાર્જન્ટ યોજનાએ વિદ્યાર્થીના મૂલ્યશિક્ષણ માટેની જ આ પ્રવૃત્તિઓની ભલામણ કરી છે.

આમ જોઈએ તો આઝાદી પૂર્વેના શિક્ષણપંચો અને સમિતિઓએ પ્રત્યક્ષ નહીં પણ પરોક્ષ મૂલ્યશિક્ષણની ભલામણો કરી છે.

### (બ) આઝાદી બાદ :

આઝાદી પછી સને ૧૯૪૮-૪૯માં નિમાયેલા 'યુનિવર્સિટી શિક્ષણપંચ ડૉ. રાધાકૃષ્ણન કમિશને' વિશ્વવિદ્યાલય શિક્ષણના ઉદ્દેશોમાં જણાવ્યું છે કે :

- જીવન અને જ્ઞાનની વિભિન્ન શાખાઓનો સમન્વય કરવો.
- આપણા સાંસ્કૃતિક વારસાને ન ભૂલવો, જાળવી રાખવો.
- વિદ્યાર્થીઓનો આધ્યાત્મિક વિકાસ કરવો.
- વ્યક્તિના જન્મજાત ગુણો શોધી પ્રશિક્ષણ દ્વારા તેનો વિકાસ કરવો.
- વિદ્યાર્થીઓને પ્રવૃત્તિ, સમાજ અને મૂલ્યોનું જ્ઞાન આપવું.
- વિદ્યાર્થીના ચારિત્ર્ય સુધારને શ્રેષ્ઠ આદર્શ બનાવવો.

- રાષ્ટ્રીય શિસ્તની ભાવનાનો વિકાસ કરવો.
- વિદ્યાર્થીઓમાં આંતરરાષ્ટ્રીય સદ્ભાવનાનો વિકાસ કરવો.
- 'અમે ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાની પ્રાપ્તિ દ્વારા પ્રજાતંત્રની શોધમાં સંલગ્ન છીએ.' એ આદર્શોનાં પ્રતીક અને રક્ષક વિશ્વ વિદ્યાલયો હોવાં જોઈએ.

આમ, રાધાકૃષ્ણન પંચે મૂલ્યશિક્ષણ અંગે મૂલ્યવાન સૂચનો કર્યાં છે. ધાર્મિક શિક્ષણમાં રૂઢિઓ અને કટ્ટર સિદ્ધાન્તો તરફ ધ્યાન ન આપવું પરંતુ આધ્યાત્મિક પ્રશિક્ષણ તરફ ધ્યાન કેન્દ્રિત કરવું એવી ભલામણ કરી છે. પ્રત્યેક ધર્મ પ્રત્યે આદર રાખવો અને પ્રત્યેક સંસ્થાએ થોડી મિનિટના મૌન ચિંતન બાદ દૈનિક કાર્ય શરૂ કરવું એવું સૂચન આપણાં વિશ્વવિદ્યાલયો માટે કરેલ છે. ડિગ્રીના પ્રથમ વર્ષમાં બુદ્ધ, કન્ફ્યુશિયસ, સોક્રેટિસ, ઈસુ, શંકરાચાર્ય, રામાનુજ, માધવ, મહમ્મદ, કબીર, નાનક અને ગાંધીજીનાં જીવનચરિત્રો ભણાવવાની વાત કેટલી સાર્થક છે !!! બીજા વર્ષે વિશ્વના ધાર્મિક ગ્રંથોના અંશ અને ત્રીજા વર્ષે ધર્મદર્શનની મુખ્ય સમસ્યાઓ ભણાવવાની હિમાયત કરી છે. રાધાકૃષ્ણનપંચની ભલામણોનો અમલ થયો હોત તો 'મૂલ્યશિક્ષણ'ની ચર્ચા આજે કરવી ન પડત !

આઝાદી બાદ સને ૧૯૫૨-૫૩માં 'માધ્યમિક શિક્ષણપંચ-મુદલિયાર કમિશન' નિમાયું. તેણે માધ્યમિક શિક્ષણ અંગે કીમતી ભલામણો કરી છે. પંચે માધ્યમિક શિક્ષણના દોષો બતાવતાં નોંધ્યું છે કે : માધ્યમિક શિક્ષણને વાસ્તવિક જીવન સાથે કોઈ સંબંધ નથી.

- બાળકોને વ્યાવહારિક જીવનનું લેશમાત્ર જ્ઞાન મળતું નથી.
- જૂની શિક્ષણ પદ્ધતિ વિદ્યાર્થીને પ્રતિભાશાળી નથી બનાવી શકતી.
- અભ્યાસક્રમ બાળકોને જે વિશ્વમાં જીવે છે તેના સંબંધમાં કોઈ જ્ઞાન નથી આપતો.
- માધ્યમિક શિક્ષણ એકાંગી અને સંકુચિત છે. વિદ્યાર્થીઓની રુચિને અનુકૂળ નથી.
- બાળકોના સર્વાંગી વિકાસ અને વ્યક્તિત્વના વિકાસ માટે શિક્ષણ નિષ્ફળ ગયું છે.
- સ્વતંત્રતા, સ્વાયત્તતાનું શિક્ષણ મળતું નથી. યંત્રવત્ ગોખણપટ્ટીથી કલ્પનાશક્તિ કુંઠિત થઈ ગઈ છે.
- શિક્ષણ પદ્ધતિથી સહકારને બદલે હરીફાઈનું તત્ત્વ દાખલ કરે છે.
- વર્ગમાં સંખ્યા વધવાથી શિક્ષક-વિદ્યાર્થી વચ્ચે નિકટનો સંબંધ રહેતો નથી.
- ચારિત્ર્ય નિર્માણ થઈ શકતું નથી. પરિણામે વિદ્યાર્થીઓ અશિસ્ત તરફ પ્રેરાય છે.
- પરીક્ષાપદ્ધતિ અતિ દોષપૂર્ણ છે. તે વાસ્તવિક જ્ઞાનની પરીક્ષા નથી. વ્યક્તિત્વને કચડી નાંખવાની રીત છે.
- મોટા ભાગની શાળાઓમાં રમતગમત, મનોરંજન, શારીરિક શિક્ષણની કોઈ વ્યવસ્થા નથી. જેને કારણે શિક્ષણ કાર્યમાં કોઈ સજીવતા અને ઉત્સાહ જોવા મળતો નથી.

આ તમામ દોષોમાંથી ફલિત થાય છે કે તે સમયે મૂલ્યશિક્ષણનું કોઈ મહત્ત્વ નહોતું. જોકે આમાંની કેટલીક સમસ્યાઓ છપ્પન વર્ષ પછી પણ જેમની તેમ છે.

**માધ્યમિક શિક્ષણપંચે માધ્યમિક શિક્ષણના ઉદ્દેશોમાં :**

- લોકશાહી નાગરિકતાનો વિકાસ
- વ્યાવસાયિક કુશળતામાં વૃદ્ધિ.
- નેતૃત્વની તાલીમ
- વ્યક્તિત્વનો વિકાસ
- દેશપ્રેમની ભાવનાનો વિકાસ - દર્શાવ્યા છે. આ તમામ ઉદ્દેશો મૂલ્યશિક્ષણને તાકનારા છે. પંચે 'ચારિત્ર્ય નિર્માણ અંગે કરેલી ભલામણો સાચા અર્થમાં મૂલ્યશિક્ષણ માટેની જ ભલામણો છે.
- લોકશાહી દેશમાં રાષ્ટ્ર નિર્માણનો પાયો ચારિત્ર્ય નિર્માણ જ હોય. આ માટે –
- શાળાના બધા જ કાર્યક્રમો દ્વારા ચારિત્ર્યનિર્માણની તક મળે તેવું થવું જોઈએ.
- વિદ્યાર્થીના ચારિત્ર્ય નિર્માણમાં શાળા દ્વારા વાલીઓ અને સમાજનો સહયોગ લેવાય.
- વિદ્યાર્થીઓને સ્વશાસનની તાલીમ મળે એ માટે સ્વશાસનદિનની ઉજવણી, વિદ્યાર્થીમંડળ લોકશાહી ઢબે ચૂંટીને તેને શાળાસંચાલનમાં યોગ્ય ઉત્થાન અપાય તે જરૂરી છે.

- સ્કાઉટ, એન.સી.સી., પ્રાથમિક સારવાર, જુનિયર રેડક્રોસ જેવી પ્રવૃત્તિઓ શાળાઓમાં ચલાવવી.
- સહઅભ્યાસ પ્રવૃત્તિઓને શાળા કાર્યક્રમોમાં યોગ્ય સ્થાન આપીને તેના માટે યોગ્ય સમયની ફાળવણી કરવી જોઈએ. શિક્ષકોને તેમાં જોડાવાનું ફરજિયાત બનાવવું જોઈએ.

આમ જોઈએ તો માધ્યમિક શિક્ષણપંચે વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે અતિ મૂલ્યવાન ભલામણો કરી છે. ચારિત્ર્ય નિર્માણનો પાયો છે તેમ ફલિત થાય છે.

આઝાદી બાદ **ત્રીજું શિક્ષણપંચ** – ૧૯૬૪-૬૬માં **'રાષ્ટ્રીય શિક્ષણપંચ - કોઠારી કમિશન'** નિમાયું. જેણે સમગ્ર શિક્ષણની ભલામણો કરી છે. પંચે શિક્ષણ અને રાષ્ટ્રીય ધ્યેયોમાં જણાવ્યું છે કે –

- 'રાષ્ટ્રીય ચેતના અને એકતાને પ્રોત્સાહિત કરવા સમાન શાળા પદ્ધતિ અપનાવવી, બધા વિદ્યાર્થીઓ માટે સામાજિક તથા રાષ્ટ્રીય સેવા ફરજિયાત બનાવવી.
- આધુનિક સમાજ સાથે તાલ મેળવવા શિક્ષણની યોગ્ય રુચિ, પ્રવૃત્તિઓ તથા મૂલ્યોનો વિકાસ તેમજ સ્વતંત્ર અધ્યયન તેમજ સ્વયં વિચાર નિર્માણ કરવાની ક્ષમતાના વિકાસ સાથે સંબંધિત ગણવું. તે માટે અધ્યાપનની પદ્ધતિઓ તેમજ શિક્ષક-પ્રશિક્ષણ કાર્યક્રમોમાં ક્રાન્તિકારી પરિવર્તન લાવવું.
- સામાજિક, નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોના વિકાસ માટે તેમજ ધાર્મિક સહિષ્ણુતા વધારવા અર્ધસ્કૂલ તથા યુનિવર્સિટી પાઠ્યક્રમમાં સમુચિત ફેરફાર યોજવા અને મૂલ્યોના સંવર્ધનાર્થે શૈક્ષણિક કાર્યક્રમો યોજવા.

આવી હૃદય સોંસરી ઊતરી જાય તેવી મૂલ્યો અંગેની કોઠારીપંચની ભલામણો છે. તેણે 'ભારતનું ભાવિ તેના વર્ગખંડોમાં ઘડાઈ રહ્યું છે.' તેવી સૂચક વાત પણ કરી છે. સામાજિક, નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોની ખિલવણી દ્વારા ચારિત્ર્યઘડતર પર પંચે ભાર મૂક્યો છે. સામાજિક અને રાષ્ટ્રીય સેવા કાર્યાનુભવ, આંતરરાષ્ટ્રીય સમજ માટેની કેળવણી-લોકશાહી મૂલ્યોનો સ્વીકાર જેવી ઉત્તમ ભલામણો પંચે કરી છે.

જુવાન પેઢીમાં સામાજિક અને નૈતિક મૂલ્યોની પકડ શિથિલ બનાવાને લીધે આજે ઘણી વિષમતાઓ સર્જાઈ રહી છે ત્યારે આપણી કેળવણીને 'મૂલ્ય અભિમુખ' (Value Oriented) કરવાની જરૂર ઉપર ભાર મૂકીને તે માટે આવાં પગલાં ભરવાની હિમાયત કરી છે –

- તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં નૈતિક-સામાજિક અને આધ્યાત્મિક મૂલ્યોના શિક્ષણને સ્થાન આપવું યુ.જી.સી.એ આ માટેનું માર્ગદર્શન આપવું. ખાનગી સંસ્થાઓમાં પણ એનું અનુસરણ કરવું.
- શિક્ષણ સંસ્થાઓના અભ્યાસના સમયપત્રકમાં આ મૂલ્યોના શિક્ષણ માટે સમય ફાળવવો.
- યુનિવર્સિટીઓના ધર્મોના તુલનાત્મક શિક્ષણ વિભાગોએ મૂલ્યોનું શિક્ષણ અસરકારક કેવી રીતે બનાવી શકાય તેના માર્ગો અને પદ્ધતિઓ વિચારી કાઢવી.

રાષ્ટ્રીય શિક્ષણપંચે તો મૂલ્યશિક્ષણ અંગે અભ્યાસક્રમ જ નહીં સમયપત્રકમાં સમય ફાળવવાની હિમાયત કરી છે.

**એકવીસમી સદી માટેનો આંતરરાષ્ટ્રીય શિક્ષણ અંગેનો યુનેસ્કોનો હેવાલ :**

**'શિક્ષણ : ભીતરનો ખજાનો' : (Learning : The Treasure Within)** પ્રગટ થયો છે. આ વિશ્વ શિક્ષણપંચે પણ મૂલ્યશિક્ષણ અંગે ચિંતા સેવી છે.

'ઘણી વાર પોતાને ખબર ન પડે તેમ દુનિયા અજાગૃત રીતે, અવ્યક્ત રીતે એવા આદર્શો અને મૂલ્યોને ઝંખતી હોય છે કે જેને આપણે નૈતિકતા કહીએ છીએ. આથી શિક્ષણનું એક ઉમદા કાર્ય એ છે કે એણે દરેક વ્યક્તિની માન્યતાઓ અને તેના સમાજની પરંપરા અનુસાર દરેક વ્યક્તિની પોતાની પ્રણાલી અને તેની પોતાની પરંપરાને સમાવી લે તેવું ધોરણ ઊભું કરવું જોઈએ. તે પ્રણાલી અને પરંપરાનાં ધોરણો તેમનાં મન અને જુસ્સાને વૈશ્વિક સ્તર સુધી ઉપર ઊઠે તેમ કરવું જોઈએ.

માનવજાતના જીવતા રહેવાનો આધાર આ બાબત પર જ રહેલો છે એમ કહેવામાં આયોગ જરાયે અતિશયોક્તિ કરતું નથી. આ ડેલોર્સપંચે મૂલ્યશિક્ષણને પાયાનું ગણ્યું છે. એકવીસમી સદીમાં 'આજીવન શિક્ષણ' એ સમાજનો હૃદયધબકાર હશે તેવું જણાવે છે. જીવનમાં

જે દૂરગામી અસરો કરતા ફેરફારો આવી રહ્યા છે તેને પહોંચી વળવા માટે વિશાળ અર્થમાં દુનિયાને તથા આપણા સિવાયના અન્ય લોકોને વધુ સારી રીતે સમજતાં આપણે શીખવું જોઈએ. આ માટે પરસ્પર વિશે વધુ સારી સમજણ, શાંતિમય રીતે વિચારોની આપ-લે અને સંવાદિતાની ખૂબ જરૂર છે. આજની આપણી દુનિયામાં આ સંવાદિતાનું તત્ત્વ જ ખૂટે છે તે જ મૂલ્ય શિક્ષણના પાયા છે. આ ચાર સ્તંભો આ પ્રમાણે છે.

૧. **જાણવા માટેનું શિક્ષણ (Learning to know)** : જેનાથી તે સમજણ માટેનાં સાધનો પ્રાપ્ત કરી શકે.
૨. **સર્જન માટેનું શિક્ષણ (Learning to do)** : જેનાથી તે પોતાની આસપાસના પર્યાવરણમાં સર્જનાત્મક રીતે કામ કરી શકે.
૩. **સહજીવન માટેનું શિક્ષણ (Learning to Live together)** : જેનાથી તે તમામ માનવીય પ્રવૃત્તિઓના ક્ષેત્રે અન્ય લોકો સાથે સહકાર અને ભાગીદારી કરતાં શીખી શકે.
૪. **અસ્તિત્વ માટેનું શિક્ષણ (Learning to be)** : આગળના ત્રણ પાયાની પ્રગતિના આધારે સારી રીતે કેમ જીવવું, બહેતર જીવન કેમ બનાવવું તે શીખે. અલબત્ત, જ્ઞાનના આ ચારે પાયા મળીને એક સંપૂર્ણ એકમ-ઇમારત બને છે. કારણ કે આ ચારેયમાં પરસ્પર સંપર્ક આંતરક્રિયા અને અદલા-બદલી થતાં રહે છે.

આમ આ વિશ્વ અહેવાલમાં મૂલ્યશિક્ષણની ભારોભાર ભલામણ કરેલ છે.

આપણા શિક્ષક અને પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામે 'ઇન્ડિયા ૨૦૨૦' નામક ગ્રંથ લખી ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાની હિમાયત કરી છે. તેમાં પણ વિવિધ ક્ષેત્રોની વ્યક્તિઓને વિનંતી કરતાં કહ્યું છે.

તમે (શિક્ષક, બેંકર, ડૉક્ટર, વહીવટકાર કે અન્ય વ્યવસાયી) કંઈક વધુ સારું કરવા માટે, વધુ ઝડપી કરવા માટે, તમને ગૌરવ અપાવે એવું કરવા માટે, ગરીબી કે પીડા સહન કરી રહેલી વ્યક્તિની જિંદગીને થોડી સારી બનાવે એવું કરવા માટે એક મહિનામાંથી થોડા દિવસો સમર્પિત કરો.

સમર્પિત થવાની કેવી અપીલ કરી છે ! ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનાં શમણાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ બંને સેવે તેવી હૃદયસ્પર્શી વાત પણ તેમણે કરી છે.

આમ આપણે વિવિધ શિક્ષણપંચોએ મૂલ્યશિક્ષણ અંગે કરેલી ભલામણો જોઈ. હવે તેને મૂર્તિમંત કરવાનું શરૂ કરીએ તો ?

**સંપર્ક** : 'વૃન્દાવન', ૮, ગાયત્રી સોસાયટી,
જિનતાન રોડ, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૨,
મો. ૯૮૨૫૦૮૨૭૩૮

◆

## એ દિવસ –

ભાગ્યચક્રના પરિવર્તન દ્વારા એક દિવસ તો અંગ્રેજોને આ ભારત-સામ્રાજ્ય છોડીને જવું જ પડશે. પરંતુ તેઓ પોતાની પાછળ કેવા શ્રીહીન કંગાલિયતના ઉકરડા સમા ભારતવર્ષને મૂકી જશે ! જીવનના પ્રારંભકાળમાં મેં યુરોપની સંપત્તિરૂપ આ સંસ્કૃતિના દાન ઉપર સમગ્ર અંતરથી વિશ્વાસ રાખ્યો હતો. અને આજે મારી વિદાયને સમયે તે વિશ્વાસ બિલકુલ ઊડી ગયો છે. આજે હું સામા કિનારાનો મુસાફર છું – પાછળના ઘાટ ઉપર હું શું મૂકતો આવ્યો ? એક અભિમાની સંસ્કૃતિનાં ચારે કોર વેરાયેલાં ખંડિયેરો ! ઇતિહાસમાં એ કેટલું તુચ્છ ઉચ્છિષ્ટ લેખાશે ! પણ માણસ પ્રત્યે વિશ્વાસ ખોઈ બેસવો એ પાપ છે, એ શ્રધ્ધા હું આખર સુધી જાળવી રાખીશ. મનુષ્યત્વના પરાભવને અંતહીન અને ઉપાયહીન માની લેવો એને હું અપરાધ સમજું છું.

હું એટલું કહેતો જાઉં કે પ્રબળ પ્રતાપશાળીનાં પણ સામર્થ્ય, મદમત્તતા, આત્મંભરિતા સલામત નથી, એ પુરવાર થવાનો દિવસ આજે સામે આવીને ઊભો છે, અને જરૂર એ સત્ય સાબિત થશે કે – અધર્મથી માણસ અમુક વખત પૂરતો સંપત્તિમાન થાય છે, સુખો પામે છે, હરીફો ઉપર વિજય મેળવે છે, પણ અંતે સમૂળગો નાશ પામે છે.

**રવીન્દ્રનાથ ઠાકુર (અનુ. નગીનદાસ પારેખ)**

# સર આઇઝેક ન્યુટન (Sir Isaac Newton)

**વિઠ્ઠલભાઈ અં. પટેલ**

કોઈ પણ ગણિતશાસ્ત્રીને પૂછવામાં આવે કે ગણિતશાસ્ત્રના ઇતિહાસમાં પહેલા પાંચ અસરકારક ગણિતશાસ્ત્રીઓ કોણ કોણ ? જરૂરથી ન્યુટનનું નામ પહેલા પાંચમાં હશે જ. આ જ પ્રમાણે કોઈ પણ ભૌતિકશાસ્ત્રીને પૂછવામાં આવે કે ભૌતિકશાસ્ત્રના ઇતિહાસમાં પહેલા પાંચ અસરકારક ભૌતિકશાસ્ત્રીઓ કોણ કોણ ? આમાં પણ પહેલા પાંચમાં ન્યુટનનું નામ હશે જ. ન્યુટનના જમાનામાં ગણિત અને ભૌતિકશાસ્ત્રના પ્રશ્નો સરખા જ હતા. તે જમાનામાં ખગોળશાસ્ત્ર (Astronomy), યંત્રશાસ્ત્ર (Mechcnics), દૃષ્ટિ અને પ્રકાશનું શાસ્ત્ર (Optics) ગણિતની જ શાખાઓ ગણાતી. છતાંયે બંને ક્ષેત્રોમાં આગળ પડતા ગણાવવું તે અસામાન્ય છે. શેક્સ્પીઅર (Shakespeare) નાટ્યકાર અને શિલ્પી હતા. છતાંયે ન્યુટનની જોડે સરખામણી ન થઈ શકે.

આઇઝેકની જિંદગીની શરૂઆત જ રામભરોંસે થયેલી. તેઓ વુલ્સથોર્પ Woolsthorpe (ઇંગ્લાંડ)માં ઈ.સ. 1642માં નિયત કરતાં વહેલા જન્મેલા. એ જમાનામાં જીવવાની ઘણી ઓછી શક્યતા હતી. આ ઉપરાંત જન્મના થોડાક મહિના પહેલાં જ તેમના પિતાનું નિધન થયેલું. આઇઝેકની ખરી કરુણતા તો તે ત્રણ વર્ષના હતા ત્યારે તેમની વિધવા બા હેન્નાહ એસક્ફે (Hannah Ayscough) ફરીથી લગ્ન કર્યાં, અને આઇઝેકને તેમની દાદીના ત્યાં મૂકીને તેમના નવા પતિ બેર્નેબેસ સ્મિથની (Barnabas Smith) સાથે રહેવા ગયાં. તેમના નવા પતિને ત્રણ વર્ષના બાળકને રાખવામાં કોઈ રસ ન હતો. આઇઝેકનાં બા હેન્નાહ એસકફના ભાઈ વિલિયમ એસક્ફ કેમ્બ્રિજમાં ભણેલા અને તેમના નજીકના ગામમાં પાદરી હતા.

જ્યારે આઇઝેક ઉંમરલાયક થયા ત્યારે તેમના ગામની નિશાળમાં ભણવા જતા અને આ શાળામાં બાઇબલ શીખ્યા અને ગણિતના ઘડિયા શીખ્યા. આ શાળામાં આપણી શાળાઓની જેમ ઘડિયા બોલાવતા.

જ્યારે આઇઝેક દશ વર્ષના થયા ત્યારે તેમના સાવકા બાપા બેર્નેબેસ સ્મિથનું નિધન થયું અને તેમનાં બા વુલ્સથોર્પ તેમનાં ત્રણ બાળકો સાથે રહેવા આવ્યાં. આઇઝેકનું ગામમાં ભણવાનું પૂરું થયેલું હોઈને તેમને વુલ્સથોર્પથી આશરે સોળ કિલોમીટર દૂર ગ્રેન્થેમમાં (Grantham) ભણવા મૂક્યા. કિન્ગ્સ સ્કૂલમાં (Kings School) પણ એક જ રૂમ હતી અને તેમના શિક્ષક હેન્રી સ્ટોક્સ (Henry Stokes) 80 વિદ્યાર્થીઓને ગ્રીક, હીબ્રુ અને લેટિન ભણાવતા. અંકગણિત અને ખેડૂતોને ઉપયોગી ક્ષેત્રફળ, સર્વેયિંગ શીખવતા. અહીંયાં બનેલા એક પ્રસંગે તેમની જિંદગી બદલી કાઢી. દરેક જગ્યાએ કોઈ કોઈ વખત વર્ગમાં એક વિદ્યાર્થી દરેકને દબડાવતો હોય છે, દાદાગીરી કરતો હોય છે. આવા વિદ્યાર્થીએ આઇઝેકને લાત મારી. આઇઝેકે તેને લડવાનું આહ્વાન આપ્યું અને શારીરિક નબળા બાંધાના આઇઝેકે ફક્ત મનોબળથી તેને હરાવ્યો. આ દાદાગીરી કરનાર વિદ્યાર્થી ભણવામાં હોશિયાર હતો અને વર્ગમાં પ્રથમ નંબર રહેતો. આઇઝેકે આને ભણવામાં પણ હરાવવા ખૂબ જ મહેનત કરી અને વર્ગમાં પ્રથમ નંબર આવ્યા. જ્યારે આઇઝેક 16 વર્ષના થયા ત્યારે તેમનાં બાએ આઇઝેકને ખેતી કરવા માટે ઘેર પાછા બોલાવ્યા.

આઇઝેકને શું કરવું છે તેની બહુ ખબર ન હતી, પણ તેમને હળ તો હાંકવું જ ન હતું, ઘેટાં તો ચારવાં જ ન હતાં. આથી ઘેર આ સિવાયનું બીજું બધું કામ કર્યા કરતા. આખરે તેમના મામા વિલિયમ અને તેમના જૂના શિક્ષક હેન્રી સ્ટોક્સ વચ્ચે પડ્યા અને તેમના મામા કેમ્બ્રિજમાં ભણેલા હોઈને આઇઝેકને કેમ્બ્રિજમાં ભણવા

માટે મૂકવામાં આવ્યા. એ સમયે કેમ્બ્રિજ યુનિવર્સિટીએ વિદ્યાર્થીઓને ત્રણ વિભાગમાં વહેંચેલા. (1) ઉમરાવનાં સંતાનો. જે સુંદર અને મોંઘા પોષાકો પહેરતા અને સારામાં સારું ભોજન જમતા. ડિગ્રી માટે તેમને બહુ જ ઓછી પરીક્ષાઓ લેવી પડતી. (2) સામાન્ય રીતે ટ્યૂશન, રહેવાનું અને જમવાનું ખર્ચ આપનારા જે અભ્યાસ પૂરો થતાં બ્રિટનનાં ચર્ચોમાં પાદરીઓ તરીકે જોડાતા. (3) બધા વિદ્યાર્થીઓની જરૂરિયાતો પૂરી પાડનારા અને ભણનારા વિદ્યાર્થીઓ જેઓ 'સિઝાર-Sizar' તરીકે ઓળખાતા. હન્નાહ સ્મિથ તે સમયના ધોરણ પ્રમાણે પૈસાવાળા ગણાય, પણ તેમણે ન્યુટનને ઓછામાં ઓછો આર્થિક ટેકો કર્યો, આથી ન્યુટન 'સબસિઝાર (Subsizar)' વિદ્યાર્થી તરીકે જૂન 1661માં જોડાયેલા.

1661માં કેમ્બ્રિજને લગભગ 400 વર્ષ પૂરાં થયેલાં. જૂની અને જાણીતી ખરી, પરંતુ એ સમયે પ્યૂરિટન (Puritan, ધર્માચરણ અને નીતિની બાબતમાં અતિ કડક) અને રાજાના ટેકેદારો વચ્ચે મોટો ઝઘડો હતો. પ્યુરિટનો રાજાશાહી નાબૂત કરવાના મતના હતા, પણ સફળ ન થતાં 1660માં ફરીથી ઇંગ્લાંડમાં રાજાશાહી પાછી આવી. પ્યૂરિટનોનું કેન્દ્ર કેમ્બ્રિજ જ્યારે રાજાશાહીના ટેકેદારોનું કેન્દ્ર ઑક્સફર્ડ હતું. માનવું અઘરું છે પણ તે સમયે અધ્યાપકો રાજકારણ (Politics) કે ચર્ચના કારણે નિમાતા. ઘણા અધ્યાપકો એવા હતા કે પચાસ વર્ષમાં તેમનો કોઈ વિદ્યાર્થી જ ન હોય, કોઈ દિવસ ભણાવ્યું પણ ન હોય. અરે ! કેમ્બ્રિજ કે કેમ્બ્રિજની આસપાસ રહેતા પણ ન હોય. આના કારણે વિદ્યાર્થીઓ પણ એવા જ !! દારૂડિયા. આઇઝેક જુદા પ્રકારના વિદ્યાર્થી હતા. ખાઉધરા જેમ ખા ખા કર્યા કરે, ન્યુટન નવું નવું વાંચ્યા કરતા. વાંચવામાં અને વિચારવામાં ખાવાપીવાનું પણ ભૂલી જતા. આવામાં ડાયરી પણ રાખતા અને પાપોની નોંધ પણ રાખતા. આ પાપોમાં પર્યાપ્ત વખત પ્રાર્થના ન કરવા, ચર્ચની પ્રાર્થનાની સભામાં બરાબર ધ્યાન ન રાખવા માટે, અપવિત્ર વિચારો કરવા માટે વિગેરે.

જ્યારે વાંચતા, લખતા કે પાપો ન કરતા હોય ત્યારે પ્રકાશ, રંગો, દૃષ્ટિ વિગેરેના પ્રયોગો કરતા હોય. એક વખત સૂર્યને આંખો પહોળી કરીને એકીટસે લાંબો વખત જોયા કર્યો. તેજના ઝબકારાથી દૃષ્ટિ ઉપર થયેલી અસરની નોંધ કરી. આંખે સરખું થવા માટે તેમને અંધારામાં રહેવું પડેલું. આંખના ડોળાના આકારની દૃષ્ટિ ઉપર કેટલી અસર છે તે જાણવા માટે તેમણે તેમના આંખના ડોળા ઉપર કઠોર અખતરો કરેલો.

નદીના કિનારે આવેલું કેમ્બ્રિજ, લંડનથી લગભગ 90 કિલોમીટર દૂર છે અને તે સમયે લંડનથી સોમા ભાગની વસ્તી હતી. દર વર્ષે પાક લેવાની અને પાક વાવવાની સિઝનના વચ્ચેના સમયમાં ઇંગ્લાંડનો મોટામાં મોટો મેળો ત્યાં ભરાતો જે સ્ટાઉરબ્રીજના (Stourbridge) મેળા તરીકે ઓળખાતો. ઊન, ધાતુનાં અને કાચનાં વાસણો, સંગીતનાં સાધનો, પુસ્તકો, રમકડાં વગેરે આ મેળામાં વેચાતાં. આઇઝેક પૈસાની બાબતમાં ખૂબ જ કાળજી રાખનારા હોઈને, 1663માં આ મેળામાંથી જ્યોતિષશાસ્ત્રનું પુસ્તક ખરીદ્યું. સાથે સાથે ત્રિપાર્શ્વ કાચ પણ ખરીદી લાવેલા. આ પુસ્તકની આકૃતિઓ સમજવા માટે ભૂમિતિ જાણવી જરૂરી લાગેલી. કેમ્બ્રિજની ઘણી બધી તકલીફોમાં એક સુખ હતું. તેનું પુસ્તકાલય તે સમયે પણ અદ્ભુત હતું. ભૂમિતિનું પુસ્તક 'યુક્લિડ'સ એલિમેન્ટસ્ (Enclid's Elements)' વાંચ્યું અને પહેલી જ વખતે વાંચતાં સ્વયંસિદ્ધ પુરાણું પુસ્તક ઉપર ચોટિયું લાગેલું (ઉંમરલાયક ન્યુટને આ અભિપ્રાય બદલેલો). ડેકાર્ટની (Descartes) ભૂમિતિ કોઈનીયે મદદ વગર જાતે ઘણા પ્રયત્ને પચાવી શકેલા. વાંચવાનું શરૂ કરે, સમજ પડે ત્યાં સુધી જતા એ સમજ ન પડે એટલેથી પાછા ફરે. ફરીથી પહેલા પાનાથી શરૂ કરે અને ધીરેધીરે આગળ વધે. ન્યુટન જ્યારે બીજા વર્ષમાં હતા ત્યારે પૂંછડિયો તારો આકાશમાં દેખાયો. ન્યુટને રાતોની રાતો પૂંછડિયા તારાના રસ્તાનો અને તેનો અભ્યાસ કરતા. જ્યારે સવારના દેખાતો બંધ થાય ત્યારે જ રૂમ ઉપર આવતા. ઊંઘ્યા જ ન હોય તેવું બનતું. આ પૂંછડિયા તારાથી લોકો ડરતા અને કંઈક ખરાબ થશે તેનો ડર રાખતા. કમનસીબે થોડાક વખતમાં લંડનમાં પ્લેગનો રોગ ચાલુ થયો. શરૂઆતમાં દર અઠવાડિયે સો માણસોનું નિધન થતું, પછી દર અઠવાડિયે હજારો માણસોનું નિધન થતું. લંડનની વસ્તીના છઠ્ઠા ભાગની વસ્તીનું નિધન થયું. કેમ્બ્રિજ યુનિવર્સિટી લંડનની નજીક

હોઈને બંધ કરેલી અને વિદ્યાર્થીઓને તેમના ઘેર મોકલી દેવાયા.

1664માં કેમ્બ્રિજમાં સૌથી પહેલવહેલા ગણિતના પ્રોફેસર તરીકે આઇઝેક બેરોની (Isaac Barrow) નિમણૂક થઈ. બેરો પણ ટ્રિનિટી કૉલેજના વિદ્યાર્થી હતા. તેમણે ન્યુટનની એલિમેન્ટ્સ ઑફ યુક્લિડની પરીક્ષા લીધેલી. 1664માં ન્યુટનને ટ્રિનિટી કૉલેજના સ્કૉલર બનાવ્યા. માસ્ટરની ડિગ્રી સુધી ચાર વર્ષ આર્થિક ટેકો મળ્યો. આ બઢતીથી ન્યુટનને જેમાં રસ હોય તેમાં આગળ વધવાની તક મળી. વિશાળ વાચનના કારણે, કોઈ પણ કલ્પના ન કરી શકે તેવું નક્કર કામ બે વર્ષમાં ફક્ત 23 વર્ષના વિદ્યાર્થીએ કર્યું. 1665ની શરૂઆતમાં કોઈ પણ ઘાત માટે વપરાય તેવું 'વ્યાપક દ્વિપદી પ્રમેય (Generalized Binomial Theorem)' મેળવ્યું. આ પછી તુરત જ એ જ વર્ષમાં જે વિકલન કલનગણિત (Differential Calculuo) તરીકે ઓળખાય છે તેનાં લગતાં પરિણામો તેમણે મેળવ્યાં. ન્યુટન તેને 'ફ્લક્સિઓનોની રીત (Method of Fluxions)' તરીકે ઓળખતા. જ્યારે લીબનિઝે (Leibniz) કેલક્યુલસ (Calculus) શબ્દ વાપરેલો અને આપણે હાલમાં પણ તેને 'કેલક્યુલસ' જ કહીએ છીએ. 1666માં જે સંકલન કલન ગણિત (Integral Calculus) તરીકે ઓળખાય છે તેને લગતાં પરિણામો ન્યુટને મેળવ્યાં. ન્યુટન તેને 'Inverse Method of Fluxions' તરીકે ઓળખતા. આપણા માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ જે હાલમાં અગિયાર અને બારમા ધોરણમાં કલનશાસ્ત્ર ભણે છે તેના શોધનારા ન્યુટન અને લીબનિઝ હતા. 1664-66ના વર્ષોમાં પ્લેગના રોગચાળાના કારણે કેમ્બ્રિજ યુનિવર્સિટી બંધ હોઈને ન્યુટને આ કામ તેમના વતન વૂલ્સથૉર્પ અને કેમ્બ્રિજમાં કરેલું. આ બે પ્લેગનાં વર્ષો ન્યુટનના માટે અદ્‌ભુત વર્ષો હતાં. સહેલાઈથી આપણા ધ્યાન બહાર જતું રહે, પણ ન્યુટને આ શોધો કેમ્બ્રિજના નનામા (anonymous) વિદ્યાર્થી તરીકે કરી હતી.

ગણિતનો ઇતિહાસ જોતાં નવા વિચારો નવી નવી જગ્યાએથી મળ્યા છે, પાયથાગોરીઅન એકેડમી ક્રોટોનથી, પ્લેટોની એથેન્સિઅન એકેડેમીથી, એલેક્ઝાન્ડ્રીયાથી, બગદાદથી, કૉર્ડાનો અને ફેરારિ ઇટાલીમાંથી, અને ન્યુટનની ટ્રિનિટી કૉલેજની ન્યુટનની રૂમમાંથી. દુનિયાનું ગણિતનું કેન્દ્ર ન્યુટન જ્યાં હતા ત્યાં જતું રહ્યું.

### ન્યુટનનું દ્વિપદી પ્રમેય (Newton's Binomial Theorem)

ખરેખર આ પ્રમેય નથી, કારણ કે ન્યુટને તેની સાબિતી આપી નથી. ન્યુટનની સમજ (Insight) અને અન્તર્દૃષ્ટિ (Intution)થી મેળવેલું અદ્‌ભુત સૂત્ર છે.

દ્વિપદી પ્રમેય $(a+b)^n$ ના વિસ્તારનું સૂત્ર છે. આપણે શાળામાં નીચેનાં સૂત્રો ગુણાકારથી મેળવીએ છીએ.

$(a + b)^1 = a + b$

$(a + b)^2 = a^2 + 2ab + b^2$

$(a + b)^3 = a^3 + 3a^2b + 3ab^2 + b^3$

$(a + b)^4 = a^4 + 4a^3b + 6a^2b^2 + 4ab^3 + b^4$

ગુણાકાર કરીને $(a+b)^n$ ની કિંમતો મેળવી શકીએ, પણ સરળ રસ્તો પાસ્કલના ત્રિકોણનો છે.

પાસ્કલ ત્રિકોણની બે બાજુઓમાં 1 જ છે. સૌથી પહેલી હારમાં 1 જ છે. બીજી હારમાં બે 1 છે અને એ રીતે લખેલા છે કે જેથી પહેલી હારનો 1 આ બંને 1 ની વચ્ચે રહે. ત્રીજી હારમાં ત્રણ રકમો છે અને પહેલી અને છેલ્લી રકમ 1 છે. વચ્ચેની રકમ ઉપરની હારની

1

1 1

1 2 1

1 3 3 1

1 4 6 4 1

1 5 10 10 5 1

1 6 15 20 15 6 1

1 7 21 35 35 21 7 1

1 8 28 56 70 56 28 8 1

**પાસ્કલનો ત્રિકોણ**

ડાબી (1) અને જમણી બાજુની (1) રકમોનો સરવાળો જે 2 થાય તે છે. ચોથી હારમાં પહેલી અને છેલ્લી રકમો

1 છે. વચ્ચેની બે રકમો 3 અને 3 ઉપરની હારની આજુબાજુની રકમો 1 અને 2 નો સરવાળો 3 અને આજુબાજુની રકમો 2 અને 1નો સરવાળો 3 છે. આ જ રીતે બાકીની જેટલી જરૂરી હોય તેટલી હારમાળાઓ લખી શકાય. ધારોકે આપણે $(a + b)^7$ની કિંમત મેળવવી છે. પાસ્કલ ત્રિકોણની આઠમી હારમાળા ઉપરથી ગુણકો લખી શકાય. જેમ કે

$(a + b)^7 = a^7 + 7a^6b + 21a^5b^2 + 35a^4b^3 + 35a^3b^4 + 21a^2b^5 + 7ab^6 + b^7$ થાય.

પાસ્કલના ત્રિકોણની આઠમી હારની રકમો આપણા $(a + b)^7$ના વિસ્તરણના ગુણકો છે.

અત્યાર સુધી $(a + b)n$ માં $n$ પૂર્ણાંક છે, પણ જો $n$ ધનપૂર્ણાંક કે અપૂર્ણાંક હોય તો શું ? જેમકે $(a+b)^{-2}$ કે $(a+b)^{1/3}$ નું વિસ્તરણ કઈ રીતે થાય ? ન્યૂટને લીબનિઝને 1676માં લખેલા પત્રમાં નીચેનું સમીકરણ લખેલું :

$(P + PQ)^{m/n} = P^{m/n} + \frac{m}{n} AQ + \frac{m-n}{2n} BQ + \frac{m-2n}{3n} CQ + \frac{m-3n}{4n} DQ + .....$ જ્યાં A, B, C, D ..... આગળની રકમો છે. આની ન્યુટને કોઈ સાબિતી આપી નથી. તે સમયે ટેઇલર શ્રેણી (Taylor Series) કે એના જેવું કંઈ શોધાયેલું ન હતું. આ હૈયાસૂઝ એમ ને એમ ન આવે. ઘણાં બધાં વિસ્તરણો કરીને અને ઊંડા વિચારો કરીને જ મળે. આપણા જાણીતા સ્વરૂપમાં આ સૂત્ર નથી, પણ A, B, C, D,..... વગેરેની કિંમતો મૂકતાં સરળતાથી જાણીતું સૂત્ર મળે.

$A = P^{m/n}$

$B = \frac{m}{n} AQ \quad \frac{m}{n} P^{m/n} Q$

$C = \frac{m-n}{2n} BQ = \frac{\frac{m}{n}\left(\frac{m}{n}-1\right)}{2} P^{m/n} Q^2$

$D = \frac{m-2n}{3n} CQ = \frac{\frac{m}{n}\left(\frac{m}{n}-1\right)\left(\frac{m}{n}-2\right)}{2\times 3} P^{m/n} Q^3$ વિગેરે.

આ કિંમતો સૂત્રમાં મૂકતાં

$(P + PQ)^{m/n} = P^{m/n} (1 + Q)^{m/n}$

$$= P^{m/n} \left\{1+\frac{m}{n} Q + \frac{\left(\frac{m}{n}\right)\left(\frac{m}{n}-1\right)}{2}Q^2 + \frac{\frac{m}{n}\left(\frac{m}{n}-1\right)\left(\frac{m}{n}-2\right)}{2\times 3} Q3 + \frac{\frac{m}{n}\left(\frac{m}{n}-1\right)\left(\frac{m}{n}-2\right)\left(\frac{m}{n}-3\right)}{2\times 3\times 4}Q^4 + ...\right\}$$

$P^{m/n}$ વડે બન્ને બાજુએ ભાગતાં, આપણને

$$(1 + Q)^{m/n} = 1 + \frac{m}{n} Q + \frac{\left(\frac{m}{n}\right)\left(\frac{m}{n}-1\right)}{2}Q^2 + \frac{\frac{m}{n}\left(\frac{m}{n}-1\right)\left(\frac{m}{n}-2\right)}{2\times 3} Q^3 + \frac{\frac{m}{n}\left(\frac{m}{n}-1\right)\left(\frac{m}{n}-2\right)\left(\frac{m}{n}-3\right)}{2\times 3\times 4}$$

$Q^4 + ...$ મળે જે આપણા જાણીતા સ્વરૂપમાં છે. આનો ઉપયોગ કરીને આપણે $(1 + x)^3$નું વિસ્તરણ કરીએ. $\frac{m}{n} = \frac{3}{1}$ છે. આથી

$$(1 + x)^{3/1} = 1 + \frac{3}{1} x + \frac{\frac{3}{1}\left(\frac{3}{1}-1\right)}{2} x^2 + \frac{\frac{3}{1}\left(\frac{3}{1}-1\right)\left(\frac{3}{1}-2\right)}{2\times 3} x^3 + \frac{\frac{3}{1}\left(\frac{3}{1}-1\right)\left(\frac{3}{1}-2\right)\left(\frac{3}{1}-3\right)}{2\times 3\times 4} x^4 + .....$$

$$= 1 + 3x + 3x^2 + x^3 + \frac{0}{2 \times 3 \times 4} x^4 + .......$$

$$= 1 + 3x + 3x^2 + x^3.$$

$(1 + x)^{-2}$ નું વિસ્તરણ કરીએ. $\frac{m}{n} = -\frac{2}{1}$ છે. આથી

$$(1+x)^{-\frac{2}{1}} = 1 + \left(-\frac{2}{1}\right) x + \frac{\left(-\frac{2}{1}\right)\left(-\frac{2}{1}-1\right)}{2} x^2 + \frac{\left(-\frac{2}{1}\right)\left(-\frac{2}{1}-1\right)\left(-\frac{2}{1}-2\right)}{2 \times 3} x^3$$

$$= 1 - 2x + \frac{2 \times 3}{2} x^2 - \frac{2 \times 3 \times 4}{2 \times 3} x^3 ...$$

$$= 1 - 2x + 3x^2 - 4x^3 + 5x^4 - .....$$

$$\therefore \quad = 1 - 2x + 3x^2 - 4x^3 + 5x^4$$

$$\therefore \quad 1 = (1 + 2x + x^2)(1 - 2x + 3x^2 - 4x^3 + 5x^4 ...)$$

$$= 1 + (2x - 2x) + (x^2 - 4x^2 + 3x^2) + (-4x^3 + 6x^3 - 2x^3) + ...$$

$$= 1$$

આથી $\frac{1}{(1+x)^2} = 1 - 2x + 3x^2 - 4x^3 + 5x^4 - ...$

$(1 + x)^{1/2}$ નું વિસ્તરણ કરીએ. $\frac{m}{n} = \frac{1}{2}$ છે. આથી

$$(1 + x)^{1/2} = 1 + \left(\frac{1}{2}\right) x + \frac{\left(\frac{1}{2}\right)\left(\frac{1}{2}-1\right)}{2} x^2 + \frac{\frac{1}{2}\left(\frac{1}{2}-1\right)\left(\frac{1}{2}-2\right)}{2 \times 3} x^3 + ....$$

$$= 1 + \frac{1}{2} x - \frac{1}{8} x^2 + \frac{1}{8 \times 2} x^3 - \frac{5}{128} x^4 + ...$$

$$\therefore \sqrt{1+x} = 1 + \frac{1}{2} x - \frac{1}{8} x^2 + \frac{1}{16} x^3 - \frac{5}{128} x^4 + \frac{7}{256} x^5 ...$$

બન્ને બાજુએ વર્ગ લઈને સાબિત કરી શકાય કે $\left(1 + \frac{1}{2} x - \frac{1}{8} x^2 + \frac{1}{16} x^3 ...\right)^2 = 1 + x$ થાય.

કોઈ પણ વાસ્તવિક સંખ્યા $\frac{m}{n}$ માટેની સાબિતી ઑઇલરે (Euler) આપેલી જ્યારે સંકર સંખ્યા $\frac{m}{n}$ માટેની સાબિતી આબેલે (A*b*el) આપેલી.

**ફ્લક્સિઓનો અને ફ્લુઅન્ટો (Fluxions and Fluents)**

ઉત્કટ સર્જનાત્મક શક્તિ અને સમયનો ઉપયોગ કરીને ન્યુટને તેમનું ફ્લક્સિઓન કેલક્યુલસ્ વિકસાવ્યું. ન્યુટનનું ફ્લક્સિઑન આપણું વિકલનફલ (Derivative) છે, અને તે પણ સમયની સાથે. તેમના dot notationમાં $\dot{x} = \frac{dx}{dt}$ છે. લક્ષ્યનો વિચાર જે રીતે હાલમાં સમજીએ છીએ તે રીતે તે સમયે સ્પષ્ટ ન હતો. કલનગણિતના પાયાનું કામ કુશી (Cauchy) અને વાયરસ્ટ્રાસે (Weirstrauss) ન્યુટનના કામ પછીની એક સદીમાં કર્યું.

ન્યુટને કેવું કામ કર્યું તેનો ખ્યાલ આવે તે માટે ન્યુટનના લેટીનમાં લખેલા પુસ્તક 'The Tractatus de quadratura currarm (1704)'નો અંગ્રેજી પ્રસ્તાવનાની ભાષાંતરના થોડાક ભાગોનું ગુજરાતી ભાષાંતર નીચે પ્રમાણે છે.


(નોંધ : જે રીતે હાલમાં ચલો (Variables) શબ્દ વપરાય છે તેના બદલે ન્યુટનના સમયમાં વહેતી માત્રાઓ (Flowing quantities) વપરાતો. ફ્લોઇંગ (Flowing) ઉપરથી ન્યુટને ફ્લક્સિઓનો (Fluxions) શબ્દ વાપર્યો. વિધેય શબ્દ તે સમયે જાણીતો ન હતો, લાઇબ્નિઝે (Leibniz) ગણિતમાં પહેલવહેલો 1694માં વાપર્યો.)

૧. આ જગ્યાએ હું ગણિતની માત્રાઓને (quantities) નાના નાના ભાગોથી બનેલી ગણવાને બદલે સતત ગતિથી વર્ણવું છું. રેખાઓને પાસ પાસેના ભાગોને બંધ બેસાડીને જોવાને બદલે સતત ગતિથી જોઈશું. રેખાઓની સતત ગતિથી સપાટી (પૃષ્ઠ); અને પૃષ્ઠની સતત ગતિથી ઘન; ખૂણાઓ બાજુઓને ગોળ ફેરવવાથી; સમયનો ભાગ સતત પ્રવાહથી; અને આ જ રીતે બીજી માત્રાઓ. વસ્તુઓની સહજતામાં ખરેખર આનાં મૂળ સમાયેલાં છે, અને પદાર્થોની ગતિમાં દરરોજ જોઈ શકાય છે. પ્રાચીન કાળના લોકોએ બે સ્થિર સુરેખાઓ ઉપર બે નેવું અંશના ખૂણા બનાવતી ફરતી સુરેખાઓ ઉપરથી લંબચોરસની ઉત્પત્તિ જોયેલી.

૨. આથી જે સરખા સમયમાં વધતી હોય અને નિર્માણ થયેલો વધારો, વધારે કે ઓછા વેગથી નિર્માણ થયો હોય તેવી માત્રાઓ ધ્યાન ઉપર લઈશું. હું નિર્માણ થયેલા વધારાને નક્કી કરવાની રીત ગતિના વેગથી કે વધારાથી શોધું છું અને આ ગતિના વેગોને કે વધારાઓને ફ્લક્સિઓનો (Fluxions) અને નિર્માણ થયેલી માત્રાઓને ફ્લુઅન્ટસૂથી (Fluents) ઓળખીશું.

૩. ફ્લક્સિઓનો સરખા પણ ખૂબ જ નાના સમયના કણોમાં ફ્લુએન્ટોનો વધારો છે અને સ્પષ્ટ રીતે કહેતાં તે પ્રારંભિક વધારાનો પહેલો ગુણોત્તર છે; પણ સ્પષ્ટ રીતે કોઈ પણ રેખા જે તેમના પ્રમાણમાં હોય તેનાથી દર્શાવી શકાય.

૪.




આકૃતિમાં બતાવ્યા પ્રમાણેના ક્ષેત્રફળો ABC, ABDG પાયા AB ઉપર એક ધારી ગતિથી ફરતા યામો BC, BDથી વર્ણવી શકાય, આ ક્ષેત્રફળોના ફ્લક્સિઓનો ગુણોત્તર વર્ણન કરતા યામો BC અને BDના ગુણોત્તર બરાબર છે અને સ્પષ્ટ છે કે યામો પ્રારંભિક દશાના ક્ષેત્રફળોનો વધારો બતાવે છે.

૫. યામ BC તેની જગ્યાએથી આગળ વધીને નવી જગ્યા bc એ આવે છે. ચતુષ્કોણ BCEb દોરો અને વક્રરેખાને C એ અડકતી (સ્પર્શરેખા) સુરેખા VTH દોરો અને સુરેખા bc સુરેખા VCHને Tમાં મળે છે અને સુરેખા BAને લંબાવતાં સ્પર્શકને Vમાં મળે છે; અને Bb, Ec અને Cc, ભૂજ AB, યામ BC અને વક્રરેખા ACમાં થયેલો વધારો છે; અને $\triangle$CETની બાજુઓ પ્રારંભિક વધારાનો પહેલો ગુણોત્તર હોઈને AB, BC અને ACના ફ્લક્સિઓનો $\triangle$CETની બાજુઓ CE, ET અને CT છે અને આ $\triangle$VBC, જે $\triangle$CETને સમરૂપ છે, ની બાજુએથી પણ દર્શાવી શકાય.

૬. ફ્લક્સિઓન એ અલોપ થઈ જતા ભાગોનો આખરે ગુણોત્તર છે એ બધાનો આશય છે. સુરેખા Ccને K સુધી. લંબાવો. ધારો કે યામ bc તેની મૂળ જગ્યા BC એ આવે અને જ્યારે C અને c જોડાઈ જાય ત્યારે Ck સ્પર્શક CHને મળી જાય અને

અલોપ થતો △CEC, ત્રિકોણ CET ને સમરૂપ થાય અને તેમની અલોપ થતી બાજુઓ C E, Ec અને Cc આખરે △CETની બાજુઓ CE, ET અને CT બનશે અને આથી રેખાઓ AB, BC અને ACના ફ્લક્સિઓનો સરખા ગુણોત્તરમાં છે. જો બિંદુઓ C અને c વચ્ચેનું અંતર નાનું હોય, CKની જમણી બાજુ સ્પર્શક CHથી થોડીક દૂર હોય. એટલે કે CKની જમણી બાજુ સ્પર્શક CHને મળી પણ જાય અને આખરે CE, Ec અને Ccનો ગુણોત્તર મેળવી શકાય, બિંદુઓ C અને c મળી જવાં જોઈએ અને એકાકાર (Coincile) થવાં જોઈએ. ગણિતની બાબતમાં નાનામાં નાની ભૂલ અવગણવી ન જોઈએ.

૧૧. ધારો કે કોઈ પણ માત્રા (Quantity) $x$ સતત એકધરી રીતે વહે છે અને આપણે $xn$નો ફ્લક્સિઓન (જેને આપણે વિકલનથી ઓળખીએ છીએ.) શોધવો છે.

આપેલા સમયમાં $x$ વહેતાં $x + 0$ બને છે અને તે જ સમયમાં $xn$, $(x + 0)^n$ બનશે; એટલે કે અનંત શ્રેણીની રીતથી

$x^n + nox^{n-1} + \frac{n^2-n}{2}\ 00\ x^{n-2}$ + વગેરે વગેરે.

અને વધારાઓ

$0$ અને $n\ 0\ x^{n-1} + \frac{n^2-n}{2}\ 00\ x^{n-2}$ + વગેરે વગેરે.

જે એકબીજાને

$1$ અને $nx^{n-1} + \frac{n^2-n}{2}\ 00\ x^{n-2}$ + વગેરે વગેરે.

હવે આ વધારાઓને અદશ્ય થવા દઈએ, અને આખરે તેમનો ગુણોત્તર 1થી $nx^{n-1}$ બનશે.

12. હવે પછી હું અનિશ્ચિત માત્રાઓ (Indeterminate quantities) જે સતત ગતિના કારણે વધતી હોય કે ઘટતી હોય એટલે આગળ કે પાછળ વહેતી હોય તેમને હું અક્ષરો $z, y, x, \upsilon$ થી પ્રયોજુ અને તેમના ફ્લેક્સિઓનોને ટપકા સાથેના તે જ અક્ષરો $\dot{z}, \dot{y}, \dot{x}, \dot{\upsilon}$ થી હું દર્શાવું છું. આ ફ્લક્સિઓનોના વધારે કે ઓછા ઝડપી ફ્લેક્સિઓનો હશે જેને ના બીજા ફ્લક્સિઓનો કહેવાય. અને જેની ભાત $\ddot{z}, \ddot{y}, \ddot{x}, \ddot{\upsilon}$ છે. છેલ્લાના ફ્લક્સિઓનો કે $z, y, x, \upsilon$ ના ત્રીજા ફ્લક્સિઓને થી દર્શાવીશું. આ જ રીતે ચોથા ફ્લેક્સિઓનો છે. આ જ રીતે $\dddot{z}, \dddot{y}, \dddot{x}, \dddot{\upsilon}$, $\ddot{z}, \ddot{y}, \ddot{x}, \ddot{\upsilon}$ ના ફ્લેક્સિઓનો છે. અને આ $\dot{z}, \dot{y}, \dot{x}, \dot{\upsilon}$ ના ફ્લેક્સિઓનો છે અને એ છેલ્લે $z, y, x, \upsilon$ ના ફ્લેક્સિઓનો છે. આથી $z, y, x, \upsilon$ પણ કોઈ માત્રાઓના ફ્લક્સિઓનો હોવા જોઈએ. જેને હું થી દર્શાવું છું અને આ પણ ના ફ્લેક્સિઓનો હોવા જોઈએ અને આ છેલ્લા પણ $z''', y''', x''', \upsilon'''$ના ફ્લેક્સિઓનો છે. આથી $z'', z', z, \dot{z}, \ddot{z}, \dddot{z}, \ldots$ વિગેરે વિગેરે એવી શ્રેણી છે કે જેમાં પાછળની રકમ તુરત જ આગળ આવતી રકમની ફ્લેક્સિઓન છે અને દરેક આગળની વહેતી માત્રા (Flow*ing* Qu*an*tity) છે જેના પછીની રકમ તેનો ફ્લેક્સિઓન છે. આના જેવી જ શ્રેણી

$$\sqrt{az-zz}'',\ \sqrt{az-zz}',\ \sqrt{az-zz},\ \dot{\sqrt{az-zz}},\ \ddot{\sqrt{az-zz}},\ \dddot{\sqrt{az-zz}},\ \ldots$$

બરાબર આના જેવી જ શ્રેણી

$$\frac{az}{a}\overset{+}{\underset{''}{-}}\frac{zz}{z},\ \frac{az}{a}\overset{+}{\underset{'}{-}}\frac{zz}{z},\ \frac{az+zz}{a-z},\ \frac{az}{a}\cdot\frac{zz}{z},\ \frac{az}{a}\overset{+}{\underset{-}{..}}\frac{zz}{z},\ \frac{az}{a}\overset{+}{\underset{-}{\ldots}}\frac{zz}{z},\ \ldots$$

14. આ શ્રેણીમાં ધ્યાન રાખવા જેવું છે કે પાછળની રકમ વક્રીય આકૃતિનું ક્ષેત્રફળ છે જેમાં આગળની રકમ કોટિ ($y$ – યામ) છે અને ભૂજ ($x$ – યામ) $z$ છે જેમ કે કોટિ $\sqrt{az - zz}$ અને ભૂજ $z$ હોય તેવા વક્રના ક્ષેત્રફળ બરાબર છે.
પ્રમેય I : પ્રશ્ન I

15. કોઈ પણ સંખ્યાની વહેતી માત્રાઓનું સમીકરણ આપેલું છે અને તેનું ફ્લક્સિઓન શોધો.
ઉકેલ : સમીકરણની દરેક રકમને તેની વહેતી માત્રાના ઘાતાંકથી ગુણો અને દરેક ગુણાકારમાં ઘાતાંકના મૂળને ફ્લક્સિઓનમાં ફેરવો, અને આ બધા ગુણાકારોના યોગ્ય ચિન્હ સાથેના સમૂહનું નવું સમીકરણ બનશે.

16. સ્પષ્ટીકરણ : ધારો કે *a, b, c, d* વિગેરે વિગેરે નિશ્ચિત અને ન બદલાતી માત્રાઓ છે અને ધારો કે $z, y, x$ વિગેરે વિગેરે વહેતી માત્રાઓ વચ્ચેના સંબંધોનું સમીકરણ
છે. પહેલા $x$ ની રકમોને તેમના ઘાતથી ગુણીએ અને દરેક ગુણાકારમાં એક પરિમાણના $x$ માટે $\dot{x}$ લખીએ અને $x$ ની રકમોનો સરવાળો $3\dot{x}x^2 - \dot{x}y^2$ થશે. એ જ પ્રમાણે $y$ની રકમ લઈને એ જ પ્રમાણે કરતાં $-2\,x\,\dot{y}\,y$ મળે. એ જ પ્રમાણે $z$ને કરતાં

મળે. આ બધા જ ગુણાકારોનો સરવાળો કરીને તેના બરાબર શૂન્ય મૂકતાં તમને સમીકરણ $3\dot{x}x^2 - \dot{x}y^2 - 2x\dot{y}y - aa\dot{z} = 0$ મળશે. હું કહું છું કે આ સમીકરણ ફ્લક્સિઓનો વચ્ચેનો સંબંધ છે.

17. સમજૂતી : 0 ઘણી નાની માત્રા છે અને $o\dot{z}, o\dot{y}, o\dot{x}$ ક્ષણો (moments) એટલે કે ખાસ સમક્રમિક $z, y, x$ ના વધારા છે. અને જો વહેતી માત્રાઓ હાલ હોય, તો ક્ષણાં તેમનો વધારો હોઈને માત્રાઓ $z + o\dot{z},\ y + o\dot{y},\ x + o\dot{x}$ જે $z, y, x$ ના સમીકરણમાં મૂકતાં

$-2x\,o\dot{y}y - 2o\dot{x}\ o\dot{y}y - x(o\dot{y})(o\dot{y}) - (o\dot{x})(o\dot{y})(o\dot{y})$
$+ a^2 z + a^2 o\dot{z} - b^3 = 0$ મળશે. આમાંથી મૂળ સમી-કરણ બાદ કરી, 0 વડે બાકી રહેલા સમીકરણને ભાગતાં

$3x^2\dot{x} + 3x\,\dot{x}\,o\dot{x} + o^2\dot{x}^3 - \dot{x}y^2 - 2x\dot{y}y - 2\dot{x}\,o\dot{y}\,y$
$- x\dot{y}(o\dot{y}) - \dot{x}(o\dot{y})(o\dot{y}) + a^2\,o\dot{z} = 0$ રહેશે.

0 અમર્યાદિત રીતે ઘટે, અને જે રકમો લોપ થઈ તેને દૂર કરતાં, $3x^2\dot{x} - \dot{x}y^2 - 2x\dot{y}y + a^2\dot{z} = 0$ રહેશે.

18. સંપૂર્ણ સમીકરણ : જો સમીકરણ

$x^3 - xy^2 + aa\sqrt{ax - y^2} - b^3 = 0$

હોય તો, એ જ રીતે કરતાં

$3\dot{x}x^2 - \dot{x}y^2 + 2\dot{y}yx + aa\sqrt{ax}\dot{\ } - \overline{y^2} = 0$

તૈયાર થશે.

જ્યાં $\sqrt{ax}\dot{-}\overline{y^2} = 0$ મેળવવા માટે $\sqrt{ax - y^2} = z$ મૂકો અને તે $ax - y^2 = z^2$ થશે અને પ્રમેયથી આ $a\dot{x} - 2\dot{y}y = 2z\dot{z}$

અથવા

એટલે કે $\dfrac{a\dot{x} - 2\dot{y}y}{2\sqrt{zx - y^2}} = \sqrt{ax}\dot{-}\overline{y^2}$

અને આથી

$3x^2\dot{x} - \dot{x}y2 - 2\dot{y}yx + \dfrac{aa(a\dot{x} - 2\dot{y}y)}{2\sqrt{ax - y^2}} = 0.$

19. અને આ ક્રિયાનું પુનરાવર્તન કરીને, તમે બીજા, ત્રીજા અને પછીનાં ફ્લક્સિઓનો મેળવવા આગળ વધો.

ધારો કે સુચવેલું સમીકરણ $\dot{z}y^3 - z^4 + a^4$ છે, અને પહેલી ક્રિયાથી

$\dot{z}y^3 + 3z\dot{y}y^2 - 4\dot{z}z^3 = 0$ થાય છે. બીજી ક્રિયાથી

$\ddot{z}y^3 + 6\dot{z}\dot{y}y^2 + 3z\ddot{y}y^2 + 6z\dot{y}^2y - 4\ddot{z}z^3 - 12z^2\dot{z}^2 = 0,$

અને ત્રીજી ક્રિયાથી

$\dddot{z}y^3 + 9\ddot{z}\dot{y}y^2 + 18\dot{z}\dot{y}^2y + 3z\dddot{y}y^2 + 18z\ddot{y}\dot{y}y + 6z\dot{y}^3$
$- 4\dddot{z}z^3 - 12\ddot{z}\dot{z}z^2 - 24z(\dot{z})^3 = 0$

ન્યુટને દ્વિપદી પ્રમેય અને ફ્લક્સિઓનો શોધીને બીજું કંઈ ન કર્યું હોત તો પણ દુનિયાના મહાન

વિજ્ઞાનિકોમાંના એક હોત જ !! ન્યુટને ભૌતિકશાસ્ત્રને આપેલો અમૂલ્ય ફાળો અને તેમનું શેષ જીવન જાણવાને યોગ્ય જ ગણાય.

આ લેખ નીચેનાં પુસ્તકોના આધારે લખાયેલો છે.


(1) Calinger, Ronald. Classics of Mathematics. Prentice Hall, 1995.

(2) Dunham, william. The Mathematical Universe. New york : John Wiley & Sons, 1994.



(નરસિંહજીના મંદિર પાસે, ઉવારસદ રોડ,
મુ.પો. શેરથા, જિ. ગાંધીનગર.
મો. ૯૪૨૮૦૧૯૦૪૨)


## સ્વસંસ્કારનું ભાન કરાવનાર લોકનાયક

ગુજરાતી પ્રજા માટે મણિલાલ નભુભાઈ દ્વિવેદી (૧૮૫૮-૧૮૯૮) વિપુલ અક્ષરવારસો મૂકી ગયા છે. સાહિત્યનાં લગભગ તમામ અંગોનું તેમણે સફળ ખેડાણ કરેલું છે. મણિલાલ કેવળ સાક્ષર નહોતા; લેખનકાર્ય દ્વારા પ્રજાને સ્વસંસ્કારનું ભાન કરાવનાર લોકનાયકની જવાબદારી પણ તેમણે બજાવી હતી. ગુજરાતી પ્રજાને પ્રાચીન ધર્મ અને સંસ્કૃતિ તરફ વાળનાર સાંસ્કારિક આંદોલનરૂપે તેમની સાક્ષરતા ગુજરાતભરમાં ફેલાઈ ગઈ હતી.

મણિલાલની આ સંસ્કારરક્ષક પ્રવૃત્તિનું મુખ્ય વાહન તેમનાં બે માસિક પત્રો 'પ્રિયંવદા' અને 'સુદર્શન' હતાં. તેમના અક્ષરજીવનના અર્કરૂપ ગણાતા ગદ્યલેખો લેખકના મૃત્યુ બાદ એક દાયકે ૧૯૦૯માં 'સુદર્શન ગ્રંથાવલિ'રૂપે સંગ્રહિત થઈને પ્રગટ થયેલા. મોટા કદનો ૧૧૦૦ જેટલાં પાનાંનો આ ગ્રંથ અપ્રાપ્ય થતાં તેમાંથી પસંદ કરેલા નિબંધોના બે સંગ્રહો ૧૯૪૮માં ગુજરાત વિદ્યાસભાએ પ્રસિદ્ધ કર્યા હતા. તે પણ આજે દુષ્પ્રાપ્ય છે. અહીં સ્વીકારેલી પૃષ્ઠમર્યાદામાં રહીને મણિલાલના પ્રતિનિધિરૂપ નિબંધોનો આ 'મણિલાલ દ્વિવેદી સંચય' રજૂ થાય છે. તેમાં, વડોદરા રાજ્યની કન્યાશાળાઓ માટે મણિલાલે તૈયાર કરેલા લઘુનિબંધોના સંગ્રહ 'બાળવિલાસ'માંથી પણ કેટલીક નમૂનારૂપ કૃતિઓ મૂકી છે.

વિદ્વત્તા, વિશાળ અનુભવ અને અવલોકનની સંપત્તિ મણિલાલ પાસે બહોળા પ્રમાણમાં છે. ઉચ્ચ વિચારસામગ્રી એ મણિલાલના નિબંધોનું મુખ્ય લક્ષણ છે. પ્રત્યેક મુદ્દાની ચર્ચાને વિશદ કરવા માટે તેઓ વચ્ચે વચ્ચે ઉચિત દૃષ્ટાંતો મૂકે છે. આને લીધે અઘરો વિષય પણ સુગ્રાહ્ય બને છે. મણિલાલનું ગદ્યપ્રભુત્વ અદ્ભુત છે. આટલી સાદી છતાં પ્રૌઢ, સરળ છતાં વિચારગર્ભ, ઉત્કટ છતાં સ્વસ્થ અને શાસ્ત્રીય છતાં સઘળા વિષયોને સુગ્રાહ્ય બનાવી દેતી સર્વભોગ્ય ગદ્યશૈલી ગુજરાતી ભાષાને મણિલાલે સૌપ્રથમ ઘડી આપી. ગુજરાતી ગદ્યના વિકાસમાં મણિલાલનો આ ફાળો અવિસ્મરણીય રહ્યો છે.

સમર્થ ગદ્યસ્વામી તરીકે ખ્યાતિ પામનાર મણિલાલે લેખનનો પ્રારંભ કવિતાથી કરેલો. મૅટ્રિકની પરીક્ષામાં પાસ થયા તે વર્ષે તેમણે 'શિક્ષાશતક' નામનો બોધક પદ્યખંડોનો સંગ્રહ પ્રગટ કરેલો. પણ પછી મણિલાલે કાવ્યસર્જનને પોતાની પ્રધાન સાહિત્યિક પ્રવૃત્તિ ગણી નહીં. છૂટક છૂટક કુલ ૫૫ કાવ્યો તેમણે લખ્યાં હતાં, જે 'આત્મનિમજ્જન' નામના એકમાત્ર સંગ્રહમાં સમાવિષ્ટ છે. મણિલાલનાં કાવ્યોમાં મોટી સંખ્યા જૂનાં ભજનો, લોકગીતો કે ગરબીઓના ઢાળમાં રચાયેલાં ગીતોની છે. સરળ, રસાળ અને સંગીતમય વાણીમાં ઉત્તમ વિચારસામગ્રી ભરીને મણિલાલ અર્વાચીન ગુજરાતી કવિતાને ઉન્નત તત્ત્વજ્ઞાનના પ્રદેશમાં વિહરાવે છે.

ધીરુભાઈ ઠાકર

# ગ્રંથસૌરભ

મણિભાઈ પ્રજાપતિ

શીર્ષક : **પરદેશે પાંગરતી ગુજરાતી પ્રતિભાઓ**
લેખક : ડૉ. મફતલાલ પટેલ, પ્રકાશક : અમદાવાદ : અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ (૩૫, ગુણાતીત નગર સોસાયટી, મેમનગર, અમદાવાદ-૫૪), ૨૦૧૨. ૩૭૮ પૃ. કિં. રૂ. ૪૦૦/-

સમીક્ષિત ગ્રંથ એ પ્રસ્તુત વિષય સંદર્ભેનો લેખકનો તૃતીય ગ્રંથ છે કે જેમાં ગુજરાતમાંથી વિદેશોમાં સવિશેષતઃ અમેરિકા, યુરોપ, આફ્રિકા વગેરેના દેશોમાં-સ્થાયી થયેલાઓ પૈકી પસંદગીના ૪૬ પ્રતિભાવંત ગુજરાતીઓનો (પ્રાયઃ પાટીદાર, બ્રાહ્મણ, વૈષ્ણવ, મુસ્લિમ વગેરે) સ-રસ, પ્રાણવાન અને અનેકવિધ દૃષ્ટિએ ઉપયોગી તેમજ પ્રેરણાદાયી પરિચય આપવામાં આવ્યો છે. અને તે પણ વિશ્વપ્રવાસી લેખકના વિદેશ પ્રવાસો દરમિયાન આ પ્રતિભાઓને રૂબરૂમાં મળીને પ્રાપ્ત કરેલ માહિતીના આધારે. પરિણામસ્વરૂપે ગ્રંથનું દસ્તાવેજી મૂલ્ય બરકરાર બની રહે છે. અહીં સમાવિષ્ટ વ્યક્તિઓ વ્યાપાર-ઉદ્યોગ, મેડિકલ, એન્જિનિયરિંગ, ફાર્માસ્યુટિકલ અને નેનો-ટૅકનોલૉજી સંશોધન, સાહિત્ય વગેરે ક્ષેત્રોની છે કે જેમણે વિદેશોમાં રાત-દિન જોયા સિવાય કઠોરતમ પરિશ્રમ કરીને પોતપોતાની પસંદગીનાં ક્ષેત્રોમાં ઉચ્ચતમ સિદ્ધિનાં શિખરો હાંસલ કર્યાં છે, આર્થિક રીતે સમૃદ્ધ થયા છે અને પોતાના વતનનું ઋણ ચૂકવવાની ભાવના સાથે શિક્ષણ, આરોગ્ય, જાહેર સુખાકારી વગેરે હેતુઓ સર ઉદારચિત્તે દાન આપ્યું છે. એક નોંધપાત્ર બાબત એ કે અહીં સમાવિષ્ટ પ્રતિભાઓ પૈકીની મોટા ભાગની વ્યક્તિઓએ સ્ટુડન્ટ વિઝાના આધારે અમેરિકા, ઇંગ્લેંડ વગેરે દેશોમાં પ્રવેશ મેળવીને જે તે વિદ્યાક્ષેત્રના અભ્યાસ દરમિયાન સખત મહેનત-મજૂરી કરીને પોતાનો અભ્યાસ પૂર્ણ કરવામાં સફળ નીવડ્યા હોવા છતાં ઘણાખરાંએ પોતાના અભ્યાસ ક્ષેત્રથી સાવ વિપરીત એવા મહત્તમ અર્થોપાર્જન કરતા ઉદ્યોગ-વ્યવસાય ક્ષેત્ર ઉપર પસંદગી ઉતારેલ છે અને તેમાં ભારે મોટી સફળતા પણ હાંસલ કરી છે. સાથે સાથે પોતાના જ અભ્યાસ ક્ષેત્રમાં રહીને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે કીર્તિ મેળવનાર પ્રતિભાઓ પૈકી નેનો ટૅકનોલૉજી અને કૃત્રિમ લોહીના સંશોધક ડૉ. ગોરધન પટેલ (મણુંદ, તા.જી. પાટણ), કૃષિ વૈજ્ઞાનિક ડૉ. ઈશ્વરભાઈ પટેલ (લાડોલ, તા. વિજાપુર), અસ્થમા, એલર્જી અને ઇમ્યુનોલોજીના વિશ્વના ખ્યાતિપ્રાપ્ત ડૉક્ટર પદ્મ શ્રી સુધીર પરીખ (નડિયાદ), અમેરિકામાં રાજકીય વગ ધરાવતા અને ભારતીય હિતોની સતત કાળજી લેતા ટેકનોક્રેટ શ્રી નિરંજન શાહ (પ્રતાપગઢ, જિ. પંચમહાલ), ટેકનોક્રેટ અને ગણપત યુનિવર્સિટી (ખેરવા, મહેસાણા)ના પ્રણેતા શ્રી ગણપતભાઈ પટેલ (ભુણાવ, તા. વિસનગર), ૩૦૦ કરોડથી વધુ દાન આપનાર ડૉ. કિરણ પટેલ અને શ્રીમતી ડૉ. પલ્લવી પટેલ (ભોટા ફોફલિયા) વગેરે વિશેષ ઉલ્લેખનીય છે.

અહીં પ્રત્યેક ચરિત્રનાયક સંબંધી યથાસંભવ વિગતપ્રચુર માહિતી જેમકે જન્મ વર્ષ, જન્મસ્થળ, વતન, કુટુંબની આર્થિક સ્થિતિ, ખેતીવાડી, કુટુંબ કયા ધર્મ અને સમ્પ્રદાય સાથે સંલગ્ન છે, માતા-પિતાનું શિક્ષણ, વતનના સ્થળે કે આસપાસના ગામે શિક્ષણની વ્યવસ્થા, ચરિત્ર નાયકે ક્યાંથી અને ક્યારે પ્રાથમિક-માધ્યમિક-ઉચ્ચશિક્ષણ મેળવ્યું, પારિવારિક ઉપલબ્ધિઓ – અગ્રણી વડવાઓ કે જેમણે આઝાદીના સંગ્રામમાં ભાગ લીધો હોય અથવા રાજકીય કે સામાજિક ક્ષેત્રે નોંધપાત્ર પ્રવૃત્તિઓ કરી હોય અને તેમનો નોકરી-વ્યવસાય વગેરે, મોસાળ તથા શ્વશુર પક્ષનો પરિચય, પત્નીનું શિક્ષણ, વિદેશગમનના પ્રેરણાદાતા કે કઈ પરિસ્થિતિમાં કયા હેતુસર અને ક્યારે વિદેશગમન થયું, કોણે મદદ કરી,

પોતાના ગામના કે અન્ય કોઈ સંબંધીઓ તેમની પૂર્વે વિદેશમાં સ્થાયી હોય તો તે, વિદેશમાં શિક્ષણ દરમિયાન વેઠેલ સંઘર્ષો, મેળવેલ આર્થિક સમૃદ્ધિ અને ઉપલબ્ધિઓ, વતનપ્રેમ અને દાનભાવના, વિદેશના જે શહેરમાં સ્થાયી થયા હોય તેનો પરિવેશ, ગુજરાતી મંડળો અને તેમની પ્રવૃત્તિઓ, ગુજરાતી પત્ર-પત્રિકાઓ, રાજકીય પ્રવૃત્તિઓ સાથે કોઈ જોડાયું હોય તો તેની વિગતો ઉદા. તરીકે ઇંગ્લેંડમાં પ્રથમ ગુજરાતી મહિલા મેયર લતા પટેલ વગેરે સંબંધી માહિતી વર્ણવેલ હોવાથી આ બધાં ચરિત્ર-ચિત્રણોના માધ્યમથી આપણને ગુજરાતની અને સવિશેષતઃ ઉત્તર ગુજરાતની ૨૦મી સદીની સમાજવ્યવસ્થા, શિક્ષણ, રાજકારણ, ધાર્મિક પ્રવૃત્તિઓ, આર્થિક સ્થિતિ, ખેતપેદાશો વગેરે સંબંધી ઐતિહાસિક સામગ્રીનો દસ્તાવેજી ખજાનો સુલભ થાય છે, જે વિવિધ ક્ષેત્રોના અભ્યાસીઓ ઉદા. તરીકે સમાજવિદ્યા, રાજકારણ, અર્થકારણ, સાહિત્ય વગેરે ક્ષેત્રો માટે અનેકવિધ રીતે ઉપકારક નીવડશે.

આ બધાં ચરિત્રચિત્રણો લેખકના અભિવ્યક્તિ સામર્થ્યના કારણે પ્રત્યેક ચરિત્ર તાજગી સાથે નોખું તરી આવે છે. કોઈ બે ચરિત્રોનાં સમાન વ્યવસાય કે પ્રવૃત્તિઓ હોવા છતાં ક્યાંય બીબાંઢાળ ચિત્રણ જોવા મળતું નથી. પ્રત્યેક ચરિત્રનો પ્રારંભ પણ નવી જ રીતે કર્યો છે, વળી પ્રસંગોપાત્ત ગુજરાતી ગઝલકારો ઉદા. તરીકે મરીઝ, રમણીક સોમેશ્વર, શેખાદમ આબુવાલા, ગની દહીંવાલા, મહેક ટંકારવી, સૈફ પાલનપુરી તથા નવોદિતો અને અજ્ઞાતકર્તાઓનાં મુક્તકો મૂકીને કથયિતવ્યને રસભીનું બનાવ્યું છે. લેખક એક નીવડેલ અધ્યાપક અને શિક્ષણકાર હોવાથી સ્વાભાવિક રીતે જ શૈક્ષણિક પ્રવૃત્તિઓની વિગતો યથાસંભવ વિસ્તારથી વર્ણવી છે, ઉદા. તરીકે વિદેશમાં સ્થાયી થયેલાઓનાં બાળકો ગુજરાતી ભાષા લખી-વાંચી-બોલી શકે છે કે કેમ ? બાળકો ગુજરાતી ભાષાથી સુપરિચિત રહે તે માટે કેવા પ્રયાસો હાથ ધરવામાં આવે છે, ચરિત્રનાયકો સ્વયં ગુજરાતી ભાષા-સાહિત્ય, ભારતીય સંસ્કૃતિ પ્રતિ કેવા ખ્યાલો ધરાવે છે તેની તથા પોતાના ઘરમાં ગુજરાતી કે અન્ય વિષયોનાં પુસ્તકો, સામયિકો રાખવામાં આવે છે કે કેમ તેની પણ વિગતો ચોક્સાઈથી વર્ણવી છે. ઉદા. તરીકે ડૉ. ગોરધનભાઈ પટેલના અંગત ગ્રંથાલયમાં એક લાખ ડૉલરથી અધિક કિંમતનાં પુસ્તકોનો સંગ્રહ છે અને પ્રતિ વર્ષ ૧૨ હજાર ડૉલરનાં જર્નલ્સ મંગાવે છે તેની ગર્વપૂર્વક નોંધ લીધી છે. આ સાથે ગ્રંથારંભેનાં ૮૦ પૃષ્ઠોમાં ૧. ગુજરાતીઓનું વિદેશની ભૂમિમાં પ્રયાણ, ૨. બ્રિટનમાં ગુજરાતીઓ, ૩. અમેરિકામાં ગુજરાતીઓ, ૪. ભારતીયોમાં કેન્દ્રસ્થાને : વિશ્વમાં ગુજરાતી સર્જકો અને ૫. અમેરિકામાં ગુજરાતી સર્જકોનાં પ્રકરણો હેઠળ અનેકવિધ ઐતિહાસિક સંસાધનોના સઘન અધ્યયનના આધારે સંશોધનક્ષમ માહિતી પૂરી પાડવામાં આવી છે. ગુજરાતીઓના વિદેશપ્રયાણ અને વિદેશો સાથેના ખંભાત અને અન્ય બંદરોથી થતા વ્યાપારની વિગતો ૧૨મી સદીના પ્રારંભથી સાધનિક પુરાવાઓ સાથે રજૂ કરી છે.

ઉલ્લેખનીય છે કે લેખકે આ પૂર્વે 'વિદેશોમાં પાટીદારો' અને ત્યાર બાદ 'પરદેશે પાંગરતી પાટીદાર પ્રતિભાઓ ભાગ-૧' (૨૦૦૬) એમ બે પુસ્તકો તૈયાર કર્યાં હતાં. ભાગ-૧માં ૬૨ પાટીદારો-પાટીદાર પરિવારોનો અને તે પણ સવિશેષતઃ ઉત્તર ગુજરાતના પાટીદારોનાં આર્ટ પેપર ઉપરના ફોટોગ્રાફ્સ સાથેનાં વિસ્તૃત ચરિત્રોનો સમાવેશ કર્યો છે. આ ઉપરાંત અહીં અમેરિકામાં પાટીદોરોનો પ્રવેશ, પાટીદારોની ખાસિયતો અને દુનિયામાં પાટીદારોનો વિસ્તાર અંતર્ગત વિદેશોમાં પાટીદાર મંડળો અને તેમની પ્રવૃત્તિઓ, કડવા-લેઉવા અને કચ્છી કડવા-લેઉવા પટેલો, સુરતી તથા મટિયા લેઉવા પટેલ, ભારતીય સમાજના વિવિધ દેશોમાં નિવાસ કરતા લોકોની આંકડાકીય માહિતી વગેરે વિશે અભ્યાસપ્રચૂર માહિતી આપી છે જે તેમની સ્વાધ્યાય નિષ્ઠાની પ્રતીતિકારક બની રહે છે.

નોંધવું રહ્યું કે તાજેતરનાં વર્ષોમાં કેન્દ્ર સરકાર અને યુનિવર્સિટીઓ દ્વારા ડાયસ્પોરિક સ્ટડીઝ ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે ત્યારે ડૉ. પટેલનો એકલવીર આ પ્રયાસ આ ક્ષેત્રના અભ્યાસીઓ-સંશોધકો માટે ઉપકારક તેમજ પ્રેરણાદાયી બની રહેશે, તેમજ વિદેશનિવાસી આપણાં ભાઈ-બહેનો અને આપણા વચ્ચે 'સેતુબંધ'ની ગરજ સારશે. અહીં સમાવિષ્ટ ચરિત્રનાયકોનાં પત્રવ્યવહારનાં ફોન, મોબાઈલ, ઈ-મેઈલ્સ સહિત વિદેશ અને ગુજરાતમાં મૂળ વતન સહિતનાં સરનામાંની સૂચિ આપવામાં આવી હોત તો

આ ક્ષેત્રના અભ્યાસીઓ ઉપરાંત અનેકવિધ હેતુઓ સર વિદેશ જતાં આપણાં ભાઈ-બહેનોને ઉપયોગી નીવડત. આ ત્રણેય ગ્રંથોમાં કડી સર્વ વિદ્યાલય પરિવારના – ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને દાતાઓ-ઘણા સભ્યો સમાવિષ્ટ છે, જેમાં વિશેષ ઉલ્લેખનીય છે સર્વ વિદ્યાલયના એમ્બેસેડર સ્વ. આર. કે. પટેલ (સરસાવ, તા. કડી), ડૉ. સી. કે. પટેલ (સરસાવ), સી. એમ. નર્સિંગ કૉલેજ, ગાંધીનગરના દાતા શ્રી મફતભાઈ પટેલ (ભાન્ડુ) શ્રી કાશીરામભાઈ પટેલ (પલાસર) વગેરે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાતનાં ગૌરવશિખરોને ઉજાગર કરનાર આ ગ્રંથત્રયીના સર્જક ડૉ. મફતલાલ પટેલ બહુમુખી પ્રતિભા સંપન્ન છે. તેઓશ્રી મનોવિજ્ઞાન વિષયના સેવાનિવૃત્ત અધ્યાપક હોવા ઉપરાંત હિંદીના વિદ્વાન તરીકે પણ ખ્યાતિપ્રાપ્ત છે. તાજેતરમાં તેમનો બે ખંડોમાં અભિવાદન ગ્રંથ ‘સમસામાયિક હિન્દી સાહિત્ય વિવિધ આયામ : ડૉ. મફતલાલ પટેલ અભિનંદન ગ્રંથ’ પ્રકાશિત થયેલ છે. આ ઉપરાંત ‘આનર્તના અલગારી સારસ્વત’ શીર્ષક હેઠળના ગ્રંથમાં ડૉ. પટેલના વ્યક્તિત્વ અને પ્રદાનની મુલવણી કરતા શતાધિક લેખો ગ્રંથસ્થ છે કે જે અગ્રણી સારસ્વતો દ્વારા લખાયેલા છે. તેમના વિવિધ વિષયક ૨૫થી અધિક ગ્રંથો પ્રકાશિત થયા છે. તેઓશ્રી છેલ્લાં કેટલાંક વર્ષોથી ‘અચલા’ શૈક્ષણિક માસિક પત્રિકાનું સંપાદન કરી રહ્યા છે. આ પૂર્વે તેઓશ્રી ‘ધરતી’, ‘મનોગત’ અને ‘હિંસાવિરોધ’ માસિકોના તંત્રી તરીકે પણ પ્રશસ્ય સેવાઓ આપી ચૂક્યા છે.

**મણિભાઈ પ્રજાપતિ**

*

**શીર્ષક : શિવસૂત્ર :**

પ્રવક્તા : મુનિ શ્રી ભાનુવિજયજી મહારાજ; સંકલન : મધુસૂદન કૃ. સોની, પ્રકાશક : સાગોડિયા (પાટણ) : સર્વ મંગલમ્ આશ્રમ, ૨૦૧૪, પૃષ્ઠ : ૩૬૮.

શિવસૂત્રોના રચયિતા ભગવાન શિવને માનવામાં આવે છે. એક કિંવદન્તિ અનુસાર ભગવાન શિવે તેમના આરાધક વસુગુપ્ત ( ૯મી સદી)ને સ્વપ્નમાં જણાવ્યું કે ‘દાછીગામની ઝાડીમાં એક મોટી શિલા ઉપર શિવસૂત્ર ઉત્કીર્ણ કરવામાં આવ્યાં છે, જેનું અધ્યયન કરીને શૈવદર્શનનો પ્રચાર - પ્રસાર કરવો.’ સવાર થતાં વસુગુપ્ત દ્વારા નિર્દેશિત ઝાડીમાં શોધ કરતાં શિલા મળી આવી. આજે પણ આ શિલા અસ્તિત્વમાં છે, જે શ્રીનગર (કાશ્મીર)માં શાલીમાર બાગની નજીકમાં આવેલ છે. એક અન્ય કિંવદન્તિ અનુસાર ભગવાન શિવે સ્વયં વસુગુપ્તને સ્વપ્નમાં આવીને આ સૂત્રો શિખવ્યાં હતાં. આ શૈવસૂત્રો કાશ્મીરી શીવદર્શન - કાશ્મીરી તાંત્રિક - આગમ પરંપરા - નો મૂળ આધાર ગ્રંથ છે. આ સૂત્રો ઉપર ક્ષેમરાજ (૧૦મી સદી) દ્વારા ‘વિમર્શિની’ ટીકા અને ભાસ્કર (૧૧મી સદી) દ્વારા વાર્તિક લખવામાં આવેલાં છે, જેના અંગ્રેજી - હિંદી અનુવાદો થયા છે. ગુજરાતી ભાષામાં પ્રસ્તુત સૂત્રોનો આ પૂર્વે કોઈ અનુવાદ તેમજ આટલું વિસ્તૃત ભાષ્ય થયાનું જ્ઞાત નથી. સંભવતઃ મુનિ શ્રી ભાનુવિજયજી મહારાજશ્રીનો આ પ્રથમ પ્રયાસ છે. મહારાજશ્રીએ આ ગ્રંથ વિશે ઇ.સ. ૧૯૭૫માં ચાતુર્માસ જ્ઞાનયજ્ઞ દરમ્યાન અને ત્યારબાદ ઘણા દિવસો સુધી પાટણમાં જાહેર પ્રવચનો આપ્યાં હતાં, જેને ગ્રંથ સ્વરૂપે પ્રસ્તુત કરવાનું શ્રેય મહારાજશ્રીની આધ્યાત્મિક પ્રવૃત્તિને એક સાધક તરીકે પોતાનું જીવનધ્યેય અપનાવનાર શ્રી મધુસૂદનભાઈ સોનીને જાય છે.

અહીં ગ્રંથસ્થ શિવસૂત્રોની સંખ્યા ૪૭ છે, જેનું શ્લોક પ્રમાણે મહારાજશ્રીના મતે ફક્ત ૧૧ શ્લોક જેટલું જ છે. ગ્રંથનો પ્રારંભ ચૈતન્ય આત્મા છે તેનાથી થાય છે અને તેનો અંત વિવિધ આવરણોથી વિમુક્ત થયેલો પુરુષ સ્વયં પરમાત્મા, શિવરૂપ થઈ જાય છે તેનાથી કરવામાં આવ્યો છે. અહીં મુખ્યતઃ આત્માનાં લક્ષણ તથા જીવાત્માનું સ્વરૂપ, જીવબંધનનું કારણ અને મુક્તિના ઉપાયો, સમાધિ, યોગી, કર્માત્મા જીવ, આરાધના માટે પ્રયાસોની આવશ્યકતા, સહજ સ્થિતિ, તૂર્યાનંદ સ્થિતિ વગેરે વિષયો સમાવિષ્ટ છે. આ બધાં સૂત્રો સામ્ભવોપાય પ્રકાશ, શાક્તોપાય પ્રકાશ અને આણવોપાય પ્રકાશ હેઠળ વિભાજિત કરવામાં આવ્યાં છે. જેમાં અનુક્રમે શિવસ્વરૂપના અનુભવના પ્રાદુર્ભાવ, શિવસ્વરૂપના અનુભવનું વર્ણન અને શિવસ્વરૂપના આનંદાનુભવનું વર્ણન કરવામાં આવ્યું છે. શૈવ દર્શનના અભ્યાસીઓ માટે આ ગ્રંથનું અધ્યયન અપરિહાર્ય બની રહે છે.

આ મુઠીભર સૂત્રોમાં જીવને શિવ બનાવવાનો અર્થાત્ પ્રત્યેક વ્યક્તિ માત્રમાં રહેલ ચૈતન્યબીજને પરમાત્મા બનાવવા માટેનો રાજમાર્ગ દર્શાવવામાં આવ્યો છે. આપણા દાર્શનિક ગ્રંથો – લક્ષણ ગ્રંથો ઉદા. તરીકે

બ્રહ્મસૂત્ર, વેદો, પાતંજલસૂત્રો, તંત્ર ગ્રંથો, પાણિની વ્યાકરણ, કાવ્યશાસ્ત્રીય ગ્રંથો વગેરે સૂત્રાત્મક સ્વરૂપમાં અને ગૂઢાર્થ ભાષા - શૈલીમાં રચાયેલા હોવાથી શાસ્ત્રકર્તાને કયો અર્થ અભિપ્રેત છે અથવા તેનો ખરો અર્થબોધ પામવા દિગ્ગજ પંડિતો જ્ઞાનસાગરમાં ગોતાં લગાવવા છતાં ઝાઝુ નિષ્પન્ન કરી શકતા નથી અથવા પોતાની સામ્પ્રદાયિક માન્યતા અનુસાર અર્થઘટનો કરી સંતુષ્ટિ અનુભવતા હોય છે ત્યાં સામાન્ય જિજ્ઞાસુઓ માટે આવા ગ્રંથોનું રસપાન પ્રાયઃ આકાશકુસુમવત સમાન નીવડે છે. આ કડવી વાસ્તવિકતાને ધ્યાને લઈને મહારાજશ્રીએ આ 'શિવસૂત્ર'નું હાર્દ જન-જન સુધી પહોંચાડવાના હેતુસર સુબોધ અને પ્રવાહી ભાષા-શૈલીમાં મૌલિક ભાષ્ય પ્રસ્તુત કર્યું છે. અહીં પ્રત્યેક શિવસૂત્રનો મૂળપાઠ - સંસ્કૃત ભાષા અને દેવનાગરી લિપિમાં - અને તેનો ગુજરાતી ભાષામાં અનુવાદ આપ્યા બાદ તેનું હાર્દ જિવાતા જીવનમાંથી અનેકવિધ ઉદાહરણો આપીને વિસ્તારથી સમજાવ્યું છે અને તે પણ પ્રસંગોપાત્ત અન્ય દર્શનો જેમ કે હિંદુ, બૌદ્ધ, જૈન, શીખ, ઈસ્લામ, ઈસાઈ વગેરેમાં જે તે સૂત્રના હાર્દ સંદર્ભે કેવું સામ્ય પ્રવર્તે છે તે પણ વિવિધ દાર્શનિકો - સંતો - વિચારકોનાં વિચાર મૌક્તિકો ટાંકીને સાધાર. પરિણામસ્વરૂપે આ ભાષ્ય સાંપ્રદાયિકતાથી પર ઉઠીને કોઈપણ સંપ્રદાયની વ્યક્તિ માટે અમૃતકુંભ સમાન બની મહોરી રહ્યું છે. આ બધાં અર્થગંભીર સૂત્રોનાં રહસ્યોદ્‌ઘાટનમાં મહારાજશ્રીનાં ગહન તથા વ્યાપક અધ્યયન - મનન - ચિંતન અને તેમના પ્રખર પ્રજ્ઞાસંપન્ન વિદ્યાસુરભિત વ્યક્તિત્વનાં દર્શન થાય છે. આ ભાષ્ય - વિવરણમાંથી સાધ્વી પ્રિયદર્શનાશ્રીજી અને શ્રી કનુભાઈ રાવલે સ્વતંત્ર રીતે શબ્દશઃ તારવેલમાં કેટલાંક વિચારમૌક્તિકો 'શિવસૂત્ર'નું હાર્દ સમજવામાં ઉપયોગી નીવડશે - આ ભાષ્યનું સાંગોપાંગ અધ્યયન કરવા માટે ઉદ્દીપનનું કાર્ય કરશે. મહારાજશ્રીનાં કેટલાંક વિધાનો સૂક્તિરત્નો સમાન છે, જેમ કે 'ચેતનાની અપૂર્ણ અભિવ્યક્તિ એટલે સંસાર', 'જાગૃત અવસ્થા ધર્મ આનંદ', 'અજાગૃત અવસ્થા કર્મ દુઃખ', 'કર્મકાંડ જડતાપૂર્વકની માત્ર પુનરાવૃત્તિ', 'અંદરની સાધના તે ધ્યાન' વગેરે.

ઉલ્લેખનીય છે કે પ્રસ્તુત ગ્રંથના સર્જક - શિવસૂત્રના ભાષ્યકાર મુનિપ્રવર શ્રી ભાનુવિજયજી મહારાજ સાહેબનો જન્મ પુનામાં જૈન કુટુંબમાં ઈ.સ, ૧૯૩૧માં થયો હતો. ૧૨ વર્ષની વયે માતા-પિતાની સાથે ન્યાયશાસ્ત્ર, જૈન ધર્મશાસ્ત્રો તથા વિવિધ દર્શનોનો ગહન અભ્યાસ કર્યો અને ફક્ત ૧૭ વર્ષની વયે જાહેર પ્રવચનોમાં તેમની નવોન્મેષશાલિની પ્રજ્ઞાનાં દર્શન થતાં 'બાલમુનિ' તરીકે ખ્યાતિપ્રાપ્ત થયા. જૈન પરંપરામાં તેમનો દૃષ્ટિકોણ અનેકાન્તવાદના પાયા પર હોવાથી સમયાન્તરે તેઓશ્રી સાંપ્રદાયિક સંકુચિતતાથી વિમુક્ત થયા અને નરસિંહ મહેતા તથા મહાત્મા ગાંધીને અભિપ્રેત એવા 'પરમ વૈષ્ણવ'ના ઉપાસક બન્યા. વર્ષ ૧૯૬૬માં સાગોડિયા (પાટણ)માં સર્વમંગલમ્‌ના પુનિત હેતુઓ સાથે 'સર્વમંગલમ્ આશ્રમ'ની સ્થાપના કરીને આશ્રમના માધ્યમથી શિક્ષણ અને સમાજસેવાની અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવા ઉપરાંત જમસમાજને પ્રત્યેક ચાતુર્માસ દરમ્યાન અને પ્રતિ રવિવારે ધર્મ અને દર્શનશાસ્ત્ર સંબંધી અનેકવિધ વિષયો ઉપર જ્ઞાનયજ્ઞ દ્વારા પ્રબોધન કરી રહ્યા છે. આ ઉપરાંત ગુજરાતનાં વિવિધ શહેરો તથા મુંબઈ, બેંગ્લોર, ઉજ્જૈન, ભોપાલ, શિવપુર, શાજાપુર વગેરે સ્થળોએ જઈને પોતાના જ્ઞાનનો લાભ આપેલ છે. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યએ પ્રારંભેલ જ્ઞાનયજ્ઞને તેમની જ તપોભૂમિમાં પૂ. ગુરુજી ખરા અર્થમાં વહન કરી રહ્યા છે. પ્રસ્તુત ગ્રંથએ તેમનો ૩૮મો ગ્રંથ છે. આ પૂર્વે તેમના 'પાતંજલ યોગસૂત્રો', 'ભગવગીતાનો 'ભક્તિયોગ' તથા 'કર્મયોગ', 'નારદભક્તિસૂત્ર', 'રામાયણમાં ભારતીય સંસ્કૃતિ', 'ઈશાવાસ્ય ઉપનિષદ', ઉત્તરાધ્યનસૂત્ર', 'ચૈતન્યયાત્રા-૩ ભાગ', 'ભાગવતનો સંદેશ' વગેરે ગ્રંથો પ્રકાશિત થયા છે. આ બધા ગ્રંથો ગુરુજીએ પાટણમાં ચાતુર્માસ દરમિયાન અને પ્રત્યેક રવિવારે આપેલાં પ્રવચનોની નીપજ છે. ગુરુજીનાં પ્રવચનોની નોંધો સેવા - ભાવનાના સ્વરૂપે ઈ.સ. ૧૯૭૩થી શ્રી મધુસૂદન કૃ. સોની દ્વારા કરવામાં આવી રહી છે. તેમનો આ ૧૫મો સંકલિત ગ્રંથ છે. મહર્ષિ વેદવ્યાસના ગણેશની જેમ તેઓશ્રીની આ સેવા સ્તુત્ય અને સરાહનીય છે. મહારાજશ્રીનો પ્રત્યેક શબ્દ તેની ભાવાભિવ્યક્તિ સાથે સમજી - વિચારીને નોંધીને જે ગ્રંથસ્વરૂપ આપ્યું છે તેમાં તેમની અસાધારણ પ્રપત્તિભાવના અને પ્રતિભાનાં દર્શન થાય છે. આ સમાજ આવા 'પ્રજ્ઞાવાન ગણેશો'થી હર્યોભર્યો રહે તે જ અભ્યર્થના.

**મણિભાઈ પ્રજાપતિ**

# સંસ્થા સમાચાર

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### ૧૦૯૧ સેવા અંગે જાગૃતિ

* એ. એ. પટેલ કોમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા તા. ૯-૧૦-૧૪ના રોજ નાથીબા હૉલ ખાતે સરકારની ૧૦૯૧ની સેવા જાગૃતિ અંગેનો કાર્યક્રમ યોજાઈ ગયો, જેમાં કૉલેજના ૪૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ સદર સેવાની માહિતી અને જાગૃતિ કેળવી હતી. આ સેવા માત્ર સ્વબચાવ અર્થે જ નહીં પરંતુ અન્ય જરૂરતમંદોને વિદ્યાર્થીઓ કેવી રીતે મદદરૂપ નીવડી શકે તે અંગે પણ રસપ્રદ માહિતી આપવામાં આવી હતી. સદર કાર્યક્રમનું આયોજન તથા સંચાલન પ્રો. નીના ગણેશન અને પ્રો. માધુરી બોસમીયાએ કર્યું હતું. ૧૦૯૧ની સેવાની માહિતી આપવા વિષય નિષ્ણાત તરીકે શ્રી મેઘા ગજ્જર અને શ્રી હિતેષ પટેલ હાજર રહ્યાં હતાં.

### એન.એસ.એસ. ઍવૉર્ડ

* કે. બી. ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ, ગાંધીનગરના પ્રિન્સિપાલ ડૉ. ગૌરાંગ બી. શાહ તથા એન.એસ.એસ. યુનિટના પ્રોગ્રામ ઑફિસર અને પ્રા. ડૉ. દિવ્યેશ એચ. શાસ્ત્રીના માર્ગદર્શન હેઠળ એન.એન.એસ. યુનિટ દ્વારા હાથ ધરવામાં આવતી બ્લડ ડોનેશન, થેલેસેમિયા અભિયાન અવેરનેસ, વૃક્ષારોપણ, સાક્ષરતા વગેરે જેવી વિવિધ સામાજિક પ્રવૃત્તિઓમાં સર્વશ્રેષ્ઠ યોગદાન બદલ કુમારી મિરલ પટેલને રાષ્ટ્રીય યુવા અને ખેલ મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૧૩-૧૪ માટેનો ઇન્દિરા ગાંધી એન.એસ.એસ. ઍવૉર્ડ મહામહિમ રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખર્જીના હસ્તે તા. ૧૯-૧૧-૨૦૧૪ના રોજ રાષ્ટ્રપતિ ભવન ખાતે એનાયત કરવામાં આવ્યો. રાષ્ટ્રીય કક્ષાની આવી વિરલ સિદ્ધિ બદલ કડી યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલે કુ. મિરલ પટેલને રૂ. ૫૦૦૦/-ના ઇનામથી સન્માનિત કરી અભિનંદન પાઠવ્યા.

### પીએચ.ડી.

* કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર દ્વારા નીચે દર્શાવેલા વિદ્યાર્થીઓને તેમના નામ સામે જણાવેલ શોધ-પ્રબંધ સ્વીકારીને તેમને Ph.D.ની ડિગ્રી એનાયત કરવામાં આવી.

**1. Chemistry**

1. Gupta, Ajay Kumar : "Application of Liquid Chromatography-Tandem Mass Spectrometry (Lc-Ms/Ms) for the Quantitation of Anti-Viral Drugs in Biological Fluids for Bioequivalence Studies"/Subject : Chemistry/Guide : Dr. Mallika Sanyal
2. Parekh, Sunilkumar Punambhai : "Studies in Corrosion of Some Metals by Different Environmental Conditions in Ahmedabad"/Subject : Chemistry/ Guide : Dr. Ajit V. Pandya

**2. Education**

3. Malek, Praveenbanu Mahebubmiya : "Impact of Social Problems on, Scholastic Achievement of Girls of Minority Secondary Schools of Gujarat State"/Subject : Education/Guide : Dr. Ashwinkumar D. Shah
4. Naidu, Chanda Sheshachalam : "Development and Effectiveness of Multimedia Package to Teach English Grammar"/Subject : Education/Guide : Dr. Ashutosh Biswal

5. Pal, Narendrakumar Shreeram : "A Study of Personality, Adjustment and Scholastic Achievement of Physically Disabled Students"/Subject : Education/Guide : Dr. M. L. Joshi
6. Patel, Hasmukhlal Bhailalbhai : "A Comparative Study of the Interest Areas of the High School Students in the Context of some Socio-Psyco Variables"/Subject : Education/Guide : Dr. Veenaben Patel

**3. Economics**

7. Desai, Mona Asit : "Structural Changes After New Economics Reforms in Agricultural Sector and its Contribution to the Gujarat Economy"/ Subject : Economics/Guide : Dr. Jayendra J. Bhatt
8. Vala, Jivabhai Sarmanbhai : "Socio-Economic Status of Producers of Sugar Co-Operative Societies-With Special Reference to Saurashtra Region in Gujarat"/Subject : Economics/Guide : Dr. Jayendra J. Bhatt

**4. Electronics & Communication**

9. Shah, Devangkumar Umakat : "Integrating a Whole Wavelet Based Image Compression System on FPGA"/ Subject : Electronics & Communication/ Guide : Dr. C. H. Vithalani

**5. Management**

10. Patel, Sweta Vrajlal : "Studying Relation Between Core Values of Business Ethics&Employee Turnover in Selected Organization in India"/Subject : Management/Guide : Dr. S. O. Junare
11. Prajapati, Kalpeshkumar Prabhudas : "Micro Finance and its Socio-Economic Impacts on Women Self Help Group Members : An indepth Study of Selected WSHGs, Operating in North Gujarat (India)"/Subject : Management/ Guide : Dr. Babulal Ambaram Prajapati
12. Rola, Rinki Sudhirkumar : "An Indepth Study of Green Supply Chain Management (Gscm) Practices in Selected Chemical Industries in Gujarat"/Subject : Management/Guide : Dr. S. O. Junare

**6. Pharmaceutical Science**

13. Darji, Vinaykumar Chhanalal : "Effect of Holarrhena Antidysenterica and Polyherbal Formulations in Di Nitro Benzene Sulfonic Acid (DNBS) Induced Inflammantory Bowel Disease (IBD) in Rats"/Subject : Pharmaceutical Science/ Guide : Dr. Shrikalp Deshpande
14. Movaliya, Vinit Ravjibhai : "Pharma-cognostical Studies and Nephro-protective Screening of Roots of Areva Javanica"/Subject : Pharmaceutical Science/Guide : Dr. Shrikalp Deshpande

**7. Psychology**

15. Desai, Bhikhabhai Vashrambhai : "A Study of The Mental Hygine, Adjustment and Achievement Motivation of the Students of Arts and Commerce of University"/Subject : Psychology/Guide : Dr. Anant M. Vasani

## વક્તૃત્વ સ્પર્ધા

* ફેકલ્ટી ઑફ એજ્યુકેશન (KSV) ગાંધીનગર અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના સંયુક્ત

ઉપક્રમે 'મારો પ્રિય સાહિત્યકાર શ્રી ઝવેરચંદ મેઘાણી' વિષય પર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન તા. ૧૭-૧૦-૨૦૧૪ના રોજ કરવામાં આવ્યું હતું, જેમાં વિવિધ શાળા/કૉલેજોમાંથી વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ ઉત્સાહભેર ભાગ લઈને શ્રી ઝવેરચંદ મેઘાણીની નવલકથાઓ, વાર્તાઓ, કાવ્યો અને લોકસાહિત્યક્ષેત્રે કરેલા પ્રદાન વગેરે વિશે વક્તવ્યો રજૂ કર્યાં હતાં. જેમાં લિંબાચિયા આશા (પત્રકારત્વ વિભાગ) અને પટેલ અંજલિ પ્રથમ સ્થાને (એ. એ. પટેલ કોમર્સ કૉલેજ), અને શિવાની પટેલ (નર્સિંગ કૉલેજ) દ્વિતીય સ્થાને વિજેતા થયાં હતાં. કાર્યક્રમના અંતે પ્રા. નરેન્દ્રભાઈ નાયીએ આભારવિધિ કરી હતી.

## શૈક્ષણિક મુલાકાત

* પત્રકારત્વ વિભાગના વિદ્યાર્થીઓ તેમના અભ્યાસક્રમ અને વ્યવહારુક્ષેત્રમાં જાણકારી મેળવે તે હેતુસર વિવિધ મુલાકાતોનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૧૨-૧૧-૨૦૧૪ના રોજ અધિક કલેક્ટરશ્રી રમેશભાઈ મેરજા સાથે સ્ટેમ્પ ભવન, સેક્ટર-૧૪, ગાંધીનગર ખાતે વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં તેમણે પત્રકારત્વના જીવનમાં સરકાર અને સમૂહ સંચારની મહત્ત્વપૂર્ણ ભૂમિકા અને તેની અસર વિશે ચર્ચા કરી હતી. તા. ૧૭-૧૧-૧૪ના રોજ જૂના સચિવાલયમાં સ્થિત માહિતી ખાતાની મુલાકાત દરિયાન માહિતી સહાયક નિયામકશ્રી હિરેનભાઈ ભટ્ટે તથા સમાચાર વિભાગના નિયામક શ્રી જી. આર. સંગાડાએ પોતાના વિભાગોની કામગીરી માટેની માહિતી પૂરી પાડી હતી. તા. ૨૪-૧૧-૧૪ના રોજ માહિતી ખાતા દ્વારા પ્રકાશિત કરવામાં આવતા 'ગુજરાત' સામયિકના સહસંપાદક શ્રી પલ્લવભાઈ પટેલ સાથેની મુલાકાતમાં તેમણે સામયિકમાં પ્રગટ થતા સમાચારો, લેખોને કેવી રીતે આલેખવા વગેરે વિશે વિસ્તારથી સમજાવ્યું હતું. આ ઉપરાંત આ ખાતા દ્વારા અંગ્રેજીમાં પ્રગટ થતા 'ધ ગુજરાત' સામયિકના કાર્યાલયની તા. ૧-૧૨-૧૪ના રોજ મુલાકાત દરમિયાન તેના સામયિક ડિઝાઈન વિભાગ, કમ્પ્યૂટર વિભાગ, સંપાદન વિભાગ વગેરેની માહિતી મેળવી હતી. તા. ૮-૧૨-૧૪ના રોજ જાહેરાત વિભાગના ડેપ્યુટી ડાયરેક્ટરશ્રી પંકજભાઈ મોદીની મુલાકાત સમયે તેમણે માહિતી ખાતા દ્વારા પ્રકાશિત થતી સરકારી જાહેરાતો તથા તેના વિતરણની કામગીરી વિશેની વિસ્તારથી સમજૂતી આપી હતી. તા. ૯-૧૨-૧૪ના રોજ પ્રાદેશિક માહિતી કચેરી, અમદાવાદ અને જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'ગતિશીલ ગુજરાત અને સાંપ્રત પત્રકારત્વ' વિષયક સેમિનારમાં પણ વિદ્યાર્થીઓની સાથે શ્રી મિતેશ મોદી પણ ઉપસ્થિત રહ્યા હતા.

# શાળા વિભાગ

## આબુ ટ્રેકિંગ

* શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગર દ્વારા આબુ ટ્રેકિંગનું આયોજન તા. ૧૮ થી ૨૧-૧૦-૧૪ દરમિયાન કરવામાં આવતાં તેમાં ૩૨ વિદ્યાર્થીઓ તથા આચાર્ય સહિત ત્રણ શિક્ષકો જોડાયા હતા. વિદ્યાર્થીઓએ ડબલ રોપ, જીપ લાઈન, પર્વત પર ચઢવાના અનુભવો, વિવિધ પક્ષીઓ તથા વનસ્પતિનો અભ્યાસ કર્યો હતો.

## એડવેન્ચર કેમ્પ

* સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ક્રિએટીવ ઝોન અને રોક ઝોન એડવેન્ચરના સંયુક્ત ઉપક્રમે તા. ૨ થી ૫-૧૧-૧૪ સુધી માઉન્ટ આબુ ખાતે એડવેન્ચર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, જેમાં શેઠ સી. એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરના ૩૨ વિદ્યાર્થીઓ અને શાળાના આચાર્ય સહિત ત્રણ શિક્ષકોએ અને શ્રીમતી આર. સી. પટેલ હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરના ૫૩ વિદ્યાર્થીઓ તથા આચાર્યશ્રી અને ૧૧ શિક્ષકોએ ભાગ લીધો હતો. આ કેમ્પસમાં 1. Double Rope Crossing, 2. Rappelling, 3. Zip line, 4. Rock climbing and 5. Tracking. જેવી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓને કરાવીને તમામ વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને આ પ્રવૃત્તિમાં સાંકળવામાં આવ્યાં હતાં.

## કલા-પ્રદર્શન

* તા. ૨૧-૧૧-૧૪ના રોજ કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર શાખાની તમામ શાળાઓમાં

કલાપ્રદર્શનની ઉજવણી અંતર્ગત શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળાની અને શ્રીમતી એસ. વી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળાની ધોરણ ૯થી ૧૧ની તમામ વિદ્યાર્થિનીઓએ વર્ગસુશોભન, રંગોળી, મહેંદી હરીફાઈ, પ્રોજેક્ટ પ્રદર્શન, વિજ્ઞાનનાં મોડેલ, રમતગમતનાં સાધનો, પાણી બચાવો પ્રોજેક્ટ, ભારતની સ્થાપત્ય કલા – તાજમહેલ, વેસ્ટમાંથી બેસ્ટ પોસ્ટકાર્ડનો ઉપયોગ કરી દિવાળી ગ્રીટીંગ્સકાર્ડ, જુદા જુદા બેઝ પર ડિઝાઈન વર્ક, હસ્તકલા પ્રદર્શન ફ્લાવર પોટ, પેનસ્ટૅન્ડ, ઝુમ્મર, તોરણ દ્વારા વર્ગસુશોભન, ગ્રામ્ય સંસ્કૃતિની ઝાંખી દર્શાવતું ગ્રામ્યજીવન, ગ્રામ સુવિધા અંગેનાં મોડેલ અંતર્ગત શાળા, આરોગ્ય કેન્દ્રો, પુસ્તકાલય, ખેડૂત પરિવાર, પરંપરાગત વસ્તુઓનું પ્રદર્શન, સર્વધર્મ સમભાવનાં પ્રતીકસ્વરૂપ વેશભૂષા, પર્યાવરણ બચાવો અંતર્ગત પોસ્ટર, કોમર્સમાં વાણિજ્ય વેપાર-પરંપરાગત પ્રાચીનથી આધુનિકતા તરફ મુનીમજી, કરિયાણું – મોબાઈલ, ઇન્ટરનેટ દ્વારા ઓનલાઈન ખરીદી – જાહેરાતનાં માધ્યમોનું પ્રદર્શન, રાજસ્થાની થીમ પર આધારિત જીવનદર્શન, સંગીતકલા, હસ્તકલાનાં આભૂષણો, વસ્ત્રો વગેરેનાં પ્રદર્શનનું આયોજન કર્યું હતું.

* બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓ વિકસે તથા વેસ્ટ વસ્તુમાંથી બેસ્ટ વસ્તુઓ કેવી રીતે બનાવી શકાય તે હેતુસર શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રા. શાળામાં ધો. ૩થી ૮ની વિદ્યાર્થિનીઓ દ્વારા કલા પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું, જેમાં ૧૦૦૦ જેટલા કલાત્મક નમૂના મૂકવામાં આવ્યા હતા.

* શાળાનાં બાળકો કલાપ્રવૃત્તિમાં રસ લેતા થાય તે માટે તા. ૨૧-૧૧-૧૪ના રોજ શ્રી જે. બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ તૈયાર કરેલ ચિત્રો, ક્રાફ્ટ તેમજ વિજ્ઞાન-કલાના સમન્વય ધરાવતા નમૂનાઓનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું, જેમાં ૧૨૦૦ વિદ્યાર્થીઓની કૃતિઓ રજૂ કરાઈ હતી.

* ઉપર્યુક્ત ત્રણેય પ્રદર્શનોની મુલાકાત મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલ, કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલ તથા એજ્યુકેશન વિભાગનાં ડીન શ્રીમતી ડૉ. વીણાબહેન પટેલ, ગુજરાત રાજ્ય સરકાર માહિતી ખાતાની નિવૃત્ત અધિકારી શ્રી હિમાંશુભાઈ પંડિત તથા વિવિધ સંસ્થાના આચાર્યશ્રીઓ, વિદ્યાર્થીઓ તથા વાલીઓએ લીધી હતી.

એસ. જી. ઇંગ્લિશ મિડિયમ પ્રાયમરી સ્કૂલમાં ધોરણ ૫થી ૮ માટે કેન્ડલ ડેકોરેશન અને ધોરણ ૧થી ૪ માટે ''ટ્રાફિક સિગ્નલ્સ''ની જાણકારી આપતો કાર્યક્રમ યોજાઈ ગયો, જેમાં આચાર્યશ્રી અને શિક્ષકોના માર્ગદર્શન હેઠળ ધોરણ ૫થી ૮ના વિદ્યાર્થીઓએ કેન્ડલ ડેકોરેશનમાં ભાગ લઈ પોતાની કલા શક્તિને અભિવ્યક્ત કરી હતી. આ ઉપરાંત ધોરણ ૧થી ૪ના બાળકો માટે ટ્રાફિકના જુદાં-જુદાં 'સિગ્નલ્સ'ની માહિતી આપતો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. બાળકોએ સુંદર અને કલાત્મક ચાટર્સ તૈયાર કર્યાં હતા.

## ચિત્રસ્પર્ધા

* નવનીત સ્કેચબુક ડ્રોઈંગ કોમ્પિટિશન-૨૦૧૪માં જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ગ્રૂપ-એમાં શ્રી જે. બી. પ્રાથમિક શાળાના જયસ્વાલ તન્મય અલ્પેશકુમાર (ધો. ૨/સી) એ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું. આ ચિત્ર રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદ થયેલ છે.

## ખેલ મહાકુંભ

* રાજ્ય સરકાર દ્વારા યોજાયેલ ખેલ મહાકુંભ અંતર્ગત વિવિધ રમતોમાં શ્રી જે. બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ નીચે દર્શાવેલ રમતોમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરી રાજ્યકક્ષાની સ્પર્ધાઓ માટે પસંદગી પામ્યા છે. ૮૦ મી. વિઘ્ન દોડ : પટેલ હેત વિક્રમભાઈ, લાંબીકૂદ : પટેલ યશ કમલેશભાઈ, ટેકવોન્ડો : પ્રજાપતિ કિશન ધીરજભાઈ, પટેલ કૃણાલ સતીશભાઈ અને રાજપૂત અભિરાજસિંહ હરેશકુમાર. પ્રજાપતિ કિશન ધીરજભાઈએ રાજ્યકક્ષાની સ્પર્ધામાં ગોલ્ડ મેડલ સાથે રૂ. ૧૦,૦૦૦/-નો પુરસ્કાર પ્રાપ્ત કર્યો છે.

* શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રા. શાળા, ગાંધીનગરની નીચેની વિદ્યાર્થિનીઓ 'ખેલ મહાકુંભ'માં વિજેતા બની. ખો-ખોની ટીમ તાલુકા અને જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમે વિજેતા; કબ્બડીની ટીમ તાલુકા કક્ષાએ વિજેતા; ૧૦૦ મીટર દોડમાં પટેલ આંચલ એ. જિલ્લા કક્ષાએ અને તાલુકા કક્ષાએ પ્રથમ; ૪૦૦ મીટરની

દોડમાં ગોહિલ મેઘલ વી. જિલ્લા કક્ષાએ પ્રથમ; ચેસ સ્પર્ધામાં ઝોન એમાં ભોપાણી પ્રિયા ડી. તથા ભાવસાર અનુશ્રી એસ. દ્વિતીય ક્રમે વિજેતા થયાં. આ વિદ્યાર્થિનીઓને પી.ટી. શિક્ષિકાઓ શ્રી દક્ષાબહેન અને શ્રી હંસાબહેને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

* તા. ૫ થી ૧૫-૧૦-૧૪ દરમિયાન ખેલ મહાકુંભમાં ઝોન અને જિલ્લા કક્ષાએ રમતોનું આયોજન થયેલ, જેમાં શ્રીમતી આર. સી. પટેલ હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરના વિદ્યાર્થીઓ જુદી-જુદી રમતો જેવી કે ખો-ખો, કબડ્ડી, રસ્સાખેંચ, યોગાસન, સ્કેટીંગ, સ્વિમિંગ, વૉલીબૉલ, એથ્લેટીક, ચેસ વગેરેમાં ભાગ લેતાં કેટલાક વિદ્યાર્થીઓ રાજ્ય કક્ષા માટે પસંદગી પામ્યા છે.

## પૂ. દાસકાકા રમતોત્સવ

* શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં સંસ્થાના આદ્ય સ્થાપક સ્વ. શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ (પૂજ્ય દાસકાકા) સ્મૃતિ શિયાળુ રમતોત્સવ અને બાલમહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલ તથા શ્રી શેઠ સી. એમ. હાઈસ્કૂલના આચાર્ય શ્રી બચુભાઈએ કેમ્પસમાં સ્થાપિત કરેલ પૂજ્ય દાસકાકાની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી આતસ જ્યોત પ્રગટાવી રમતોત્સવને ખુલ્લો મૂક્યો હતો. તા. ૧૦, ૧૧ અને ૧૨ ડિસેમ્બર, ૨૦૧૪ના દિવસોમાં યોજાયેલ આ મહોત્સવમાં વિદ્યાર્થીઓએ ત્રણ દિવસ માટે પોતાનાં કૌશલ્યો ખીલવ્યાં હતાં. વિવિધ રમતો ઉપરાંત રંગોળી, વક્તૃત્વ, ચિત્ર સ્પર્ધા, ગીત, એકપાત્રીય અભિનય, નિબંધ, વાર્તા, સુલેખન વગેરે સ્પર્ધાઓમાં લગભગ ૯૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સાથે સાથે શાળાના શિક્ષકો પણ ગોળાફેંક, મટકા દોડ વગેરે જેવી સ્પર્ધાઓમાં જોડાયા હતા.

* શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં પૂ. દાસકાકા શિયાળુ રમતોત્સવ અને બાલોત્સવની ઉજવણી અંતર્ગત રમતોત્સવમાં દોડ, લાંબીકૂદ, ગોળાફેંક, કોથળાદોડ, સ્લો સાઇકલ જેવી વિવિધ રમતો તથા બાલોત્સવમાં શ્રુત લેખન, વેશભૂષા નૃત્ય, એક પાત્રિય અભિનય. મહેંદી, વેસ્ટમાંથી બેસ્ટ જેવી સ્પર્ધાઓ યોજવામાં આવી.

* આર. એન. પટેલ પ્રાથમિક શાળા, ગાંધીનગર દ્વારા તા. ૧૧-૧૨-૨૦૧૪ના રોજ પૂજ્ય દાસકાકા સ્મૃતિ શિયાળુ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું. આ રમતોત્સવ મુખ્ય મહેમાન પ્રો. હરિશભાઈ પટેલ (નાથીબા આર્ટસ એન્ડ કોમર્સ મહિલા કૉલેજ) દ્વારા દીપ પ્રાગટ્ય કરી ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. તેમણે જીવનમાં રમતોનું મહત્ત્વ વિશે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ રમતોત્સવમાં જુદી જુદી રમતો જેમકે ૫૦ મીટર દોડ, યોગ સ્પર્ધા, લીંબુ ચમચી, સંગીત ખુરશી, દોડ, લાંબી કૂદ, દડા ફેંક, સ્ટેન્ડિંગ બ્રીડજમ્પ, દોડાદોડ, ફુગ્ગા ફોડ, સ્લો સાઇકલ જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી, જેમાં કુલ ૧૨૦ વિદ્યાર્થીઓ વિજેતા થયા હતા. આ પૈકી ૧થી ૩ નંબરના વિજેતા વિદ્યાર્થીઓને ઇનામ તથા પ્રમાણપત્ર આપી નવાજવામાં આવ્યા હતા. વ્યાયામવીર તરીકે પરમાર પંખિલ અમરતભાઈ (ધો. ૮/સી) અને વીરબાળા તરીકે બાની મમતા હરદાસભાઈ (ધો. ૮/બી)ને જાહેર કરવામાં આવ્યાં હતાં. 'બાલોત્સવ' અંતર્ગત ૭૨ વિદ્યાર્થીઓએ જુદી જુદી સ્પર્ધાઓ જેમકે નૃત્ય, એકપાત્રિય અભિનય, ભજન, ફેશન શો જેવી સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો.

## પોસ્ટ ઑફિસની મુલાકાત

* આર. એન. પટેલ પ્રાથમિક શાળા, ગાંધીનગરના ધોરણ-૩ અને ૪ના ૧૫૬ વિદ્યાર્થીઓએ તા. ૨૭-૧૧-૧૪ના રોજ તેમના વર્ગશિક્ષકો સાથે સેક્ટર-૧૬ની પોસ્ટ ઑફિસની મુલાકાત લીધી હતી. પોસ્ટ માસ્ટર શ્રી હિમાંશુભાઈ પ્રજાપતિએ પોસ્ટ ઑફિસની સ્થાપનાનો ઇતિહાસ, તેની ઉપયોગિતા તથા પોસ્ટકાર્ડ, કવર, મનીઓર્ડર, પાર્સલ વગેરે વિશે માહિતી આપી હતી.

## બાળદિન

* આર. એન. પટેલ પ્રાથમિક શાળા, ગાંધીનગર દ્વારા તા. ૧૪-૧૧-૧૪ના રોજ 'પંડિત જવાહરલાલ નહેરુ જન્મદિન' નિમિત્તે બાળદિનની ઉજવણી અંતર્ગત વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ જેમકે નહેરુચાચા તથા ઇન્દિરા ગાંધીનો એકપાત્રિય અભિનય, બાળગીતોનું ગાન વગેરે

હાથ ધરવામાં આવી હતી. આ ઉપરાંત સહ અભ્યાસિક શૈક્ષણિક પ્રવૃત્તિના ભાગ રૂપે ધોરણ-૬ના વિદ્યાર્થીઓને કેમ્પસમાં સ્થિત આર. એન. લલિત કલા અકાદમીમાં સંગીત સ્કૂલની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. આ પ્રસંગે શ્રી લોપાબહેન દ્વારા ડ્રમ, હાર્મોનિયમ, તાનપૂરો, ગિટાર, ખંજરી, વાંસળી, બેન્જો વગેરે સાધનોને ઓળખાવી તેને કેવી રીતે વગાડી શકાય તે સમજાવ્યું હતું અને હાર્મોનિયમની મદદથી સ-રસ પ્રાર્થના ગાઈ સંભળાવી હતી. શ્રી અર્ચનાબહેને સંગીતકારો લક્ષ્મીકાન્ત-પ્યારેલાલ, આર. ડી. બર્મન, હરીલાલ, એ.આર. રહેમાન, અનુ મલિક, શંકર-જયકિશન અને બપ્પી લહેરી વિશે જાણકારી આપી હતી.

* તા. ૨૯-૧૧-૧૪ના રોજ બ્રહ્માણી કૃપા હૉલ ખાતે શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રા. શાળા, ગાંધીનગર તથા જિલ્લા બાળ સુરક્ષા વિભાગના સંયુક્ત ઉપક્રમે બાળદિન ઉજવણી અંતર્ગત ‘‘ગુમ થતાં બાળકો સમાજનું ઉત્તરદાયિત્વ’’ વિષય પર એક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લાબાળ સુરક્ષા અધિકારી શ્રી સંજયભાઈ પટેલે ગુમ થતાં બાળકો માટે વાલીશ્રીઓ તથા સમાજ/શાળા શું કરી શકે તે અંગે પ્રેઝન્ટેશન રજૂ કરી વક્તવ્ય આપ્યું હતું, તેમજ શાળાનાં આચાર્યા શ્રી નીરૂબહેન પટેલે પણ પોતાના વિચારો રજૂ કર્યા હતા.

* તા. ૧૪-૧૧-૨૦૧૪ના રોજ શ્રીમતી કે. એ. પટેલ શિવહરી સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી અંગ્રેજી મીડિયમ શાળા, કડી દ્વારા બાળદિનની ઉજવણીના ભાગ રૂપે સંગીત ખુરશી તથા વન મિનિટ શોનું આયોજન કર્યું હતું. આ ઉપરાંત તા. ૨૩-૧૨-૧૪ના રોજ પ્રિ. પ્રાયમરી વિભાગમાં વેશભૂષા સ્પર્ધાનું આયોજન કરવામાં આવતાં હતું. જેમાં બાળકોએ વિવિધ વેશભૂષામાં સજ્જ થઈ પોતાના પાત્ર વિશે પરિચય આપ્યો હતો.

## બૅંકની મુલાકાત

* આર. એન. પટેલ પ્રાથમિક શાળા, ગાંધીનગરના ધોરણ-૮ના વિદ્યાર્થીઓને ગણિત વિષયના અભ્યાસક્રમના ભાગ તરીકે બૅંક વિશે અધ્યાપન કરાવવામાં આવતું હોવાથી ગણિત શિક્ષકો દ્વારા તા. ૧૪-૧૧-૧૪ તથા તા. ૧૯-૧૧-૧૪ના રોજ વિદ્યાર્થીઓને ગાંધીનગરના સેક્ટર-૨૩માં આવેલી શ્રી કાલુપુર કોમર્શિયલ કો.ઓ. બૅંક ની મુલાકાતે લઈ જવામા આવ્યા હતા. બૅંકના મૅનેજર શ્રી સંતોષભાઈ જે. પટેલ તથા બૅંક કર્મચારીઓએ બૅંકની વિવિધ કામગીરી વિશે વિસ્તારપૂર્વક માહિતી આપી હતી તદ્ઉપરાંત બૅંકના પટાંગણમાં વિદ્યાર્થીઓને બેસાડી ઉપાડ ચિઠ્ઠી, જમા પાવતી, પાસબૂક, ચેકબૂક, ATM કાર્ડ, ક્રેડિટ કાર્ડ, ડિમાન્ડ ડ્રાફ્ટ, સેફ ડિપોઝિટ વોલ્ટ અને ઇન્સ્યોરન્સ સેવા વિશેની માહિતી આપી હતી.

## માતૃસંમેલન

* શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ. વી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાંધીનગરમાં તા. ૩-૧૨-૧૪ના રોજ કે. બી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ, ગાંધીનગર તથા W.D.C. (Womens Development Cell)ના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થિનીઓ તથા માતાઓમાં જાગૃતિ લાવવા માટે ‘માતૃ શિબિર’નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં W.D.C.ના કોર્ડિનેટર તથા એજ્યુકેશન ફેકલ્ટીનાં ડીન શ્રીમતી ડૉ. વીણાબહેન પટેલ, જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના AEI ડૉ. નેન્સીબહેન ગુપ્તે, ફાર્મસી કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. ગૌરાંગભાઈ શાહ તથા આચાર્યા સુધાબહેન પટેલ મુખ્ય મહેમાનશ્રી તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે ફાર્મસી કૉલેજના વિદ્યાર્થીઓ શ્રી જીનલ પટેલ, જોલી પટેલ, નયન પટેલ ગામી તથા જય તબીયાર કે જેઓ તરુણીઓની સમસ્યાઓ પર રિસર્ચ કરે છે તેમણે વિડિયો પ્રેઝન્ટેશન દ્વારા માસિકચક્રનું અને તેનું કારણ, મહત્ત્વ, સમસ્યાઓ, સ્વચ્છતા વગેરે અંગે માહિતી પૂરી પાડી હતી, તેમજ સ્વચ્છતા અને આ સંબંધી જ્ઞાનના અભાવે સર્જાતી મુશ્કેલીઓ અને તેના ઉપાયો પણ સમજાવ્યા હતા. શાળાનાં આરોગ્ય સમિતિનાં કન્વીનર શ્રીમતી પ્રીતિબહેન શુક્લાએ આ સમયે સર્જાતી વિટામિન્સની ઊણપો સમજાવી શાળામાંથી અપાતી (ગવર્નમેન્ટ દ્વારા પૂરી પાડવામાં આવતી) આયર્નની ટેબલેટ્સ અંગેનું મહત્ત્વ સમજાવી તે રેગ્યુલર લેવા તથા પૌષ્ટિક આહાર

લેવા માટે માતાઓને તેમની દીકરીઓને પ્રોત્સાહિત કરવા અનુરોધ કર્યો હતો, તેમજ શાળામાં યોજવામાં આવતા મેડિકલ ચેકઅપ વગેરે અંગે પણ માહિતી પૂરી પાડી હતી. જિલ્લા શિક્ષણાધિકારી કચેરીનાં AEI ડૉ. નેન્સીબહેન ગુપ્તે તરુણીઓમાં આ ઉંમરે થતા શારીરિક ફેરફારો તથા તેનું મહત્ત્વ, સ્વસ્થ શારીરિક વિકાસ માટે જરૂરી પૌષ્ટિક આહાર તથા આયર્નની ટેબલેટ્સની જરૂરિયાત વિશે સમજાવ્યું હતું. કાર્યક્રમના અંતમાં શાળાનાં આચાર્યા શ્રી સુધાબહેને માતાઓને જાગૃત રહી દીકરીઓની મુશ્કેલીઓ સમજવા અને સમજાવવા તથા શાળામાં દીકરીઓના વિકાસ માટે થતા કાર્યક્રમો બાબતે જાગૃત રહી આવા સંમેલનોમાં ભાગ લેવા અંગે અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં શાળાના સુપરવાઇઝર શ્રી દિલહરબા જાડેજા, શ્રી ગીતાબહેન પટેલ, શાળાનાં મહિલા શિક્ષકો, માતાઓ અને ૧૬૭૦ વિદ્યાર્થિનીઓએ હાજરી આપી હતી.

## યુવા ઉત્સવ

* તા. ૨૩-૧૧-૨૦૧૪ ભિલોડા મુકામે પ્રદેશ કક્ષાનો યુવા ઉત્સવ ઊજવાઈ ગયો, જેમાં શ્રીમતી કે. એ. પટેલ શિવહરી સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી અંગ્રેજી મીડિયમ શાળા, કડીના ચિત્રશિક્ષક શ્રી ભરતભાઈ ઠાકરડાએ ચિત્રમાં પ્રથમ નંબર મેળવ્યો, જ્યારે સંગીત શિક્ષક શ્રી ગુંજનભાઈ વૈદ્યે હાર્મોનિયમમાં બીજો નંબર મેળવી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યા છે.

## રમતગમત

* શેઠ સી. એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરના વિદ્યાર્થી જાડેજા અજયરાજસિંહ પૂર્ણચંદ્રસિંહ (ધો. ૯-એ)ની અન્ડર ૧૭ ક્રિકેટમાં રાજ્યકક્ષાની ટીમમાં પસંદગી થતાં તા. ૧૨થી તા. ૧૬-૧૧-૧૪ સુધી ગ્વાલિયર (મધ્યપ્રદેશ) ખાતે રાષ્ટ્રીય કક્ષાની ક્રિકેટ ટીમમાં ભાગ લીધો.

* ભાવનગર ખાતે યોજાયેલ કરાટે સ્પર્ધામાં શ્રીમતી કે. એ. પટેલ શિવહરી સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી અંગ્રેજી મીડિયમ શાળા, કડીની વિદ્યાર્થિની પટેલ અર્ચનાએ ગોલ્ડ મેડલ મેળવેલ છે.

## રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ

* નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કૉંગ્રેસ પ્રેરિત અને નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર આયોજિત જિલ્લા કક્ષાના રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન સ્પર્ધાનું આયોજન શાંતિનિકેતન સ્કૂલ, સેક્ટર-૨૯ ખાતે તા. ૧૬-૧૦-૧૪ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ. વી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાંધીનગરની ધો. ૯ની વિદ્યાર્થિનીઓએ શ્રી ગણેશભાઈના માર્ગદર્શન હેઠળ સંશોધનાત્મક પ્રોજેક્ટ "પાક લીધા પછીની પ્રક્રિયાનો અભ્યાસ" વિષય પર રજૂ કર્યો હતો, જેની રજૂઆત ટીમ લીડર તરીકે ઓઝા ફીઝાએ કરી હતી. આ પ્રોજેક્ટ રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે પસંદ થયેલ છે.

## વાલીસભા

* આર. એન. પટેલ પ્રાથમિક શાળા, ગાંધીનગરના ધોરણ-૧ તથા ૨નાં બાળકોની વાલી મીટિંગ અનુક્રમે ૧ અને ૨ ડિસેમ્બરના રોજ રાખેલ, જેમાં બાળકોએ રજૂ કરેલ વિવિધ કૃતિઓ જેમકે એકપાત્રિય અભિનય, ગીત, નૃત્ય, વેશભૂષા વગેરે રજૂ કરી હતી. આ પ્રસંગે શાળાના આચાર્યશ્રી દશરથભાઈ પટેલે વાલીસભાનું મહત્ત્વ સમજાવીને વિવિધ પ્રવૃત્તિઓના આયોજન વિશે વાલીશ્રીઓ સાથે પરામર્શ કર્યો હતો.

## વિજ્ઞાન વર્કશોપ

* LDRP ઇંન્સ્ટિટ્યૂટ, ગાંધીનગર ખાતે શ્રીમતી એમ. બી. પટેલ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, સેક્ટર-૨૩ દ્વારા વિજ્ઞાન પ્રવાહની વિદ્યાર્થિનીઓ માટેના વર્કશોપનું આયોજન તા. ૨૯ અને ૩૦-૧૧-૧૪ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ. વી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાંધીનગરની ધોરણ-૧૧ વિજ્ઞાન-પ્રવાહની વિદ્યાર્થિની-ઓએ ભાગ લીધો હતો. તા. ૨૯-૧૧-૧૪ના રોજ ડૉ. રાજમલ જૈન, શ્રી દર્શન વ્યાસ અને શ્રી હરિઓમ વત્સની ઉપસ્થિતિમાં વર્કશોપનો પ્રારંભ થયો હતો. પ્રારંભમાં ડૉ. રાજમલ જૈને મૌસમ વિશે રસપ્રદ માહિતી આપી હતી. ત્યાર બાદ ડૉ. દર્શન વ્યાસે

ભૌતિકશાસ્ત્ર સંબંધી જુદા જુદા પ્રયોગો કરી બતાવ્યા હતા અને વ્યક્તિનું વજન સૂર્ય, ચંદ્ર વગેરે ગ્રહો પર કેટલું છે તે જાણવા માટેનું તેમણે બતાવેલુ સાધન સર્વેને આકર્ષણરૂપ લાગ્યું હતું. શ્રી હરિઓમ વત્સે સૂર્ય અને સૂર્યશક્તિ વિશે વક્તવ્ય આપ્યું હતું. તા. ૩૦-૧૧-૧૪ના રોજ ડૉ. ધનંજય રાવલે વિમાન અને હેલિકોપ્ટરની બનાવટ અને કાર્યપ્રલાણી, ડૉ. બી. કે. જૈને માનવશરીરમાં RNA, DNA વગેરેનું મહત્ત્વ, શ્રી અજય ગોરે ગણિતની વિવિધ પઝલ્સ, સ્વાધ્યાયો અને ગાણિતિક રમતો શીખવાડી હતી. કાર્યક્રમના અંતમાં KSVના પ્રોફેસર શર્માએ બાયોટૅકનોલૉજી અને તેની વિવિધ શાખાઓ વિશે માહિતી આપવા ઉપરાંત, બ્રહ્માંડની ઉત્પત્તિ તથા સૂક્ષ્મ જીવથી માંડીને માનવની ઉત્પત્તિ ક્યારે થઈ એ વિશે વિવિધ સ્લાઇડ તથા કમ્પ્યૂટરના આધારે રજૂઆત કરી હતી.

## સેવાકાર્ય

* શ્રીમતી આર. સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરના એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓએ અનોખો સેવાયજ્ઞ કરી સમાજમાં પ્રેરક ઉદાહરણ પૂરું પાડ્યું છે. ગાંધીનગર જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ રૂપાલમાં દર વર્ષે પલ્લીમેળો ભરાય છે, જેમાં દર્શનાર્થે આવનારા સેંકડો યાત્રાળુઓનાં પગરખાં ખોવાઈ જાય છે અથવા વેરવિખેર થઈ જાય છે. આવાં વેરવિખેર પડેલાં પગરખાં એકત્રિત કરી તેની બંધ બેસતી (સમાન) જોડ બનાવીને તેવાં પગરખાંને ફીનાઇલ વડે સાફ કરી જરુરિયાત મંદોને પહોંચાડવાનું સેવાકાર્ય એન.એન.એસ. પ્રોગ્રામ ઑફિસર શ્રી સંજય ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ ૫૦ જેટલા વિદ્યાર્થીઓએ કર્યું હતું. આ વિદ્યાર્થીઓએ ૨૪૦ જેટલાં પગરખાંની જોડ બનાવી સરગાસણ ખાતે આવેલ માનવસ્મૃતિ મંદિરમાં મંદબુદ્ધિનાં બાળકોને તથા પેથાપુર અને અક્ષરધામ ખાતે આવેલ ઝૂંપડપટ્ટીમાં આચાર્યશ્રી ચીનુભાઈ તથા શ્રી બચુભાઈના હસ્તે વિતરણ કરાવ્યું હતું. આ સેવાકાર્યમાં શિક્ષક શ્રી નીરજભાઈ અને શ્રી રાકેશભાઈનો પણ સહયોગ સાંપડ્યો હતો.

## શૈક્ષણિક પ્રવાસ

* શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ. વી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાંધીનગરની ધો. ૯, ૧૧ અને ૧૨ની સામાન્ય પ્રવાહની વિદ્યાર્થિનીઓ માટે તા. ૧૨થી ૧૫-૧૧-૨૦૧૪ દરમિયાન જેસલમેર, રણુંજા અને જોધપુરનો શૈક્ષણિક પ્રવાસ યોજવામાં આવ્યો હતો, જેમાં કુલ ૫૨ વિદ્યાર્થિનીઓ તેમજ ચાર શિક્ષકો જોડાયા હતા. આ ઉપરાંત તા. ૨૧થી ૨૩-૧૧-૧૪ દરમિયાન ધો. ૧૧ અને ૧૨ની વિજ્ઞાનપ્રવાહની વિદ્યાર્થિનીઓ માટે જેસલમેર, રણુંજા, પોખરણ અને જોધપુરના શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસમાં ૧૦૨ વિદ્યાર્થિનીઓ અને આઠ શિક્ષકો જોડાયા હતા.

## શૈક્ષણિક મુલાકાત


* આર. એન. પટેલ પ્રાથમિક શાળા, ગાંધીનગરના દ્વારા તા. ૧૦-૧૨-૨૦૧૪ના રોજ સહ અભ્યાસિક શૈક્ષણિક પ્રવૃત્તિના ભાગ રૂપે ધો. ૩થી ૫ના ૧૮૦ વિદ્યાર્થીઓને ઇન્દ્રોડા પાર્કની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ પર્યાવરણ સ્વચ્છતા, પક્ષી અને પ્રાણીઓની જાળવણી વિશેનું માર્ગદર્શન શ્રી હેમાબહેન સુથાર દ્વારા મેળવ્યું હતું, તેમજ પક્ષીજગતમાં રંગબેરંગી પક્ષીઓના અવાજનો આનંદ માણવા ઉપરાંત વન્ય પશુ-પક્ષીઓને પ્રત્યક્ષ જોવાનો લ્હાવો મેળવ્યો હતો.


સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર
**વર્ષ : ૪, અંક : ૬, નવેમ્બર-ડિસેંબર, ૨૦૧૪, સળંગ અંક : ૨૪**
સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**
પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૨૩૨૪ ૪૬૯૦**
ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**



સૌજન્ય :
Ashvin Mehta
'Gifts of Solitude'
Ahmedabad : Mapin Publishing Pvt. Ltd.,
1990માંથી સાભાર







ઇડરના ખડકોનો સૌંદર્યાલોક

ફોટો : અશ્વિન મહેતા

Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar
Year 4, Issue No. 6 November, December, 2014
Editor : Manibhai Prajapati
Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,
L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016
Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6



ઇડરના ખડકોનો સૌંદર્યાલોક    ફોટો : અશ્વિન મહેતા

